संसार सागरना तोफानी तरंगो अथवा दुर्गागौरी

दुःख दर्शक नाटक.

१८९८

TEMPESTUOUS WAVES OF THE WORLDLY OCEAN

OR

DURGA GAVRI'S ADVENTURES DESCRIBED.

A DRAMA

BY

BHANJI GOKUL PAREKH,

Head Master, Walla Anglo Vernacular School.

Ahmedabad.

Printed at Ahmedabad United Printing and General Agency Company "Limited" at Mama's Havely

BY

RANCHORLAL GANGARAM.

Registered under Act XXV of 1867.

A. D. 1878.

Price 1 *Rupee.*

संसार सागरना तोफानी तरंगो

अथवा

दुर्गागौरी दुःख दर्शक नाटक

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

ભાણજી ગોકુળ પારેખ-

હેડ માસ્તર વગા એંગ્લો વર્નાક્યુલર સ્કુલ.

અમદાવાદમાં

મામાની હવેલીમાં અમદાવાદ યુનાઇટેડ પ્રીંટીંગ અને જનરલ એજન્સી કંપની (લિમિટેડ) ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૩૪ ——— સન ૧૮૭૮

કીંમત રૂ૧)

આજમ મેહેરબાન બજીભાઈ વિ. મણીશંકર દીવાન

સંસ્થાન વળાના મુખ્ય કારભારી સાહેબ.

ને પરવાનગી મેળવી.

ઘણા માન સાથે આ લઘુ નીતિ ગ્રંથ અર્પણ કર્યો છે.

તેના આશાંકીત સેવક

ગ્રંથ કર્તાએ.

संसारसागरनां तोफानी तरंगो अथवा
दुरगागौरी दुःखदर्शक नाटक.

अंक १ लो.

પાત્ર.

કૈલાશગૌરી.......................નરહરલાલની સ્ત્રી.
દુરગાગૌરી ....નરહરલાલની દીકરી.
નરહરલાલ ....
ગદાધરદાસ ... .ગામનો સર્વોત્તમ અધિકારી.
વિજ્યાકુંવર ....ગદાધરદાસની સ્ત્રી.
ગળાકરદાસ ....એક દરબારી નોકર.
મોદીકદાસ ....એક પૌરજન (ગામનો રહેવાશી).
દયાનંદ ....એક પૌરજન (ગામનો રહેવાશી).

પ્રવેશ ૧ લો.

સ્થળ—મણીપુરમાં નરહરલાલનું ઘર.

કૈલાશગૌરી—બેટા, દુરગા; કાન ધરીને સાંભળ. તારા પીતાને હેડકીતો નથી ઉપડી કે. મને ધાસ્તી લાગેછે કે રખેને આ દુષ્ટ રોગ તેને પ્રાણઘાતક થઈ પડે નહિ. (દુરગા, કાન ધરેછે.)

દુરગાગૌરી—પ્રિયમાતા, હુંતો કાંઈ સાંભળતી નથી. એતો તારા કાનમાં ભણકારા વાગેછે. જે સમય તારે અમને દીલાસો આપ્યાનો, તે વખત તું પોતે હીંમત ખોઈ દે, ત્યારે મારૂં અંતઃકરણ કેમ કાયમ રહે?

કૈલાશગૌરી—પ્રિયપુત્રી, તું એમ ધારેછે કે આ રોગમાંથી તે આરોગ્ય થશે? નહિ, કદી નહિ, ખચીત માનજે કે આ વ્યાધી છેલીછે.

દુરગાગૌરી—જે ચીંતા આ વખત તારા હૃદયને દુઃખ કરેછે તેજ ચીંતા જો તને બહાવરી બનાવી દેશે તો મારી શી વલે થશે? તોપણ ધૈર્ય પકડ. પરમકૃપાળુ ઈશ્વરે આપણાપર દુરબળતા રૂપી દુઃખ નાંખેલું છે તેના બોજા તળે આપણે લગભગ કચરાઈ મરીએ છીએ તેજ ઈશ્વર જો આ સુખરૂપી કિરણ આપણી પાસેથી ખેંચી લઈ આપણને નિરાધાર કરશે તો આપણું જીવતર ઝેર થઈ પડશે. પણ પડ્યાપર પાટુ નાંખવાનો કદી તેનો ઈરાદો નથી.

કૈલાશગૌરી—મારી લાડકવાઈ છોકરી, આ દુનિયાંમાં જેટલાં તેં વર્ષો ગાળેલાં છે, તેના કરતાં મેં વધારે ગાળેલાં છે. તેં માત્ર પુસ્તકો વાંચી જ્ઞાન ભંડાર ભરેલો છે; પણ મને અનુભવપરથી ખાતરી થએલી છે કે આ જગતમાં માત્ર રંક અને નિરપરાધી જનોજ પીડાય છે. આપણી પાયરીના લોકોપરજ ઘણું કરીને પરમેશ્વરનો કોપ સદાકાળ જાગૃત રહેછે.

દુરગાગૌરી—મા, આ વખત એક વીચાર મારા મનમાં ઉઠેછે. મે સાંભળ્યું છે કે આંહીંના ડાકતરસાહેબ ઘણા કાબેલ અને દીર્ઘ દ્રષ્ટિવાળા માણસ છે. માટે મારા પિતાની તબીઅત તેમને બતાવી હોય તો તેમનું ઔષધ વખતે અસરકારક થઈ પડે.

કૈલાશગૌરી—વહાલી બેન, આ વિચાર તારા મનમાં તો હમણાંજ ઉઠ્યો હશે, પણ તે મારા મનમાં તો ક્યારનો ઘોળાયા કરેછે. તારૂં મન ન દુખાવવાના હેતુથી હું તે તારી પાસ ખુલો કરતી નથી. જો તેમની સહાયતા આપણે તારા પીતાની બિમારીના પ્રારંભમાંજ મેળવી હોત તો તેની તબીઅત આટલી બધી બગડી જાત નહિ. પણ એ વિચાર શું કામનો? મારી પ્યારી, આપણને ઈશ્વરે નિર્ધન સરજેલાં છે. તું જાણેછે કે ડાકતરને આપણે ત્યાં બોલાવતાં હરવખત ફી આપવી પડેછે; પણ હાય હાય, તારા બાપની બીમારીથી આપણે એટલી દુર્બળતામાં આવી પડ્યાં છીએ કે ફીતો શું પણ પેટ પુરણ અંન તેમજ પુરતી રીતે શરીર ઢાંકવાને વસ્ત્ર મળવાના પણ હાલમાં તો સાંસા પડવા લાગ્યા છે. અરે! આપણ જેવા કંગાળ સ્થિતીના માણસને આવો

જાતની ફીમાંથી મુક્ત કર્યા હોત તો કેવું સારૂં !

દુરગાગૌરી—આપણા ન્યાતી ભાઈ આ ગામના સર્વોત્કૃષ્ટ અધિકારી ગદાધરદાસભાઇને ત્યાંતો ડાકતરસાહેબ વારંવાર આવેછે. પણ ફીતો કોઈ દિવસ લેતા નથી.

કૈલાશગૌરી—એ ખરી વાત પણ એતો સર્વોપરી અધિકારી અને આપણેતો એક કંગાળ માણસ.

દુરગાગૌરી—આ ગામમાં જે રોગી હોય તેમને ઔષધ ઉપચારથી આરોગ્ય કરવા માટે આપણા દરબારસાહેબે ધાર્મિક ઔષધશાળા ઉઘાડેલી છે. તેમ છતાં પણ જે દરદીઓથી હાલી ચાલી શકાય યાતો જેમની ગાંઠે દ્રવ્ય હોય, તેમનાથીજ જો એનો લાભ લેઈ શકાય એમ હોય, તો તેમનું નામ ધર્મની ઔષધશાળા ફેરવી પૈસા લેઈ ઔષધ આપનારી ડીસ્પેનસરી પાડવું જોઇએ. દરરોજ દરેક અમલદારે પોતાની ફરજ ઓછામાં ઓછી છ કલાક બજાવવી જોઇએ તેને બદલે પુરા બે કલાક પણ ન બજાવે ને બારે રકમ દર મહીને તે જુરીમાંથી ખેંચી જાય એ દેખીતો અન્યાય નથી શું ?

કૈલાશગૌરી—વધારે આશ્ચર્યકારકતો એ છે કે આ ફી ડાકતરના ગજવામાંજ રહેછે.

દુરગાગૌરી—શું મા એમ છે ?

કૈલાશગૌરી—ખરેખર, પ્યારી પુત્રી એમજ છે.

દુરગાગૌરી—શું પગાર દરબારનો ખાય, ઔષધ દરબારનું વાપરે ને માત્ર ફેરાનીજ તે ફી લેઈ જાય અને છાંટીને ઘરમાં મૂકે ! કોઈ કુલીન સ્ત્રી યા કોઈ મરણની પથારીપર પડેલો માણસ જો કદાચ કંઈ તકસીરવાર થયો હોય તો આપણા ન્યાયાધિસ તેને ત્યાં ચાલીને જુબાની લેવા જાયછે. તેને પણ તેના પગાર સિવાય કંઈ ફી મળતી નથી, અને આ ડાકતરને મળે એતો ખચીત વાંધા લીધા જેવું છેઃ— વળી એક બીજો વિચાર મારા મગજમાં ઉત્પન્ન થાયછે.

ગદાધરદાસભાઈની સ્ત્રી વીજીઆકુંવર અતીશય પ્રીતિપાત્ર અને ઘુશીળ સ્વભાવનાં છે. તેમને ત્યાં હું જ્યારે જ્યારે જાઉં છું, ત્યારે

ત્યારે તે મને હસતે મોઢેથી બોલાવેછે. તેમનાપર જો તું મને એક ચીઠી લખી આપ, અને ગદાધરદાસભાઇને કહેતો આપણી ધારેલી મતલબ વગર ફીએ પાર પડે. હું જાણુંછું કે સત્તાધિશ અને શ્રીમંત માણસની ખુશામત કરવી એ નામોશી ભરેલું અને હિણપત લગાડનારૂં છે. તો પણ મારા પિતાની તબીઅત દુરસ્ત કરાવવામાં જે જે ઉપાયો જરૂરના છે, તે લેવામાં આપણે પશ્ચાત રહીશું તો એ વધારે નામોશી ભરેલું અને હિણપત લગાડનારૂં કહેવાશે શું?

કૈલાશગૌરી—જો એ આપણી માગણીનો અનાદર કરશે તો એમને કાળજાનો જખ્મ થશે.

દુરગાગૌરી—મા, હિંમત રાખ; ઈશ્વર એના હૃદયમાં વસશે. મને ખાતરી છે કે ખુશીથી તે આપણી માગણી સ્વીકારશે.

કૈલાશગૌરી—જો તને એ પ્રમાણે ખાતરી હોય તો લાવ દ્વાત, કલમ, અને કાગળ. (લખેછે.)

બેટા, દુરગા, ચીઠીતો મેં તૈયાર કરી-લે, લેઈ જા મારી પુત્રી તારૂં ડહાપણ જોઈ મને સંતોષ ઉપજે છે.(દુરગા ચીઠી લેઈ ચાલવા માંડેછે.)

દુરગાગૌરી—(રસ્તે ચાલતાં વીચાર કરેછે.) ઓ! બીચારી મા એ મારે માટે કેટલી ચીંતા ભોગવે છે. એ બાપડી ગળીને હત્પા જેવી થઈ ગઈ છે. તેના ચેહેરાપર દિલગીરીથી લીટીઓ પડી રહીછે. અરે ઘાતકી દીલગીરી! તેં તેનું રૂધીર તો બધું ચુશી લીધું. હવે તો તું તેનાં માંસ અને હાડકાંનો ચારો કરવા લાગી છે. તેની સ્થિતીપર તને જરા દયા પણ નથી ઉપજતી. અરે! એ બીચારીની ચામડી તો ખળભળી ગઇછે. ચાલતી વખત તેને કંપારી છુટેછે. ઝાઝી ફીકરતો એને એ છે કે જો કદાચ મારો પિતા ગુજરી જશે (મંગળ દેવતાઓ એનું રક્ષણ કરો.) તો પછી મારો અને તેનો પોતાનો નિરવાહ તે કેમ ચલાવી શકશે? હું પણ અબળા જાતી તેને માટે હું શું કરી શકું! જગત્કર્ત્તાએ મને પુત્ર બનાવી તેને પેટ અવતાર આપ્યો હોત તો આટલો પસ્તાવો કરવાનું તેને કંઈ કારણ રહેત નહિ. સ્ત્રી જાતી ગમે તેવી હુશીઆર અને શક્તિવાન હોય, તોપણ તેની શક્તિ આપણા દેશમાં નિરૂપયોગી અને

નિર્થક થઈ પડેછે. કદાચ તે બહુ કરે તો પોતાનું ખરચ અંદાજે અને કરકસરથી ચલાવે. હું ભણેલી છઉં ખરી, પણ જો કન્યાશાળામાં હું શિક્ષકનું કામ હાથ લેઈ બેસું તો મારા ન્નાતી ભાઇઓ મારી નીંદા કરવા લાગે.

પ્રવેશ ૨ જો.

સ્થળ—ગદાધરદાશની હવેલીનું દીવાનખાનું.

(વિજ્યાકુંવર પલંગપર આડે પડએ થઈ પૂસ્તક વાંચેછે. અન્ય સ્ત્રિયો જૂદા જૂદા કામમાં ગુંથાએલી નિચે બેઠાછે. દુરગાગૌરી પ્રવેશ કરેછે.)

દુર્ગાગૌરી—બાઈ સાહેબ, આપને વંદન કરછું.

વિજ્યાકુંવર—આવ દુર્ગાકુંવર, તારા મોટા પગ, પેલી ખૂરશી ખેંચી લાવી તે પર બેશ.

પેલી સ્ત્રી—ચમ, દુર્ગાબાઈ, તારા બાપને ચમ છે? હવેતો હું-વાણ છે ના?

દુર્ગા૦—નારે બાઈ હજુતો એમનું એમજ છે.

પેલી સ્ત્રી—પરમેશર એને નિરાંત કરે (બીજી સ્રીને કહેછે.) આના બાપ બહુ હારા છે.

વિજ્યાકુંવર—કેમ દુર્ગાકુંવર, તારા પીતા કંઈ માંદાછે કે?

દુર્ગા૦—જી હા. મારા પીતાને દમનો રોગ ઘણા દિવસ થયાં પીડે છે—મારી માએ આપની ખૂશ તબીયત પૂછી છે, અને દંડવત સાથ આ પત્રિકા તમને આપવા તેણે મને ફરમાવ્યું છે.

(વિજ્યાકુંવરી પત્રિકા વાંચે છે.)

પ્યારાં બાઈ સાહેબ—

આ દુનિયાં ગરજની યાર છે. જ્યારે મને આપની ગરજ પડી છે. ત્યારે આપના તરફ ચીઠી લખવા આ મેં પેહેલી તક લીધી છે. વૃદ્ધાવસ્થા અને નબળાઈથી મારા સ્વામીનાથના શરીરમાં દમની વ્યાધીએ નિવાસ કર્યો છે. આ સણે તેમનામાં કેટલાંક વર્ષો થયાં પેઠેલો છે. પરંતુ આ વખતતો મને ભય લાગેછે. દેશી વૈદોના જેજે ઉપાયે

મને મળી શકયા, તે સઘળા અજમાવવામાં મેં કચાશ રાખી નથી. પણ એથીતો એમની તબીયતમાં કંઈપણ સુધારો થવાને બદલે ઉલટો બિગાડો થયો છે. મારી દુર્ગા કેહેછે કે, અહિંના ડાકતર સાહેબ કાબેલ અને દીર્ઘદ્રષ્ટી વાળા છે. પણ મનેતો એમજ નિશ્ચય થઈ ગયોછે કે, સર્વ શક્તિવાન ઇશ્વર સીવાએ તેને આ મરણના બિછાનાપરથી ઉઠાડવાને કોઈપણ સમર્થ નથી. તોપણ લોકો પાછળથી દોષ ન આપે, માટે દરેક ઇલાજ અજમાવવો જોઇએ. આપ જાણતાં હશો કે, ડાકતર સાહેબને અમારે ત્યાં અમે બોલાવીએ ત્યારે, અમારે ફી આપવી પડે. પરંતુ મારા પ્રાણવલ્લભાના મંદવાડથી અમે પાઈમાલીના કીનારા પર ઘસડાઈ ગયાં છીએ. અમે કેટલી સાંકડ ભોગવીએ છીએ. તેનીતો મનેજ ખબર છે. ઘરનો વ્યવહાર ચાલવો મુસ્કેલ થઈ પડ્યો છે. માટે આપને આજીજી કરી કહુંછું કે, ડાકતરસાહેબને અમારે ત્યાં મોકલવાને આપ આપના ખાવિંદને મારી તરફથી વિનંતી કરશો તો, હું આપની આભારી થઈશ. બીજાં માણસો પોતાની દુર્બળતા પોતાના જાતિનાં માણસોથી છુપાવવા ઇછેછે. પણ તે મને ખુલી કરતાં જરા પણ આંચકો ખાતી નથી. મારૂં હૃદય પોચું છે, તેથી તે ભરાઈ આવેછે, માટે આથી આપને જે તસ્દી આપવા ધારેલી છે, તેને માટે ક્ષમા માગી બંધ કરવા રજા લઉછું.

હું છું સદા મનોભાવથી આપનિજ
કૈલાશગૌરી.

વિજયાકુંવર — દુર્ગાકુંવર, હું ઉંચી સ્થિતીની અંદર મૂકાયલી છું. તેથી મને ઘણા માણસોની સાથ સંબંધ થએલો છે. મને ઘણાની સાથ વાત ચિત્ કરવાનું બની આવ્યું છે. પણ તારી માના જેવી સત્યવાદી અને સ્વતંત્ર વિચારની સ્ત્રિપોતો થોડીજ મને મળી આવી છે. તેના સમાગમમાં હું કોઈ દિવસ રહી નથી. તોપણ તેનું બખાણ કહી આપે છે કે, તેણે ઉંચા પ્રકારની કેળવણી લીધેલી છે. હું જાણુંછું કે તે ખાનદાનના કુળથી ઉતરેલી છે, તેના બાપ દાદાએ રાજ્યમાં મોટા મોટા હોદ્દાઓ ભોગવ્યા છે, તેથી તે આવા ગુણો સંપન્ન હોય એમાં ન-

વાઈ નહિ. સ્ત્રિયોને માટે ગરીબાઈ એ સદગુણની કસોટી છે. ખાવા પીવાને મનમાનતાં ખાનપાન જડતાં હોય, પેહેરવા ઓઢવાને નવાં નવલાં વસ્ત્ર આભૂષણ મળતાં હોય, એકને બોલાવતાં અઢાર ચાકરો તેનાતમાં હાજર રેહેતા હોય, અને ગાડી ઘોડા ઉપર બેશી સેહેલ મારવી હોય, તે વખત સ્ત્રીના સદગુણ અને ડાહાપણની પરિક્ષા થઈ શકતી નથી. સરસાઇતો ત્યાં છે, કે ગૃહસ્થ પીયરમાંથી નિકળી દુર્બળ સાસરામાં જઈ ત્યાં સદગુણોથી વર્ત્તવું, કરકસરથી ચાલવું, પતિની સેવા પ્રભુની માફક કરવી, પતિવ્રત જાળવવું, તથા હવેલી છોડી ઝુંપડામાં વસવાથી પણ સંતોષ માનવો.

દુર્ગાગૌરી—આપ વિદ્વાન અને વિવેકી છો માટે એમ કહોજતો. મારી માના ગુણોનું વર્ણન આપે અતિશયોક્તિ કરી કર્યું.

વિજ્યા૦—નહિ દુર્ગા, મેં અતિશયોક્તિ કરી નથી. સત્ય કરી માનજે કે, આવી અડાકડીને વખતે તારી માના જેવી દ્રઢતા તો, કોઇકજ સ્ત્રીથી રેહે. તે કહેછે કે, હું પોચા હૃદયની સ્ત્રી છું પણ હુંતો એમજ માનું છું કે, તેની છાતી વજ્રના જેવી છે. હું જેવી સ્ત્રીએતો ક્યારનો પ્રાણ ત્યાગ કર્યો હોય.

દુર્ગા૦—આપ સુજ્ઞ છો. એટલે પોતાને મોઢેથી આપ આપની તારીફ કરતાં નથી. અબળાનું અંતઃકરણ સ્વભાવિક રીતે હિમત રહીત અને પોચું હોય છે. તોપણ એટલું તો ખરૂં છે કે જે સ્ત્રીએ તડકો છાંયો જોયો નથી. મારા કહેવાની મતલબ જે સ્ત્રી વિપત્તીના વહેનમાં અથડાઈ નથી, જેણે બાલ્યાવસ્થાથીજ પોતાનો સઘળો કાળ મોજ મઝા અને સુખચેનમાં ગાળેલો છે, જેને આ દુખિયારી દુનિયા પોતાનો નિરવાહ કેમ ચલાવેછે તેની ખબર નથી, એવી સ્ત્રિયોપર જ્યારે સંકટરૂપી પર્વત અચબુચ તુટી પડેછે ત્યારે તેમને ઉઠી ઉભા થવાની શુદ્ધિ રેહેતી નથી. પણ એથી ઉલટી રીતે જે સ્ત્રી દુખમાંજ ઉછરીને મોટી થએલી છે, દુનિયાનાં દુઃખો જેણે સંપૂર્ણ રીતે જોએલાં છે, અને જાણેલાં છે, જેમની લાગણીને વિપત્તીએ ખૂબ કસીને મજબુત કરેછે. તેમનાપર જો દુઃખનાં નગારાં ગડગડે તોપણ તે ગણકારતી નથી. તેમજ મારી માએ દુઃખ નજરે જોયાં છે ખરાં; પ-

રંતુ તે સુખમાંજ ઉછરીને મોટી થએલી છે, માટે જેવી દ્રઢતાથી પુરૂષો દુઃખ સહન કરી શકે, તેવી દ્રઢતાથી તે કરી શકતી નથી.

વિજ્યા૦—આ બાબતમાં દુર્ગાકુંવર હું તારાથી જુદી પડુંછું. સુખ દુઃખની લાગણી કાંતો ઇશ્વરના ઘરથીજ આપણી અંદર મુકાએલી હોયછે. યાતો, તે ઉત્તરોત્તર ચાલી આવેછે, ગમે તેમ હો, તો પણ એટલું તો ખરૂં છે કે, જેની લાગણી સ્વભાવિક રીતે તિક્ષણ હોયછે. એટલે જેને કંઈ પણ કડવું વચન કહ્યાથી તુરત તાળવે ટીપું પડેછે. આવાં માણસો, પછી તે ગરીબ હોય કે, તાલેવર, તોપણ જ્યારે તે આફતમાં આવી પડેછે. ત્યારે અથાગ દિલગીરીમાં ડુબ્યાં રહેછે. સઘળી રીતનાં વિલાસો, અને ખાનપાનપરથી તેની પ્રીતી ઉઠી જાય છે. અને માત્ર કાળે કરીનેજ તેના મનનું સમાધાન થાયછે. આમાંથી પણ ઘેલછા આવી તો બિચારાના ભોગ.

દુર્ગા૦—આપ કહોછો તેમજ હશે. મને જવા માટે આજ્ઞા આપો તો જાઉં.

વિજ્યા૦—જરાવાર ખોટી રહે. હું તારી માની પત્રિકાનો પ્રતિઉત્તર લખી આપું તે લેતીજા(પલંગપરથી ઉઠી ટેબલ પાસે પડેલી ખુરસીપર આવી બેસેછે)

બીજીસ્ત્રી—છોકરી નાની પણ ડાહાપણવાળી બહુ હો?

પહેલીસ્ત્રી—બાઈ એના ડાપણની શી વાત.

(વિજયાકુંવર કાગળનો જવાબ તઈયાર કરી ફરીથી મનમાં વાંચેછે).

"આપની વિચિત્ર પત્રિકા વાંચી મને બેહદ ખુશી ઉત્પન્ન થઈ"
"છે આપે જે શેવા બજાવવા મને હુકમ કર્યો તે બજાવવી એ હું"
"મારી ફરજ સમજુ છું મારી આટલી સત્તા અને સાહેબી છતાં"
"આ જગતમાં હું જરા પણ ઉપયોગી ન થઈ પડું. ત્યારે મારી સાહેબી"
"અને સત્તામાં ધૂળ પડી. આ જન્મનું સાર્થક એજ કે પોતાના જ્ઞા-"
"તિભાઈયોને સુધારવા માટે બનતો યત્ન કરવો. આ સેવા જે આપે"
"મને ચીંધેલી છે, તે એટલી તો નજીવી છે કે એથી આપને"
"મારાં આભારી થવાની કાંઈ પણ જરૂર નથી. મારા તનયાધનથી હું"

"કોઈ પણ પ્રકારે આપને ઉપયોગીથઈ પડું ત્યારેજ મારી વડાઈ કહેવાય."

હું છું. ઈત્યાદિ.

વિજ્યાગૌરી.

"તાજા કલમ—

"આપની દુર્ગાકુંવરની હુશિયારી વિષે તો હું પહેલેથીજ નિઃશંક"
"હતી; પરંતુ આ પ્રસંગે તેની સાથ એક વિષય ઉપર થોડોકજ વખ્ત"
"ચરચા ચલાવી તે ઉપરથી મારી ખાત્રી થઈ ગઈ છે કે, તેની ઉ-"
મ્મરના પ્રમાણમાં જેટલી તે હુશીયાર છે. તેટલી આ જમાનાની"
"થોડીકજ કન્યા મળી આવે. હું તેનાથી મન માનતી રીતે સંતોષ"
"પામીછું. માટે કૃપા કરી મારી છોરુને બબ્બે કલાક તેને ભણાવવા"
"મોકલશો તો નક્કી જાણજો કે હું એની ચાકરીનો બદલો જવા દેનાર"
"નથી. આની અંદર એક સો રૂપીઆની ચીઠી બીડી છે. તે કૃપા"
"કરી માન્ય રાખશો." (કવરમાં ચીઠી નાખી બીડીને દુરગાને આપે છે.)

દુર્ગા૦—બાઈ મને રજા છે કે ?

વિજ્યા૦—બેન દુર્ગા આવજે તારા બાપની સારી તબીયત પૂછજે, અને તને આટલો લાંબો વખ્ત રોકી માટે ક્ષમા કરજે.

દુર્ગા૦—આપની સાથ વાત ચિત કરવાથી મને અલભ્ય લાભ થયોછે. (દુર્ગાગૌરી વિદાય થાયછે. અન્ય સ્ત્રિયો પોત પોતાને ઘેર જાયછે).

વિજ્યા૦—(એકલી) મને પરવરદીગારે ભોગવવા માટે વિધવિધ પ્રકારના વૈભવ આપેલા છે. હું બીજી બધી વાતે સુખી છું. માત્ર દુઃખની ફાંસતો એટલીજ સાલેછે કે, મારા સ્વામીની સાથ મને મન મિલાપ થતો નથી. લોકોતો એમજ જાણે છે કે સંપ લક્ષ્મીએ આવી અમારાજ ઘરમાં વાસ કરેલો છે. પણ મારા સ્વામીનો ભીજાજ તો હુંજ જાળવી શકું. તેનામાં બીજો દુર્ગુણ એ છે કે, તે અતિશય કૃપણતા રાખેછે. પરોપકાર કરવાથી શું ફાયદા થાયછે. તેની એને ખબર નથી. આ દોલતભંડાર શું કામ આવવાનો છે ? મારૂં તારૂં કરતાં આ જગત છોડી આપણે ચાલ્યા જવાના. માત્ર સુકૃત અને દુશકૃતજ સાથે આવવાનાં. સુકૃત કરવાને આના જેવો સારો બીજો કોઈ પણ

અવસેર મારા સ્વામીની કારકિર્દીમાં મેં જોએલો નથી. માણસના નસીબમાં વારંવાર ભરતીઓટ થયાજ કરેછે. અર્થાત ભાગ્યચક્રમાં કાળે કરીને ફેરફાર થાયછે. આપણા તગદીરનો સૂર્ય ઉદય થયો હોય. ત્યારે જો તેનો લાભ લીધો હોય તોજ માત્ર આપણે ગાંઠ કરી કહેવાય.

ચોપદાર — (પડદા પાછળ શબ્દ થાયછે.) બડે .. જાઓ . મેહેર ... બાન

બીજોચોપદાર—ઘણી ખમા પ્રથીનાથ.

વિજ્યા૦—એ નકીતો ચોપદારે પોકારી મારા સ્વામીનાથ પધાર્યા.

નોકર—બાઈ સાહેબ, ગદાધરદાસભાઈ પધાર્યા.

વિજ્યા૦—સારૂં. (ચાકર જાયછે. ગદાધરદાસ પ્રવેશ કરેછે.)

ગદાધરદાસ—ભોજનને કેટલીવાર છે?

વિજ્યા૦—પ્રિયપતિ, આપ સ્નાન સંધ્યા કરી પાટલે બીરાજો એટલીજ—સ્વામીનાથ આજે મને આપણી જ્ઞાતિ વર્ગની એક સ્ત્રી તરફથી ચીઠી મળેલી છે. તેપરથી જણાય છે કે, એના સ્વામીને ભય ભરેલી રીતે કસર વધી ગએલી છે. દેશી વૈદોના ઉપાયો તેણે અજમાવ્યા, પણ એકે લાગુ પડતા નથી. માટે ડાકતરસાહેબની સાહ્યતાની તેમને જરૂર પડી છે. સીરૂવાતમાં હું એ કહેવું ભૂલી ગઈ કે એની સ્થિતી ખરેખર દયા લાવવા જેવી છે, માટે આપ જો ડાકતર સાહેબને તેને ત્યાં જવાનું કહેતો—

ગદાધરદાસ—(ક્રોધમાં આવીને) આ જગત આવાં ધુતારાં માણસોથીજ ભરેલું છે. તું ભોળી છે, તેથી ઘડીએ ઘડીએ ઠગાઈ જાયછે. હું બધું જાણુંછું તો, આવાં ઢોંગી તો ઘણાએ આપણે ત્યાં આવે છે. તેમાંથી કોનાપર પરવરશી કરીએ. નાણું ખરચવું એતો માણસને કડવું ઝેર લાગેછે. તું અમનચેનમાં દહાડા ગુજારેછ, તેથી પૈસા કેમ એકઠા થાયછે, તેની તને ખબર નથી. જ્યારે સો ટીપાં આ લોહી સુકાયછે. ત્યારે એક પૈસો મળેછે. પૈસો કમાઈ કમાઈને મારા બરડાની કરોડ તૂટી ગઈ.

વિજ્યા૦—(મનમાં) જો એમ હોત તો આવા રાતા રાણ જેવા

બનત નહિ. જ્યારે સો ટીપાં લોહી સુકાય, ને એક પૈસો મળતો હોય ત્યારે તો આટલા પૈસા મેળવતાં તો સુકાઈને સળીખડા જેવા થઈ ગયા હોત, પણ આતો જેમ પાણીમાં ચણો સુકાય તેમ સુકાણા છે.

(ખુલ્લી રીતે) **સ્વામીનાથ**—એ વાત આપ ખરી કરો છો. પણ આ બાબતમાં આપણે આપણી ગાંઠના પૈસા જોડવા પડે તેમ નથી ફક્ત જીભેથીજ કામ થાય તેમ છે.

ગદાધરદાસ—જીભે કામ થાય એતો ખરૂં, પણ ડાકતરનું આપણાપર પાડોશણું ચડેનાં?

વિજ્યા૦—જો આપણા ન્યાતિભાઈનો જ્હાંન ઉગરતાં પાડોશણું ચડે તોપણ ભલે. આપણે અવશ્ય કરી ન્યાતી અભિમાન તો રાખવુંજ જોઈએ.

ગદાધરદાસ—તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગએલી છે. જ્યારે આવું, ત્યારે સંતાપીને તું મારો જીવ ખાઈ જાછ. (ગદાધરદાસ ઉઠી ઉભા થાયછે.)

વિજ્યા૦—પ્રાણવલ્લભા, મારા બોલવાથી આપનું મન દુખાયું હોય તો હું ક્ષમા માગું છું. (ગદાધરદાસ જાયછે.)

(એકલી) આનું પરિણામ હું ધારતી હતી તેમજ થયું. તોપણ ફિકર નહિ. હું હમણાં એક ચાકર સાથે ડાકતરને નરહરલાલને ત્યાં જવાનું કહેવડાવીશ. મારા સ્વામીમાં કેટલું દીવેલ છે, એતો હું જાણુંછું. એના પ્રાલબ્ધ મોટાં છે. તેના કુળમાં ઉત્તરોત્તર કારભાર મળતો આવે છે એટલે ઠીક છે. નહિ તો, કેટલી વિશે સો થાયછે, તેની એને પણ ખબર પડે. દુર્બળ લોકો હાલના જમાનામાં જેટલી કેળવણી લેછે તેટલી શ્રીમંત લોકો લેતા નથી. અંદર કયો ચાકર છે?

સિપાઈ—(પડદા પાછળ શબ્દ થાયછે.) હાજર હુવા બાઈ સાહેબ.

(સિપાઈ પ્રવેશ કરેછે.)

વિજ્યા૦—અર્જાકે અભી તુંમ ડાકતરસાહેબ કે વાં જાકે મેરી સલામ સાથ એસા બોલો કે, હમેરી નાતકા જો નરહરલાલ હે, ઉનકી તબીયત બહુત બીમાર હો ગઈ હે, ઉસકે લીએ જ્યાં તક બો અછે

હોવે વહાં તક ઉનકે ઘર જાકે દરરોજ તીન દફે તબીયત દેખતે રેહો.

સિપાઈ—બહુત અચ્છા. જાતાહું બાઇસાહેબ. (જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—નરહરલાલનું ઘર.

(ખાટલાપર આજારી નરહરલાલ સુતેલા છે. કૈલાસગૌરી નિચે બેઠી બેઠી વિજણે વાસર નાખેછે.) (દુર્ગાગૌરી પ્રવેશ કરેછે.)

કૈલાશ૦—અરે દુર્ગા તું આટલો લાંબો વખત રોકાણી તેપરથી હુંતો એમજ અનુમાન કરતી હતી કે, કાંતો તારૂં અપમાન થયું હશે તેથી તારા પગ નરમ ઘેંસ જેવા થઈ ગયા હશે, યાતો વિજ્યાકુંવરબાઇને મળવાનો તને અવસર નહિ મળ્યો હોય.

દુર્ગા૦—નારે મા, એના જેવી ભલી સ્ત્રીતો આ પૃથ્વિપર થોડીકજ વસેછે. તેં મને એને ત્યાં ચીઠી લઇને મોકલી તેથી હું ઘણી ખૂશી થઇછું. મા—શું એની લાવણ્યતા, શું એની શબ્દ મધુરતા, અને શું એનો વિનય, જેટલો વખત તે બોલતી તેટલો વખત હુંતો એક ચિત્તે તેના હોઠ ઉપર નજર રાખતી. આખી દુનિયાં આવાંજ માણસોથી ભરી હોત તો કેવું સારૂં !

કૈલાશ૦—પ્રિયપુત્રી એમાં કાંઈ આશ્ચર્ય થવાનું નથી. જે ખરે ખરાં કુળવંત હોયછે. તેમાં તોછડાઈતો ભાગ્યેજ જોવામાં આવેછે. અને જો કદાચ હોય તો સમજવું કે તેમાં કંઈ ભીનભાવ છે. હલકાં માણસને એકદમ ઉંચી પદવીએ ચડાવ્યાથી તેનો પ્યાલો ફાટી જાયછે. તારે ખરે ખર નોંધી રાખવું કે જેમ વધારે વિવેકી તેમ વધારે ઉંચા કુળનું ફરજંદ—જોઉં ચીઠીના પ્રત્યુત્તરમાં તે શું લખેછે. (વાંચી જાયછે.)

અહો! જે આપણા તરફ આટલી બધી માયા મમતા બતાવેછે. તેનાં આપણે કેટલાં બધાં આભારી થયાં છીએ એના ઉપકારનો બદલો આપણે ક્યારે વાળીશું ? આપણી ગરીબીની કદર તેણે કેવી અચ્છી રીતે કરીછે? અરે! આપણે ને એને માત્ર આંખનીજ ઓળખાણ તેમાં તો

દુર્ગા, તને તે પોતાની છોરુના શિક્ષકની જગ્યો આપેછે. આટલું કરી-તે બંધ રહી હોત તો ઠીક, પણ તે વળી એકસો રૂપિયાની ચીઠી બીડે છે. આવાં ધર્માત્માને ઈશ્વર કેમ વિસારે. એની બાબતમાં પરમેશ્વરે યોગ્ય સ્ત્રિને યોગ્ય વર ઘર આપેલાં છે. (ડાકતર પ્રવેશ કરેછે.)

આ આવ્યા ડાકતર સાહેબ—પધારો...પધારો ડાકતરસાહેબ, દુર્ગા ડાકતરસાહેબને માંચી નાંખી આપ.

ડાકતર૦—ના માંચીની કાંઈ જરૂર નથી.

કૈલાશ૦—ચાલે—આપે અમારૂં ગરીબનું ઘર પાવન કર્યું. એ કાંઈ નાની સુની વાત કહેવાય.

ડાકતર૦—(નરહરલાલ તરફ જોઈને) ઓહો! તમારા પતિનો રોગ તો ઘણા લાંબા વખતનો જણાયછે. દરદ પણ વધી ગએલું જણાયછે. તેના બભા ઉચકાયા કરેછે મોહુંતો બીડાતુંજ નથી. તેની આંખ ખૂલી રહેછે તે તાકીને જુવેછે. શ્વાસ લેતાં તેને એટલો તો શ્રમ પડેછે, કે કપાળપરથી પસીનાની ધારા ચાલી જાયછે. ચેહેરો ઉત્તરી ગએલો અને ચિંતાતુર માલુમ પડેછે. શરીરનો રંગ પણ પીળો પણ તે કાળાશમાં મળતો થવા લાગ્યો છે. જોઊં નાડી. (નાડી તપાસે છે.) ઓહો! નાડીતો ઘણીજ નબળી અને ધીમી ચાલેછે. અંગ પણ જોઇએ તે કરતાં વધારે થંડું છે. આ રોગ ઘણા વર્ષનો પેઠો હોય એમ જણાયછે. આને માટે પહેલેથી સખ્ત ઉપાયો કરવા જરૂરના હતા. પણ તેમ થયું હોય, એમ લાગતું નથી.

દુર્ગા૦—(ગળગળી થઇને) પ્રિયતાત, આપને ડાકતરસાહેબ જોવા આવ્યા છે. આપની તબીયત કેવી છે તે એને કહો. અરે! એતો બોલતા પણ નથી. આખો દિવસ બેશુદ્ધિમાં રહેછે. એના ચેહેરાપર મૃત્યુનો હાથ પડવાથી તે એટલો બદલાઈ ગયો છે કે તે જોઈ મને ત્રાસ ઉપજે છે. અરે! હાય! હાય! ડાકતરસાહેબ એના લમણા મને બેસી ગએલા લાગેછે, તેનું કપાળ તણાઈ ગએલું છે, અને તેના ગાલે નાશકારક ફિકાશ પકડી છે. આનું પરિણામ જો વિપરીત થશે તો મારાથી કેમ જીવાશે?

ડાકટર—પ્રભુ એને ખેર ગુજારે. બાઈ બેન આ સમય તારે છાતી કઠણ રાખવાનો છે. નાહિંમત નહિ થવું. હજુ વાત બગડી નથી ગઈ. કાલ એને સુવાણ થશે. ત્યારે મને રજા હોયતો હું જાઉં. હું બે ગોળીઓ મારા પટાવાળા સાથે મોકલાવું. તેમાંથી એકના ત્રણ વિભાગ કરી દિવસમાં ત્રણ ટંક એટલે સવાર બપોર અને સાંઝે આપવા. આ ગોળીથી તેના પર કેવી અસર થાયછે, તે જોવા હું કાલે આવીશ. (જાય છે)

દુર્ગા૦—મા, હવે રાત્રી પડી. વિશ્રાંતી લેવાનો વખત થયો તેં ઘણી રાત્રીઓ જાગૃતાવસ્થામાં ગુજારેલી છે. તેથી તારી આંખો લાલ હીંગળોવરણ થઈ ગએલી છે. તારી મૂરત ભયંકર દિસવા લાગી છે. થોડા માસ પેહેલાં હું જે લાલી તારા ચેહેરા પર જોતી, તે સઘળી આ વખત ઉડી ગઈ છે. મારા પિતા ઉઠીને ઉભા થયા તો તો હરકત નથી. નહિતો હું ધારતી નથી કે, તું જીવતી રેહે, અહરનિશ ચિંતા કરવાથી તારૂં રૂધીર સુકાય છે, તારી કાંતી ક્ષીણ થાયછે. અને અસંખ્ય રોગનું બીજ તારી અંદર રોપાય છે. તેમ છતાં પણ મારા પિતાને આરામ થતો નથી. હું જાણું છું કે, જેને આપણે દિલસોજ પ્યારથી ચાહીએ છીએ, તેને અસહ્ય વેદનાથી પીડાતો જોઈ આપણા મનને બેચેની પ્રાપ્ત થાય. પણ બુદ્ધિએ તે બેચેનીને હદની બહાર જવા ન દેવી. જેની અંદરની દિલગીરી હદની બહાર જાયછે. તેના વિષે એમ ધારવું કે તેના મન ઉપર બુદ્ધિનું અધિપતિ પણું ચાલતું નથી. જ્યાં સુધી આપણે મનોવિકારને શરણ રહીએ છીએ ત્યાં સુધી જાણવું કે, સત્ય જ્ઞાન પ્રકાશ આપણી અંદર પ્રદીપ્ત થયો નથી.

કૈલાશ૦—જે માણસના મનોવિકાર પોતાને શરણછે. તે કાંતો માહા પ્રવીણ તત્વજ્ઞાનવેત્તા હોય છે. અને કાંતો અજ્ઞાન અડબંગ હોય છે. તે બેમાંથી હું એકે નથી. માટે મારા મનોવિકાર મારે શરણ ન હોય, એમાં નવાઈ નહિ.

દુર્ગા૦—મા, એ વાત આપણે આ ટાણે બાજુપર મુકવી જોઇએ. રાત્રી વિતતી જાયછે. અને આપણે કાંઇ નિશ્ચય કરતાં નથી. મારા પીતાની એવી હાલત છે કે, આ વખત તેને રેઢાતો મુકાય નહિ, માટે

આપણે એમ કરીએ કે હું જાગુ, અને તું આરામ લે.

કૈલાશ૦—એકલી બેસવા તારી છાતી કબૂલ થતી હોયતો બેશ. પણ તું એકલી બેસછ, અને હું વિશ્રાંતી લઊંછું એ મને ઠીક લાગતું નથી.

દુર્ગા૦—મા— તું બેફિકર રેહે, હું કદી બીવાની નથી.

કૈલાશ૦—ત્યારે જેમ તારી મરજી. (કેલાશગવરી સુઇ જાયછે)

દુર્ગા૦—ઓહો! આ મધ્યરાત્રી તો થવા આવી આ સમયે ઘોર નિંદ્રાએ પોતાની વશીકરણ મોહનીથી આ જગતને વશ કરી લીધું છે. સઘળી જગ્યો પર એક સરખી ચુપાચુપ પ્રસરી રહી છે. વળી આજે શરદ પૂનેમ છે. તેથી ચંદ્ર પણ પોતાની સઘળી કળાથી પ્રકાશે છે. અહીંઆં તો જરા બરફ થાયછે. પણ બહાર તો પવનના મીઠા મીઠા લેહેરખાઓ ચાલી રહ્યા છે. આવી ખુશનુંમા રાત્રીએ મુસાફરી કરવી એ કેવું મનોરંજક છે. (ગભરાઇને) અરે! મા ઉઠ જે—ગજબ ગુજરી—હાય, હાય, સત્યાનાશ વળ્યું! અલી મા! હજુ નથી ઉઠી? ઉઠ! ઓમા! જાગૃત થા!

કૈલાશ૦—(ઉંઘમાંથી ચોંકીને) શું છે, દુર્ગા. શું છે!

દુર્ગા૦—મારા પિતાને કંઇક થઇ ગયું. જોતી નથી!

કૈલાશ૦—ગભરા માં, બેટા! (પોતાના સ્વામીની નાડ તપાસેછે.) હજુ વાત બગડી નથી ગઇ. અરે! દુર્બળતા, તારાં દુઃખો અમને આંહી પણ નડેછે. જો આપણે ધનાઢ્ય હોઇએ તો આપણે ત્યાં આ ટાણે બેસુમાર માણસોની ઠઠ જામી હોય! વહાલી બેન, તારા પીતાની નાડી પરથી મને ખબર પડેછે કે, તે લાંબો વખત કાઢવાના નથી. માટે તેને મોક્ષ મળવામાં જેટલી ક્રિયાઓ જરૂરની છે તેટલી કરવી જોઇએ. પેહેલે તો હજામને બોલાવી તેનું ક્ષૌર કરાવવું જોઇએ, ત્યાર પછી સ્નાન કરાવી આપણી સંપત્તી પ્રમાણે તેના મોઢામાં સુવર્ણ, દહીં, તુળસી, ગંગાજળ વિગેરે મૂકવાં જોઇએ. ડોકમાં રૂદ્રાક્ષની માળા પેહેરાવી. તેની પાસે પુન્યનો સંકલ્પ કરાવવો જોઇએ. ભોંયપર લીંપી તે પર દરભ નાખી તેને સુવડાવવા જોઇએ. અને સઘળી વિધીથી, મારી પ્યારી પુત્રી, તારે તેની પુજા કરવી જોઇએ. આ સમયે આ સઘળી ક્રિયાઓ તો

બનવી મુશકેલ છે. પણ જેટલી બને તેટલી તો અવશ્ય કરવીજ જોઇએ. જેટલી વસ્તુ આપણા ઘરમાં હોય તેટલી લાવી રજુ કર.

દુર્ગા૦—સુવર્ણની કટકી, દહીં, અને તુલસી તો મળી શકશે. સ્નાન કરાવવા માટે પાણી ક્ષણું એકમાં તૈયાર કરી આપું. રૂદ્રાક્ષ એમની કંઠમાંજ છે.

કૈલાશ૦—ઘરમાંથી લાવી વસ્તુઓ રજુ કર. (રજુ કરેછે.) સ્નાન કરાવવા માટે તારા પીતાને નિચે ઉતારવામાં તારા હાથની મને મદદ આપ.

દુર્ગા૦—અરરર ! મારી માડી ! આ ત્રાસ દાયક દેખાવ હું મારી નજરે જોઇ શકતી નથી. ત્યારે એને ખાટલા પરથી નીચે ઉતારતાં મારી છાતી ફાટી જાય નહિ ?

કૈલાશ૦—પણ એમાં ચાલે એમ નથી.

દુર્ગા૦—અરે ! શું મા—જે પીતાએ મને પાળી પોશીને આટલી મોટી કરી. જેણે મારે માટે એટલાં સંકટો વેઠ્યાં, જેણે મને પુત્ર સમ લાડ લડાવ્યાં, તેને હું મણુની તૈયારી કરાવું ? આમ કેહેતાં તું પોતે પણ લજીત નથી થતી ? જે વિકાળ સ્વરૂપ જોઇને મારી ત્રાસની સઘળી ઇંદ્રીઓ જાગૃત થાયછે. તેને મારા હાથથી હું ઉચકું ! નહિ, નહિ, એમ કદી બનવાનું નથી.

કૈલાશ૦—તું હઠીલાઇ બાજુ પર મુકી હું કહું તે સાંભળ. તારા પિતાએ તને પાળી પોશીને મોટી કરી માટેજ આ અડાકડીનો અવશાન સમય તારે સાચવવો જોઇએ. પુત્રી ધર્મ બજાવવાની આ તને એક તક મળી છે. તેં જો, તે ખોઇ તો લોકો તને બેવફાદાર છોકરી કેહેશે.

દુર્ગા૦—જો એમજ હોય તો હું તયારછું. (નરહરલાલને ટાંગાટોળી કરી નિચે ઉતારેછે.)

વોય ! મારા બાપ ! હાય, હાય, અકરાકેર થયોરે ! બાપ !

કૈલાશ૦—અરે ! આતે શું થયું દુર્ગા ! માણસથા. આ અવસરે આમ કરવું તને ઉચીત છે ?

દુર્ગા૦—હું શું કરૂં મા, આ કમકમાટી ભરેલો દેખાવ જોઇ મારાં

હદાંમ ખસી જાયછે!

કૈલાશ૦—બેટા, મારા મનની અંદર પણ કંઇ ઓછી લાગણી થતી હશે! પણ વજ્રના જેવું કઠણ -હદય રાખશું તોજ માત્ર બધાં અનુષ્ટાન અને ક્રિયાઓ સુધરશે. (વિધિ પ્રમાણે બધી ક્રિયાઓ કૈલાશગૌરી કરેછે)

અરે! હું દુર્ભાગ્યનીની છાતી કેવી નિર્દય અને કઠોર; કે આ સૃષ્ટિમાં હું જેને પરમપ્યારથી ચાહાતી હતી, તેનાથી હમેશને માટે જુદા પડતાં પણ મારી આંખમાંથી આંસુની ધારા ચાલી નહિ! અરે! પાપી જીવ! આ ખોળીઆમાં તે શું સુખ જોયું છે? કે તેને છોડતાં તને મનજ નથી થતું! અરે! દુઃખીઆરી દેહ! તું આગમચથી કેમ ન પડી ગઇ? અરે! મારા પ્રાણ વલ્લભા! મારા કુટુંબના દિપક! તને બુઝિ જતો અટકાવવાને ઇશ્વરે મને દીવેલ કેમ ન આપ્યું? અથવા હું પોતે કેમ ન બુઝિ ગઇ? અરે! મારા કુટુંબના દિપક! તેં અમારા કુટુંબરૂપી અંધકાર જગ્યોને તારી રોશનીથી પ્રકાશિત કરયુ હતું! તેને એક નાશકારક પવનનો સપાટો લાગવાથી તું ઓલવાઇ ગયો છે! અરે ઝેહેરી પવન! વાહવા! માટે તને બીજાં ઠેકાણાં કયાં નહોતાં મળતાં! અરે! નમેરા મૃત્યુ, અમને નિરાશ્રિત્ કર્યા વગર તારો ખોરાક કયાં નહોતો પૂરો પડતો! જે ઘર તને આદર સત્કાર સહિત બોલાવે છે, તે પર તારો હુમલો નહિ કરતાં માત્ર જુવાનીઆઓ અને આ દુનિયામાં જેનો ખપ છે. એવાજ માણસોને તું ખોળી કાઢછ? હાય! હાય! એક સ્થંભ, જેના પર અમારા આખા કુટુંબરૂપી ઇમારતનો મદાર હતો, તેને અકસ્માત ધરતી કંપનો આંચકો લાગવાથી તે ત્રુટી પડ્યો, અને ઇમારત નિચેનાં સઘળા આશ્રિતોના ચુરેચુરા થઇ ગયા. અરે અબુઝ મૃત્યું! તેં અમને પેહેલાં કેમ ન ખેંચી લીધાં! આવા બળીદાન લેતાં તને શરમ પણ નથી થતી! અરે! કિર્તાર! કીડી ઉપર તેં કુવાડાનો ઘા માર્યો. તેની પેહેલાં તેં તેની ગુંજાશ પણ ન વિચારી! અરે હું અબળા! આ ઘરનો બવહાર કેમ ચલાવીશ! (દુર્ગાતરફ જોઇને)

અરે! પક્ષપાતી ઇશ્વર આ કાગડાની કોટે રત્ન વળગાડતાં તેં જરા પણ વિચાર નહિ કર્યો! અમારી રંભા જેવી પુત્રી, આની જોડી

રાજ્ય દરબારમાં પણ ભાગ્યેજ મળે. તેને મારી સાથે આ ઝુંપડાના દુઃખની તેં ભાગીદાર ઠેરવી? અરે! જેના ડાપણથી હજારો લોકો સુખી થાય, તેને આ અપ્રસિદ્ધ અને અંધકાર જગ્યોમાં તેં ફેંકી દીધી! હાય! હાય! આ બાપડીને સુખનું સ્વપ્ન પણ નહિ આવ્યું હોય! હું અબળા! આ કુટુંબનું પોષણ કેમ કરીશ! બાઇ! મેં તને દુઃખમાં ઉછેરી અને પાછી આ અસહ્ય દુઃખમાં આવી પડી. અરે! આ વેદના મારી નજરે જોવી લખી હશે. તે કેમ મટે. પતિ!—આપે આ અલબેલી કુંવારીકાને સારે ઠેકાણે વિવાહિત કરી પછી ગામતરાં કર્યાં હોત! તો, મને આટલી બળતરા થાત નહી! પતિ! આપનો ઇરાદો મેં પેહેલેથી જાણ્યો હોત, તો હું આગળથી તૈયારી કરત! પતિ! આપની સોબતી! આ લોકમાં અને પરલોકમાં થવાને મારો આત્મા બહુ તળખે છે, પતિ! ભરદરીએ વાહાણ લાવી આપે અમારી સાથે બુટામણ કર્યું! હું શું કહું પતિ! આપે મારૂ ભવિષ્યનું સઘળું સુખ લુંટી લીધું.

દુર્ગા૦—મા—તું આ પ્રમાણે રૂદન કરેછ. તેથી મારૂં હૃદય ફાટી જાયછે, મને કમકમાટ વછુટેછે. મારા પીતાનું સબ, અને તારો વિલાપ, મારાથી નજરે જોવાતાં નથી. રે! ચરાચરપતિ! આ દુખીઆરા સંસાર સાગરમાં જન્મધરી આ હું પેહેલોજ લાવ લેઉછું. મારા તાત! અમે હવે એકલાં થયાં! આ પ્રમાણે અમને કડભર કરવાં એ આપને છાજતું નહોતું. આ મારી ટળવળીયાં મારતી મા! કે નિરાધાર હું!—એમાંથી કોઇના પર પણ આપને દયા ન આવી! અરે! પિતા! આપની હયાતીમાં અમે નિર્વિઘ્નકાળ ગુજાર્યો હતો અને જો કે, શ્રીમંતના વૈભવ તો ભોગવ્યા નહોતા, તોપણ જે સાદો ખોરાક અમને દરરોજ મળતો તે બાઇ અમે સંતુષ્ટ રેહેતાં. વોય! વોય! આ તે કયા કુકર્મનો ગડફો! આવી અડ્યો! હાય! હાય! માતા! ઉત્તરતી વયમાં દિલાસો અને વિસામો આપવાને તને પુત્ર પણ નથી!

(ભકતરાજ પ્રવેશ કરેછે.)

ભક્તરાજ—અરે! બાઇઓ! આટલી રડાપીટ અને કાળો કળેળાટ શાને કરોછો! (સબ તરફ જોઇને) પંચમહાભૂતનું આ પૂતળું છે. તે પંચ-

મહાભૂતમાં મળી જશે. અને આત્મા તો અમર છે. જ્ઞાન દૃષ્ટિએ આપ વિચારી જોશો તો માલૂમ પડશે કે, આ સંસાર, સ્વપ્ન રૂપ છે. આપણે સઘળાં મોહ અને લોભથી વીટલાએલાં છીએ. આ સંસારના માયા બંધનથી જ્યાં સુધી આપણે વિરક્ત થયાં નથી, અને અજ્ઞાનતાના અંધારામાં આથડીએ છીએ, ત્યાંહાં સુધી વારાફરતી ખેદ અને ખુશાલી થયા કરેછે. આ જગતમાં કોણ, કોનીમાતા, અને કોણ કોનો પીતા છે, જો પરમેશ્વરે પીતા પુત્ર કે માતા પુત્રી વચે આવા મજબુત પ્યારની પ્રેરણા ન મુકી હોત તો આ દુનિયાનો બ્યવહાર ચાલત કેમ ! સુજ્ઞ, અને પરમ પદને પામેલા પુરૂષો પોતાને થએલા નુકશાન માટે જરાજે પસ્તાવો કરતા નથી. અરે ! ભોળા મનનાં લોકો, તમે એટલો પણ દરિઆફ નથી કરતા કે, આપણે ગમેતેટલો કલ્પાંત કરીશું. તો પણ જે દેહ જડ થએલી છે તેમાં કદી ચૈતન્ય આવવાનું નથી, અને જ્યારે આવવાનું નથી, ત્યારે આપણી કાયાને ક્ષિણ કરી, બમણું નુંકસાન શામાટે શોહેવું જોઇએ? (કૈલાશગૌરીને કેહે છે) આપનો પતિ આ ક્ષણભંગુર જગતમાંથી નિકળી કૈલાશવાશી થયા. માટે પસ્તાવો કરવો જવાદો.

પ્રવેશ ૪ થો.

સ્થળ—સ્મશાન.

ગળાંકરદાસ—અરે યાર-આજેતો ઠરડ નિકળી ગયો. પરોડીઆમાં કાગડા બોલતી વખત ઉઠવું પડયું. એક તો હાવી ટાઢ, અને ઓછામાં પુરૂં. આજે વળી પવન નિકળ્યો હતો મરે કોકના અને વચમાં દુઃખી થાવું કોકને.

મોદીકદાસ—આપ ખરૂં કહોછો. આવાં ઉતરેલ હાંડલાં આપણી નાતમાં હજી કેટલાંક છે?

ગળાંકરદાસ—એક તો જે મરી ગયો એની વહુવજ. એને તો તમે જોઇ હશે. એતો તમામ ખોખ્ખુ થઇ ગએલી છે. એનાં પણ લાકડા આની સાથે ખડકાણાં હોત તો સારૂં. જે દિવસ એ મરી જશે તે દિવસ પણ આપણા આવા ને આવા બુરા હાલ થશે.

મોદીકદાસ—એવામાં. આપણું કાંઇ વળે નહિ તો? એની પછવાડે કાંઇ આપણી ડાક ગળી થાય? આ શિયાળો તો સાવ ખાલી જાય એમ લાગે છે. આપણી નાત નાની તેથી મિષ્ટ પકવાન તો ક્યારેકજ મળે.

દયાનંદ—(આઘેથી આવીને) આ વખત એ બિચારી બાઇને કોઈ વાતે ઉભી ન રહી હો, એને આ ટાણે આભ ફાટી પડ્યો! એક તો એની સ્થિતી રાંક અને તેમાં વળી આ ઘા પડ્યો એ બાપડી કડભર થઇ ગઈ. એના ઘરમાં ખાવાને અંનનાં બી નથી, પેહેરવા લુગડું નથી, તેમ એક વાલની વાળી પણ નથી- આપણી નાતમાંથી કંઈ ફંડ એકઠું કરીશું, તોજ માત્ર એનો નિભાવ ચાલશે.

ગળાંકરદાસ—જો એની દુર્બળતા ઉપર આપને દયા ઉપજતી હોય, તો મેહેરબાની કરી આપ એકલાજ તેનો નિભાવ કરોને. બીજાને અંદર શુંકામ ખરડોછો? ભલા એ પુન્યનું કામ છે. એ બાઈ અને એની પુત્રી તમને આશિર્વાદ આપશે.

દયાનંદ—અરે ભાઈ! એક હાથે કાંઈ તાળી પડે છે? પંચકી લકડી અને એકકા બોજ. એમ કરયું હોય, તો થાય. આપણે થોડું થોડું આપવું પડે તે જણાય નહિ. ને એ બાપડાંનું કામ થઇ જાય.

ગળાંકરદાસ—પારકાં છોકરાંને જતી કરવાં એ તમને બહુ ગમતું જણાય છે. એ ભૂખે મરે કે મરી જાય, તેમાં આપણે શું કરવું? વળતે દિવસે આપણા છોકરાં કોનાં ઓશિયાળાં થવા જાય.

દયાનંદ—(એકલા) ભોગ લાગ્યા, અને પ્રભાતના પોહોરમાં મેં જીવતા જમનું મોંહું બોલાવ્યું. આજે કોણ જાણે ક્યા ચંડાળનું મેં જોયું હશે. મેં દાતણ તો કર્યું છે. પણ આશા નથી કે આજ મને ભોજન મળે. આ દુનિયાં પોતાનો સ્વાર્થ કેવો તાકે છે! ઇશ્વરે મને એના સોમા ભાગનું પણ દ્રવ્ય આપ્યું હોત તો, હું આટલો મખીચુસ રેહેત નહિ. હુંતો કહુંછું. આગ ઉઠે એની પુષ્કળ લક્ષ્મિમાં. જે માણસને એના જેટલા પૈસા છતાં તેમાંથી એક પાઈ પણ ન વાપરે તો તેને કંગાળમાં કંગાળ જાણવો જે દોલતનો ભોક્તા, તેજ ધનાઢ્ય. મેં મારો પોતાનો સ્વાર્થ સાધવા માટે નહિ, પણ માત્ર પરોપકાર બુદ્ધિથી ઉશ્કેરાઇનેજ તેનું મન જોવા

માં બોલાવ્યું પણ તેનું પરિણામ તો આ થયું. શું ! આ નિરાધાર બાઇના ફાળામાં થોડા પૈસા ભરી તેણે પેહેલ કરી હોત, તો બીજાઓનો મગદુર કે તે નાપાડે ? શું તેણે પોતાના અગણીત ધન્યમાંથી પાંચ પચીશ રૂપીયા ભર્યા હોત તો એટલે કાંઇ તેમાં ત્રોટો આવી જાત. જાણે એક જણાનું ગળું નોતુંજ કર્યું. પણ એના કર્મમાં પુન્ય કરવાનું ન લખ્યું હોય તે ક્યાંથી કરે. એના કર્મમાં પોતાને હાથે પોતાનું દ્રવ્ય વાપરવું લખ્યું ન હોય, તે ક્યાંથી વાપરે ? પોતે ધનવાન થયા એટલે પોતાનો જાતિ ભાઇ તો શું ! પણ પોતાનો સગો ભાઈ પણ શું કરેછે, અને કેમ ગુજરાન ચલાવે છે. તેની તે દરકાર કરતો નથી.

પ્રવેશ ૫ મો.

સ્થળ—નરહરલાલનું ઘર.

દુર્ગા૦—મા—દિલગીરીએ તારા હૃદયમાં ઊંડું મૂળ નાખેલું જણાય છે. મારો પીતા સ્વર્ગવાશી થયા. એ કાંઇ નવી નવાઇ નથી ! તારી એક આંખમાં શ્રાવણ અને બીજી આંખમાં ભાદરવો, વહ્યાંજ કરેછે. તું જાણેછે કે જેને આ દુનિયાં પર જન્મ છે, તેને મરણ પણ છે. તુંતો આટલી જઇફ થઈ, અને મારો પીતા ગુજરી ગયા, પણ કેટલીકતો બાળ રાંડ હોય છે. અરરરર ! એ બિચારીના જનમારો કેમ જતા હશે. આપણા પર રેહેમ લાવી વિદ્યાકુંવર બાઇએ મને છોરુના શિક્ષકની જગ્યો આપી છે. પણ બીજી કેટલીક બીચારીનાંતો પારકા ગોલાપા કરી જીવ જાયછે. વિચાર કર આનો કાળ કેમ ગુજરતો હશે ? તને તો હું પુત્રી છું, અને બીજી કેટલીક તો બાપડી વાંઝણી હોય છે. વિચાર કર, આનો કાળ કેમ ગુજરતો હશે ! સુખી થવાનો માત્ર એકજ રસ્તો છે. અને તે એકે આપણી હાલની સ્થિતિનો મુકાબલો આપણે આપણાથી વધારે દુખી હોય તેની સાથે કરવો. આપણાથી વધારે સુખીની સાથ આપણી હાલત સરખાવવાથી આપણે હાથે કરીનેજ આપણી અંદર બેચેનીનું બીજ રોપ્યું. મેં તને વારંવાર કેહેતાં સાંભળી છે કે, આ પૃથ્વિપર બધી વાતેતો કોઇકજ સુખી હશે, જે મન મોટી ફિકર વેઠારે છે તે વધારે સુખી.

કૈલાશ૦—બાઇ હું જાણુંછું, કે હવે ખેદયુક્ત થવું એ વ્યર્થ છે. ગમેતેમ કરતાં પણ હું તારા પીતાને નજરે જોવાની નથી. તો પણ મારૂં નિર્લજ મન ત્યાં ખેંચાઇ જાયછે. અને હું પાછી એક સમુદ્રમાં ગરકાવ થાઉંછું. હું પણ તારી પેઠે વિચાર કરૂંછું કે, હવે સંતાપ કરવાથી હું આ કાયાને જક્કા લગાડુંછું. અને મોતને મારા હાથથી બોલાવી લઉંછું. પણ વળી એમ વિચાર થાયછે કે, હવે જીવીને શું કરવું છે? જેમ આ કાયા વેહેલી પડે તેમ તેને એટલું ઓછું સંકટ વેઠવું પડે.

દુર્ગા૦—મા- ગઇ ગુજરી કર, પ્રાલબ્ધમાં જે લખ્યું હોય, તેમાં મિથ્યા થાય નહિ.

કૈલાશ૦—અરે દૈવ, મારાં પ્રાલબ્ધ ફૂટી ગયાં! બેન આપણે જન્મ દુખીયારાં! તારા પીતાએ આપણી પર દગો કર્યો. (રડેછે)

દુર્ગા૦—રડ નહિ, મારી વાહાલી મા!— રડ નહિ! તને તારી પોતાની જીંદગી વિષે તો દરકાર નથી પણ આમ કરવાથી તું મારીને જોખમમાં નાખછ. તું આત્મહત્યા કરવાને તો તત્પર થએલીછો, પણ આત્મહત્યા કરતાં તું બાળ હત્યાની પણ તકસીરવાર થઇશ.

કૈલાશ૦—લે જો, હું રડતી બંધ થઇ, અને આ ક્ષણથી તારી સાથ વચનથી બંધાઉ છું કે હવેથી હું કોઇ દિવસ પસ્તાવો નહિ કરૂં. બાઈ ખરૂં માનજે કે જ્યારે જ્યારે તેનાં કાર્યો મને યાદ આવે છે. ત્યારે ત્યારે મારી અંદર એકદમ દિલગીરીનો ઉભરો ભરાઈ આવે છે. મારૂં મન મુંઝાવા માંડે છે, અને રોઇને મારો સઘળો બળાપો જ્યારે હું બહાર કાઢી નાખું છું, ત્યારેજ માત્ર મને કંઈ ચેન પડે છે. પણ જ્યારે મારા રડવાથી તારા દીલ પર માઠી અસર થાય ત્યારે હું રડીશજ નહીં—ત્યારે બાપુ, છોકરૂંને ભણાવવા જવાનો વખત થયો છે. તું જા તો સારૂં. હું પણ મારી ઉંઘથી ઘેરાએલી આંખોને જરા શાંતી આપું.

દુર્ગા૦—આ ચાલી મા—(દુર્ગા જારો જાયછે.) (કૈલાશ.જે.રી નિદ્રાવશ થાયછે.)

(એક અદભૂત કદનો ભૂજંગ પ્રવેશ કરે છે.)

ભૂજંગ—વાહ! મારી મતલબ બર લાવવા માટે તેં મને જોઇએ

તેવી તક આપી છે. હે દુર્બળ આત્મા! આ દુઃખી ખોળીયામાંથી નિકળવાને તૈયારી કર! હું યમદૂતછું. જે દેહમાં તું રહેલો છે, તેના દુઃખનો હવે અંત આવ્યો છે. તેં આ જન્મારામાં પારાવાર સંકટ સહ્યાં છે; પરંતુ તેં નિતિ રસ્તે આચરણ કરેલ છે. માટે હવે સુખ ભોગવવાનો વારો આવ્યો છે તૈયારી કર. હું તને આ લોકમાંથી પર લોકમાં લઇ જઇશ, આપણે યમપુરીમાં જવું છે. યમ રાજાની આજ્ઞા પ્રમાણે રસ્તે હું તને અમનચેન કરાવતો લઇ જઇશ. ત્યાં તારા પુન્ય પાપની તુલના થશે, પણ તારે બેફિકર રહેવું. તારી કરણી સુકૃતવાળી છે. દુરાચારી અને અધર્મી લોકોની તો હું દુશ કાઢી નાખુંછું. પણ તને તો ઉની આંચ પણ નહિ આવવા દઊં. તને હું મારો શિરતાજ કરી લઈ જઇશ. માટે તૈયારી કર! દુષ્ટ અને હરામીઓનો જીવાત્મા લેતાં પેહેલા હું તેને કેટલી એક વેદના ઉપજાવું છું. કેટલાંક તરફડીઆં મરાવું છું. અને કેટલાંક ડચકાં ખવરાવું છું. પણ તારી બાબતમાં ડંખ્યા સાથેજ પ્રાણ વાયુ ખેંચી લઇશ માટે તૈયારી કર! આવી નિદ્રાળુ અવસ્થામાં હું તને તારા દુખી ખોળીયામાંથી જુદો પાડુ છું. તેથી તારી પાસેથી અંત કાળની પ્રાર્થનાનો લાભ ખેંચી લઉ છું. તો પણ આ જન્મારામાં તેં જે સ્તુતિયો કરેલી છે, તેથી સંતોષ માનજે. આ જન્મારામાં તું પાક દાનતથી વર્તેલો છે, એ-જ તારે મોટો લાભ છે—બીજાઓના કરતાં ઓછી મુદતમાં તું આ ભવસાગર તરીશ. તારી કાયારૂપી વહાણ આ ભવસાગરમાં ચલાવતાં અત્યાર સુધીતો તને ખડક અને ખરાબા આડા આવ્યા. પણ હવેથી ભર દરીએ નિર્વિઘ્ન પણે તારૂં વહાણ ચાલવાનો વખત આવ્યો છે. પણ એવું સુખ અને સગવડ જોઇ, જો તું ફુલાઇ જઇશ અને ગાંફલ રહી ઉંઘ્યા કરીશ, તો તારૂં નાવ કુમાર્ગે ચાલ્યું જશે. પછી છુટકારાની કોઈ દિવશ આશા રાખીશ નહિ પણ મારે લાંબા ટુંકી વાત શું કરવા કરી જોઇએ. મારે મારા કામથી કામ, એ જાગૃત થશે, તો મારે વળી વધારે હેરાન થવું પડશે, લે તારે એક ડંખે કરાર. (ભૂજંગ ડંખે છે)

કૈલાશ૦—(ઉંઘમાં) **હર, હર, શંકરા!** (મરી જાય છે)

(દુર્ગાગૌરી પ્રવેશ કરે છે.)

દુર્ગાં૦—વાહ મા—મારા કાલા બોબડા બોધથી તારા મનપર આટલી બધી અસર થએલી જોઈ મને પરમ આણંદ થાયછે. તને આવી ભરનિદ્રામાં સુતેલી જોઈ મારાં નેત્ર ઠરેછે. મા—તું ઘોરનિદ્રા લેતી નહોતી, તેથી તારો ચેહેરો બીહામણો લાગતો હતો, મોતને અને તારે માત્ર થોડુંકજ અંતર હતું. પ્યારી મા તારા કરતાં કોઈ પણ દરજે હું વધારે ડાહાપણનો હક ધરાવતી નથી. તોપણ જે વખત માણસ વિપત્તીમાં આવી પડેછે. ત્યારે તે ડાહાપણ તેને સુખી થવાનો રસ્તો બતાવ્યાને બદલે આ દુનિયાં રૂપી કારાગ્રહની ત્રાસ તેની નજર આગળ વધારે ખુલી કરી આપે છે. તારા મનની આવી અવસ્થામાં તને કોઈ પણ તરફથી દિલાસો મળવાની જરૂર છે, માટે આટલી ફતેહથી હરખાઇને હું દરરોજ બઘડી બેસી તારા મનનું સમાધાન કરીશ. હવે તો હું તને જાગૃત કરૂં તો સારૂં. તેં આજે ઊંઘનાં ખોખાં કાઢવામાં કચાશ રાખી નથી. (ઊઠાડે છ) મા...એ મા.. ઊઠને!—મા-તું હજુએ નથી ઉઠી? જોને જરા આંખ ઉઘાડીને; સાંઝ પડવા આવી છે—એ મારા ધડધડાટ્યા વગર નહિજ ઉઠવાની. (દુર્ગાગૌરી જઇ પોતાની માને હડબડાવી ઉઠાડવાની કોશીશ કરે છે.)

અરે! આ તો આમ કરતાં પણ ઉઠતી નથી! હાય! હાય! મા તારા શરીરનો વરણ ગૌર બદલાઈ આવો કેમ થઈ ગયો! આતે કાંઈ કૌતક થયું કે શું! મા મારી ધીરજ રેહેતી નથી! અરે તારૂં શરીર આવું શિયળ કેમ થઈ ગયું! રખેને કંઈ વિપરીત થયું હોયની!

(કૈલાશગૌરીની નાડી તપાસે છ)

હા! એ તો એમજ! ઠીક થઈ રહ્યું! હવે આશાજ શું કામ રાખવી જોઇએ! ભલો ભગવાન! તારે આમજ કરવું ઘટે! મારાં દૈવ! મારા કરમની રેખા આવી કઠણ બેઠી છે? રાહ! તું બારમે આવી તેં પણ તારો ભાવ પૂર્ણ રીતે ભજવ્યો છે. અરે! ઈશ્વર હું કયે શુકને વિન્ધ્યાકુંવરને ત્યાં ગઈ હતી? પાલણહાર! તું મને હજુ કેટલુંક સંકટ આપીશ, ત્યારે તારા કોપનો રોષ ઉતરશે? મા—તારા શરીરના નીલારંગ ઉપરથી હું અનુમાન ખેંચુ છું કે તને કોઈ ઝેરી જંતુએ ડંખી છે. ગમે તેમ હો,

તોપણ મારેતો તારી આશા છોડવીજ ના-કિરતાર ! તારાપર મારે દોષ મુકવાનો નથી, વાંક મારા પ્રાલબ્ધનો છે. દયાહીન જંતુ ! તેં મોટી ભુલ ખાધી છે, મારી માના મુડદાલ રૂધીર કરતાં મારૂં રૂધીર વધારે ઉષ્ણ અને સ્વાદીષ્ટ હતું. મૃત્યુ ! તેના કોહાઈ ગએલા માંસ કરતાં મારૂં તાજું માંસ તને વધારે પુષ્ટીકારક ખોરાક થઈ પડત ! પરમકૃપાળુ! તારી ગહન ગતી છે. હાય ! હાય ! હજુ બીજી કયા પ્રકારની આફત મારાપર નાખવા તારો વિચાર છે ! એની મને ખબર નથી. દીનાનાથ આ દુનિયાના દુઃખનો તમાશો બતાવવાને તને પુરૂષ ક્યાં નહોતો મળતો કે તેં મનેજ ચોંટી કાઢી ? દુઃખી સંસારના મધ્ય વહેનમાં તેં મને કેમ તણાતી મુકી ! આવાં મોટાં ફોરાંથી કોઈનાપર પણ વિપતીનો વરસાદ નહિ વરસ્યો હોય. સંકષ્ટની જેવી કલ્પીત વાતો વિષે મેં પૂસ્તકોમાં વાંચ્યું છે, તેવાં સંકટોનો આ વખત હું ભોગ થઈ પડીછું. શું હું ! સ્વપ્નભુમીમાં તો નથી કે ? ના ! એમતો નહિજ ! હું ખરેખર ! જાગૃતાવસ્થામાં છું. ત્યારેતો પસ્તાવો કરવાનું મને ખરૂં કારણ છે. મા જો તારી ઇચ્છા આ પ્રમાણે હતી તો તેં મને વિજયાકુંવરને ત્યાં કેમ મોકલી?—મા—જમ લોકમાં જો તેં મને તારી સંગી કરી લીધી હોત ! તો તારા સુખમાં હું કાંઈ ભાગ ન પડાવત ! મા—મારા પીતાએ મારેલો જખમતો હજુ રૂઝાયો નહોતો એટલામાંતો તેં એક બીજો માર્યો. આ એવો સખતછે કે તે રૂઝાવાની મને કોઈ દિવસ આશા નથી. મા—તેં મને ઉછેરીને મોટી કરી. મારા ઉપર ઉપકાર કર્યા ! તેનો બદલો વાળવા તેં મને તક કેમ ન આપી? મા—થોડા દિવસ આજારી રહી, તું ચાલી નીકળી હોતતો મને આટલી બળતરા થાત નહીં. મા—મારા અંતઃકરણમાં દાવાનળ ઉઠ્યો છે. આગલા જમાનામાં મેં શું અઘોર કૃત્યો કર્યા હશે કે તે મને આ ભવમાં નડેછે ? આ દુનીઆદારીની ખટપટમાં, મા—તેં મને બીલકુલ વાકેફ કરી નથી. તેના ઉપર એકદમ અટાટની ઉતરી. તે કેમ ઉપાડશે પ્યારી મા,—તું મને ખરા અંતઃકરણથી ચાહાતી નહોતી એનીતો મને હમણાંજ ખબર પડેછે ? ને જો ચહાતી હોતતો આ સંસાર રૂપી બંધીખાનામાંથી જ્યારે તું છુટી થઈ, ત્યારે તારી સાથે મને મણ કરેત. જગતપતિ ! જગતચક્રાવાનું કામ આવું વિકટ જાણ્યું હોતતો,

કોઈ પશુ, પક્ષી યોનીમાં અવતાર લેવાનું હું વધારે પસંદ કરેત.

(પાડોસીઓ આવી પોંહોચે છે.)

૧ લો પાડોસી—શું છે, દુર્ગા બાઈ શું છે. આટલો કલ્પાંત શું કામ કરોછો. તમારી માને કાંઈ થયુંછે કે શું? (લાસ તરફ જોઈને) અરરરર! ભુંડી થઈ! સત્યાનાશ વળ્યું! તમારાપર દુઃખના ડાભ ઉગવામાં કાંઈ મણા રહી નહિ.

૨ જો પાડોસી—હાય! હાય! બીચારીને માયા મુડીમાં એક માજ હતી તે પણ ચાલી નીકળી! (દુર્ગાને) બાઈ—તારાપર શતમ ગુજરયો. ડાટ વાળ્યો! અરે! આજ સવારે મેં એને સાજાં સારાં બેઠેલાં જોયાં હતાં. અને એક ઘડીમાં શું થઈ ગયું?

દુર્ગાગૌરી—(રોતી રોતી) ભાઈયો, હું કાંઈ જાણતી નથી. હુંતો બહાર ગએલી, અને પાછળથી આમ થયું. મનેતો કોઈ ઝેરી સરપ જેવા પ્રાણીનો કરડ લાગે છે.

૧ લો પાડોસી—રડો નહિ બાઈ, રડો નહિ. જે થવાનું હતું તે થયું. કરોડ ઉપાય કરશો તોપણ તે અણ થયું નહિ થાય. રોઇને ગમેતો આંધળાં થશો યાતો તેની પાછળ તમારો જાન ખોશો તોપણ તમે તેને જોનાર નથી.

દુર્ગાગૌરી—હું શું કરૂં? ભાઇયો, એનું મુડદું જોઈ મારૂં અંતઃકરણ ભેદાઈ જાયછે. મારૂં ચિત્ત ભ્રહ્મીત થાયછે.

૧ લો પાડોસી—થાય, એમાં કાંઈ નવાઈ નહિ! પણ શું કરવું. એમાં આપણો કશો ઉપાય ચાલતો નથી. જે માથે પડી તે ઉપાડ્યા વગર ચાલે નહિ. વેશ કહાડ્યો તે ભજવ્યા વગર છુટકો નહિ.

૨ જો પાડોસી—ત્યારે હું બધા સામાનની તજવીજ કરૂં. અને તમે જઈ એની નાતમાં ખબર આપો તો કેમ?

૧ લો પાડોસી—હા ભલે એમજ કરીએ.

દુર્ગાગૌરી—અરર! મારી માડીરે—તું ક્યાં છે! મારા બાપલીયા! મારી સાથે એક છેલી વાતતો કરતી જા!

૧ લો પાડોસી—ગમે તેટલાં ટળવળીયાં મારો પણ તમે તમારી

માને નજરે જોવાનાં નથી.

૨ જો પાડોસી—છોકરમત જવાદો ! શિવ ! શિવ ! કરો. બનવાની હતી તે બની.

દુર્ગાગૌરી—અરે મા!તારૂં આવું વિકાળ સ્વરૂપ જોઈ હું ડર ખાઊંછું.

૧ લો પાડોસી—હું મારે ઘેરથી જઈને મોકલું. અને તમે તમારે ત્યાંથી મોકલજો.

૨ જો પાડોસી—બહુ સારૂં આ આવ્યો. જાઊં ! હમણાં મોકલું.

(બંને જાયછે.)

अंक पेहेलो समाप्त.

अंक २ जो.

પાત્ર.

વિજયાગૌરી..................ગદાધરદાસની સ્ત્રી.
દુર્ગાગૌરી ....નરહરલાલ તથા કૈલાસગૌરીની પુત્રી.
ગદાધરદાસ ....ગામનો સર્વોત્કૃષ્ટ અધિકારી.
પુરૂષોત્તમદાસ ....એક કવિરાજ.
જયચંદ ....એક નગરવાશી.
બીકણદાસ ....એક નગરવાશી.
હીમતલાલ ....એક નગરવાશી.
બગડંમદાસ ....એક નગરવાશી.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ગદાધરદાસની હવેલીમાં અધ્યયનકુટી.

(દુર્ગાગૌરી છોરુને ભણાવતી બેઠીછે. એવામાં વિજયાકુંવર પ્રવેશકરેછે.)

વિજયાગૌરી—તારી માતુશ્રીના કૈલાસવાશી થયાના દુઃખદાયક ખબર જ્યારથી મેં સાંભળ્યા, ત્યારથી મારા હૃદયમાં, દાવાનળ પ્રગટ્યોછે. તારા દુઃખનો ખ્યાલ જ્યારે જ્યારે મારા મનપર આવેછે, ત્યારે ત્યારે હું બેહોશ થાઉછું. ગ્નાત્રી ફીકર તો મને એ થાયછે કે, તું જેવું રત્ન રાખમાં રોળાશે. તું, સર્વ કળા કુશળ, તું કોઈ ઉમદા કુળને પ્રકાશિત્ કરે એવી તેની આ દુનિયાદારીની જન્મ પર્યંત ગાંઠ એક અયુગ્ન અને અણઘડ બુબકની સાથે જોડાય, એ મને મહા ખેદકારક લાગે. તું સર્વ ગુણ સંપન્ન, તારી કાન્તિ ચંદ્રને પણ ઝંખવાણો કરી નાખે એવી તેનું લાકડે માંકડું કોઈ રાભા જેવા ઢોંઢાની સાથે વળગાડી દેવામાં આવે એ તો મહા જુલમ કહેવાય ! અરરર ! તું જેવું અમુલ્ય રત્ન ! રાખમાં રોળાય ! એ હું કેમ જોઈ શકું ! હજારો લોકોમાં પોતાની આજ્ઞા વર્તાવ એવી તું. તે જ્યારે તેજ હજારો લોકોના ગોલાપા અને દાસત્વપણ

નીચે દબાઈ રહે, ત્યારે પૃથ્વિએ રસાતાળ જવું જોઇએ-! બાઈ, જે પ્રમાણે પૂષ્પને, વૃક્ષપરથી તોડી લીધા પછી જેમ તેની ખૂબસૂરતી ઘટવા માંડેછે. અને વખતસર કરમાઇ જઇને સુકાઈ જાયછે. તેજ પ્રમાણે જ્યારથી તારી મા તને આ વિસ્તીર્ણ દુનિયામાં નિરાધાર મેલી ચાલતી થઈ. ત્યારથી તારી કાન્તિ મને ક્ષીણ થતી લાગેછે, બેન! ઇશ્વર ઇચ્છાથી જે બનવાનું હતું તે બન્યું. તેને માટે હવે હાથ ઘસવા અને સંતાપ કરવો એ વ્યર્થ છે. સત્ય કરી માનજે કે જ્યારથી તારી માએ તને મારી પાસે સંદેશાપાર મોકલી, ત્યારથી હું તને મારા ફરજંદ તુલ્ય ગણુંછું. તારી અંદર અને આ મારી છોટુની અંદર હું કશો તફાવત લેખતી નથી. આ સમય હું પ્રતિજ્ઞા કરૂંછું કે, જેવી મારી દ્યાનત હાલ પાકછે. તેવીને તેવી જો વિશ્વનાથ મારી મૃત્યુ ઘટિકા સુધી રાખશે તો તો હું તને પાળે જઇશ. તારે માટે યોગ્ય વર ઘર ગોતી તારૂં કન્યાદાન હું મારે હાથે આપીશ. તેમાં પણ એટલી સરત કરૂંછું કે, જો કદાચ અમારા પોતાના ભાગ્યનો સૂર્ય અસ્ત થાય, યા તો મારા સ્વામીના તરફથી તને રજા આપવા મને બહુ આગ્રહ થાય ત્યારે મારાથી મારી પ્રતિજ્ઞા પળાવવી મુશ્કેલછે. મારા પોતાને માટે પુછતી હોતો જો હું મારી છોટુને પાળવામાં કોઈ દિવસ કંટાળો લાવું તોજ, માત્ર તને પાળતાં પોષતાં મને કંટાળો ઉપજશે.

દુર્ગા૦—બાઈ સાહેબ, આપનો ઉપકાર પુરતી રીતે માનવા મને જોઇતા શબ્દો મળી શકતા નથી, આં વખત હું શું કહું, એને માટે હું ગુચવણમાં પડી ગઇછું. હું દર વખત આપની આભારી થઇછું. થાઉછું, અને હવે પછી પણ થઇશ પણ એનો બદલો આ જન્મારામાં વાળી શકું એમ મને આશા નથી.

વિજયા૦—બેન, મારી છોટુને તું જે વિદ્યારૂપી બક્ષીસ આપેછે. તેને મારા ઉપકારના બદલા કરતાં પણ હું વધારે કીમતી ગણુંછું. થોડી મુદતમાં તે સારી રીતે લખતાં વાંચતાં શીખી ગઈ એ તેં મને મોટો ફાયદો કર્યોછે આટલો શ્રમ લઈ તથા આટલી કાળજી રાખી બીજું કોણ શિખવે?

દુર્ગા૦—એને શિખવવું એ મારી ફરજ છે.

વિજયા૦—તું, જેવી નૃત્ય કળા અને ગાયન કળામાં કુશળ છે, તેવી-કુશળ મારી છોટુને હું એક દિવસ જોવા ઇચ્છુંછું. ઇશ્વર મારી ઉમેદ પાર પાડો! જોને બેન, તારા માબાપ, એવી દુર્બળ હાલતમાં હતાં અને તને કેટલી પાવરધી કરી છે. અને હું આવી શ્રીમંત છતાં મારી છોટુને અજાણ અને બીન કેળવાએલી રાખું તો તે મારો માફ ન થઈ શકે એવો દોષ ગણાય, જે જે સાહીત્યોની જરૂર હોય, તે તે મારે ત્યાંથી મળી શકે તેમ છે અને તારી માને બાપડીને તો હજારે જણાના ઓશીયાળા થવું પડ્યું હશે. તારી મા તો ઘરના કામમાંથી પોતાનો વખત બચાવી તને શિખવતી. અને હું તો મારી છોટુને માટે ઉસ્તાદો રાખી શિખવવા શક્તિવાન છું. બાઈ, ખુદરતનો એવો નિયમ લાગે છે કે, રૂપ અને ગુણ એકજ શરીરમાં સંયુક્ત રહેલાં ભાગ્યેજ જોવામાં આવે છે. પણ તને રૂપવંતી અને ગુણીયલ બંને જોઈ મને આનંદ સાથે આશ્ચર્ય થાયછે! રૂપમાં એવો વશીકરણ રહેલો છે કે, મનુષ્ય જાતી તેને જોવાથી તરત ભરમાઈ જાયછે. પણ તેજ રૂપની સાથે જ્યારે સદગુણો જોડાએલા હોયછે, ત્યારે તો વળી આડો આંક વળે છે. તારૂં મુખ ચિન્હ, તથા તારી શરીરાકૃતી જોકે, પૂર્ણતાનો નમુનો છે. આ બક્ષીસ તો તને ખુદરતે આપેલી છે. પરંતુ તારૂં મન સુધારવા પાછળ તેં જે શ્રમ લીધેલોછે. તે જોઈ હું વખતે વખત દંગ થાઉછું. હરવખત તારી ઉપર મારા પોતાના ફરજંદ કરતાં પણ વધારે વહાલનો જુસ્સો મારા મનમાંથી ઉભરાઈ આવેછે. ધરમની ફરજો અને ફરમાનો વિશેનું તારૂં જ્ઞાન મારા કરતાં પણ ચઢીઆતું લાગેછે. ઇશ્વિર પ્રેરણાથી તારા વિચારો ગંભીર અને બુલંદ માલુમ પડેછે. જો એમ ન હોયતો આટલી છોટી ઉમ્મરમાં માત્ર પુસ્તકો વાંચીનેજ વિચારમાં આટલો સુધારો કરવો એ અસંભવિત્ છે. તારી સમજ શકિત પણ એવીછે કે, કોઈ બાબત વાંચવાથી કે, સાંભળવાથી તે તરતજ તારા મગજમાં પ્રવેશ કરેછે.

દુર્ગા૦—આપનાં આટલાં બધાં વખાણને હું પાત્ર નથી. આપ મારી આટલી બધી તારીફ કરોછો, તેથી હું શરમાઈ જાઉછું.

વિજયા૦—તું, શરમાઈ જા, એમાં નવાઈ નહિ. સબબ સદગુણીનાં એ લક્ષણ છેકે, જ્યારે જ્યારે તેમના ગુણોનું કોઈ વિસ્તારથી વર્ણન કરેછે. ત્યારે ત્યારે, તે વખાણથી ફૂલાઈ જવાને બદલે ઉલટાં શરમાઈ જાયછે. જેટલાં તેઓ નમ્ર હોય, તે કર્ત્તા વધારે નમ્રતા પકડેછે.

દુર્ગા૦—હું ક્ષમા માગી બોલુંછું કે, બાઇસાહેબ, આપે જે મારાં વખાણ કર્યાં તેને લોકો ખુશામતનું નામ આપી શકે.

વિજયા૦—તું ભુલ ખાછ, દુર્ગા, આવાં વખાણોને માત્ર અણુસમજુ લોકજ ખુશામત કેહેછે. હું તને ખુશામતની વ્યાખ્યા કરી બતાવું તે સાંભળ. કોઈ સંપત્તીવાન યા સત્તાધિશ મનુષ્ય, પછી તે ગમેતો અકલનું બારદાન હોય, તોપણ કેટલાંક માણસો તેની પાસેથી પોતાનું કામ કાઢી લેવા સારૂ, જે ગુણો તેનામાં નથી, તે ગુણો યુકત તેમને કરીને આકાશમાં ચઢાવે છે, ત્યારે તે તેની ખુશામત કરી કેહેવાય. આવી ખુશામત હર વખત તેને મોઢે કરવાથી તેને એક જાતનું બંધાણ થઈ જાયછે. તેની મગરૂરી દીન પ્રતિદીન વધતી જાયછે. જ્યારે તે પોતાની તારીફ સાંભળે, ત્યારેજ તે માત્ર ખુશમીજાજમાં રેહેછે, આવાં માણસો જો પડતીમાં આવે અને સઘળા હાજીયાઓ તેની આસપાસથી ખસી જાય, જેથી તેને ખુશામત રૂપી ખોરાક મળતો બંધ થાય. ત્યારે તે બીચારાનાં મન ઉદ્‌વેગ ભોગવ્યા કરે.

દુર્ગા૦—ત્યારે, આપે મને "સર્વ ગુણસંપન્ન" "સર્વ કળા કુશળ" તથા "તારી કાંન્તી જોઈ ચંદ્રપણ જંખવાણો પડે." એવી ઉપમા આપી તે ઉપમાને હું લાયક નથી. માટે આપે અઘટિત્ ઉપમા આપી. અને સારા અર્થમાં અઘટિત્ ઉપમાએ ખુશામતની બરોબર છે. હું આપની સાથે બોલવામાં આટલી બધી છુટ લઉછું. માટે ક્ષમા કરજો.

વિજયા૦—ખરૂં દુર્ગા, તું ખરૂં કેહેછે. આવી તારા ગુણો અને રૂપને ઉપમા આપવાથી મેં તારી ખુશામત કરી, એમતો નહિ, પણ તે ગુણો અને રૂપનું મેં અતિશયોક્તિ કરી વર્ણન કર્યું એમ કહી શકાય ખરૂ, પણ આ પ્રમાણે બોલવાની તો લોકોમાં રૂઢી પડી ગએલી છે. જો તારૂં કેહેવું ખરૂં હોયતો, તો આપણા કવિયો, ચારણો, અને ભાટો

એ સઉથી વધારે ખુશામતીયા છે. તેઓ એક તરણાને મેરૂની ઉપમા આપી તેનું વર્ણન કરેછે. પણ એમ નહિ. જ્યારે એવી ઉપમા પોતાનું હિત્ સાધવા માટે માણસ આપે ત્યારે તે ખુશામત કેહેવાય? તરણાનો મેરૂ બનાવવાથી કવિ કાંઈ તરણા તરફથી ન્યાલ થવાની આશા મનમાં રાખતો નથી. પણ તેજ કવિ જો, કાજળ જેવા કાળા પુરૂષને મોતીના જેવી કાન્તીનો અલંકાર આપે, અકલના દુશ્મનને બ્રેહેસ્પતીના જેવા ડહાપણ વાળાની ઉપમા આપે, જે રંકમાં પણ રંક હોય, તેને ચક્રવર્તિ રાજાનું રૂપ આપે, તથા જે કૃપણતાનો નમુનો હોય તેને કરણના જેવો દાતાર કહી વરણવે ત્યારે તે તેની ખુશામત કરી એમ કેહેવાય.

દુર્ગા૦—બાઈ સાહેબ, હું આપના કેહેવાનો ભાવાર્થ સંપૂર્ણ રીતે સમજી. મને આંહી આવ્યાં લાંબો વખત થયો. માટે જો જવાની પરવાનગી આપોતો હું જઉ.

વિજયા૦—બહુ સારૂં આવજે બેન, જેજે ચીજોની તને ગરજ પડે તે વિષે મને કહેજે. એટલે તે તરત હું પોંહોચતી કરીશ.

દુર્ગા૦—બાઈ સાહેબ, એ વાતનો સંપૂર્ણ મને વિશ્વાશ છે.આપ મારી બહુ ખાતર રાખોછો—બાઈ સાહેબ આપને નમન કરૂંછું.

(જાયછે.)

(ગદાધરદાશ પ્રવેશ કરે છે) વિજયા કુંવરી (ગોરી) ઉઠી ઉભી થાયછે.

વિજયા—બિરાજીએ સ્વામીનાથ,આપને માટે આ આસન તૈયારછે

(આસનારૂઢ થાયછે.)

ગદા૦—સ્ત્રિ જાતિ ગમે તેવી હોય તોપણ તે પોતાની મરજી મુજબ વર્ત્તે છે.

વિજયા૦—મને યાદ નથી, કે એકે બાબતમાં હું આપની આજ્ઞા વિરૂદ્ધ ચાલી.

ગદા૦—યાદ કર, તું કોઈ વખત પણ ચાલી હોઈશ.

વિજયા૦—મને યાદ દાસ્તમાં આ વખત એવું કાંઈ આવતું નથી. માટે મેહેરબાની કરી આપજ કહી આપો, એટલે મારી ભુલ હું સુધારૂં.

ગદા૦—આપણી જ્ઞાતિના નરહરલાલને ત્યાં ડાકતરને ઘરમ ઘક્કો

ખવડાવવાની મેં નાખુશી બતાવી હતી, પણ તેં મારી મરજીની ઉપર- વટ થઇને ડાકતરને તેને ત્યાં મોકલી આપણાપર પાડોશણું ચડાવ્યું. તોપણ તે મરી ગયો. આપણા ઘરડાઓ એ કેહેવત કાંઈ ખોટી નથી ક- હેતા કે સ્ત્રી, રાજા, બાળક, અને જોગી, એ ચારે પોતે લીધેલો હઠ મુકતા નથી—લેજો, હવે તને કેટલું પસ્તાવું પડતું હશે.

વિજયા૦—સ્વામીનાથ, આયુષ્ય આવી ખુટ્યું હોય, ત્યારે ડાકતર પણ શું કરે? પણ આપજ દરીયાફ કરો કે જ્યારે ડાકતર સાહેબ તેને ઘેર ગયા, ત્યારે, તેનાં ઘરનાં માણસોને કેટલો ઉલ્લાસ થયો હશે? તેમણે કેટલી બધી આશા બાંધી હશે? તથા તેમનાં અંતઃકરણે આપણને કેટલી બધી આશિષ આપી હશે.

ગદા૦—એ આશિષથી આપણા કાંઈ રોટલા થાય નહિતો,એ વાત હવે બાજુ ઉપર મૂક, મેં તને પાઇએ પાઇનો સંગ્રહ કરવા આજ્ઞા કરેલી છે. તે છતાં તું ઉડાઉપણે પોતાની મરજીમાં આવે તેમ પશા ઉડાવછ. તુંતો એમજ જાણતી હોઇશ કે, લક્ષ્મિનું આપણે ત્યાંહાં ખેડું પાકેછે.

વિજયા૦—નહિ, સ્વામીનાથ, હું એમ કેમ જાણું? ગેરવ્યાજબી રીતે અને ગેર રસ્તે હું એક ખોટી દમડી પણ ખરચતી નથી. પણ આપણી પ્રતિષ્ટા પ્રમાણે જ્યાં અવશ્ય કરીને જોઇએ ત્યાંજ વાવરૂંછું.

ગદા૦—પેલી, નરહરલાલની છોકરી દુર્ગાને. મેં બે ત્રણ વખત આપણી છોટુને ભણાવતી જોઇ, તે ઉપરથી હું કલ્પના કરૂંછું કે, તેં કંઈ તેનો પગાર બાંધી આપ્યો હશે. કારણકે વગર પૈસે કોઈ ભણાવે નહિ.

વિજયા૦—હા સ્વામીનાથ, છેતો એમજ. પણ એ પગારતો હું મારી ખાનગી મુડીમાંથી આપુંછું.

ગદા૦—નહિ, નહિ, તારા ખાનગી પૈસા પણ આ પ્રમાણે બર બાદ થવા કંઈ આપેલા નથી.

વિજયા૦—ત્યારે પ્રાણપતિ—આપની જેમ મરજી હશે તે પ્ર- માણે વર્તીશ.

પ્રવેશ ૨ જો.

સ્થળ.—નરહરલાલના ઘર પાસેનો ચોટો.

(કવિરાજ સાથે એક શેહેરીઓનું ટોળું તેમાં જયચંદ, ભીકણદાશ, હિમતલાલ, બગડુંમદાશ પ્રવેશ કરેછે.)

પુરશોતમદાશ—અરે ભાગ્યના વારંવાર બદલાતા ચક્ર, માત્ર માણસોનેજ નહિ, પણ દેવતાને પણ તું તારી ધરીપર અહરનીશ ફેરવ્યા કરેછ. તારી આવી વેગવાળી ગતિ જોઈ હું ચમકુછું !

આ વખત એક જણ જે કિર્તિની શિખરપર હોય,તેને ક્ષણભરમાં તું પાયમાલીના કીનારાપર ઘસડી નાખેછ ! એક વખત જેની પાલખીયો બિગારી ઉપાડતા હોય તેને ક્ષણભરમાં બિગારી કરી બિજાની પાલખીયો તેની પાસે ઉચકાવછ. જેને ત્યાં આ વખતે લીલા લેહેર હોય ત્યાં ક્ષણભરમાં તું છાવડ છટબોલાવછ, ઓહો ! એક ભવમાં તું માણસને કેટલા બધા ફેરફારને તાબે કરેછ. જે બિચારે કોઈ દિવસ સુર્યનારાયણનાં દર્શન પણ ન કીધાં હોય, અર્થાત જેણે ટાઢ તડકા, કોઈ દિવસ વેઠેલા ન હોય તેને મધ્ય ગ્રીષ્મરૂતુને ખરે તડ તડીયે, જ્યારે નાશકારક, લુ, વાહવાથી મનુષ્ય જાતિના પ્રાંણ ચપટીમાં આવી રહ્યા હોય, જ્યારે કેટલાંક પક્ષીયો કમોતે રામચરણ પામતાં હોય, જ્યારે પથ્થર ઉપર પાણીપડવાથી છમકારો વાગતો હોય, તેવે વખતે તપેલા કાળમીઢ પથ્થરોમાં સુવાની તે બિચારાને તું ફરજ પાડછ. શયન કરતાં જેને પુષ્પ સજ્યાઓ પણ ખુચતી હોય, તેને એક વખત તું લોઢાની તિક્ષણ અણીવાળી ચોકીપર સુવડાવછ! જેને ઘેર હજારો લોકો ઉદર પૂરણા કરતા હોય, તે બિચારાને કોઇને ત્યાં ઉદર ભરવાની તું ફરજ પાડછ ! જેનાં નાક અને મગજ સદાકાળ ઊંચા પ્રકારના બસ્રાઈ અતર અને સુગંધીક પદાર્થો વડે મસ્ત રેહેતાં હોય તેજ નાકપર તું ક્ષણભરમાં મરચાના તોબરા ચડાવછ ! આવા તાત્કાળીક ચમતકાર, તું ગરીબની હાલતમાં નથી બતાવતું તોપણ કાળાંતરે કરી તું તેમાં ઠીક ફેરફાર કરેછ. જોને, કોઇને ભરવાડને અને કોઇને કોળીને ઘેર જન્મ પ્રાપ્ત થયા પછે તેને તું તખ્તનશીન બનાવી દેછે ! જે બિચારે એકાંત વાસ ઝુંપડાંનાં દુઃખો જોયેલાં હોય,તેને

કાળે કરી ઉંચા ઝરૂખાઓના વૈભવ બતાવછ. ટુંકામાં તારી ગતી અકળ છે. દુર્બળ પ્રાણી મનુષ્યની તારી પાસે જરાપણ કારી ફાવતી નથી.

જયચંદ—કવિરાજ, આપનું કેહેવું સત્ય છે, જુવોને આપણા સર્વોતકૃષ્ટ અધિકારી, જેમના બાપદાદાએ ઉત્તરોત્તર કારભાર કરેલો, તેની હાલતમાં એક ઘડીમાં કેટલો તફાવત પડી ગયો. એ બાપડાને કેટલાં સંકટ વેઠવાં પડેછે. જે વેદના, તેને પોતાને ખમવી પડેછે તે, તથા તેનાં કુટુંબ આ વખત જે કળકળાટ કરેછે તે જોઇને હું ત્રાસ પામુંછું.

પુરૂષોત્તમદાશ—તેનાપર જે પ્રમાણે આ વખત જુલમ ગુજર્યો. તેની યથાસ્થીત્ હકીકતથી વાકિફથવા હું ઇછુંછું. માટે જો કોઇ તમારામાંથી જાણતો હોય, અને કહેશો, તો હું તેનો આભારી થઇશ.

બીકણદાશ—આ આફતનો હું પેહેલેથી તે છેલે સુધી તમાસગીર હતો, તેથી હું યથાસ્થીત્ બીનાતો જાણુંછુ પણ આવા લોક પ્રસિદ્ધ સ્થળે તે તમારી પાસે ખુલી કરવી, એ હું સલામતી ભરેલું ગણતો નથી. હું ગરીબ માણસ માર્યો જાઉં.

કવિરાજ—એમાં તું આટલો ડર શાને ખાછ. જે હકીકત ખરેખરી બનેલી છે. તે કેહેતાં તને કોણ મારી નાખેછે? જો તને કાંઈ પણ જફા લાગે, તો તેનો જવાબદાર હું આટલા નગરવાસીની સાક્ષીથી થાઉંછું.

બીકણદાશ—નારે ભાઈ, માંડ માંડ કરી સુખે રોટલો કમાઈ ખાઊંછું, તેપણ કમાતો ટળી જાઉં,

પુરૂષોત્તમદાશ—અરે, નાદાન, આટલો બીકણો શા વાસ્તે થાછ. તારામાં પણ નામ તેવા ગુણ જણાયછે.

હીમતલાલ—અરે, એતે શું કેહેશે, લોને હુંજ આપને કહી સંભળાવું. કારભારીનાં કેવાં લક્ષણ હોવાં જોઇયેં,એ આપ મારા કરતાં વધારે સારી રીતે જાણતા હશો—તોપણ મારે જણાવવું જોઇએકે, કારભારી રાજ્ય રીતીમાં કુશળ, અકલવંત, મીલનસાર, દીર્ઘદ્રષ્ટીવાળો, અર્થ વિદ્યામાં નિપુણ, વિચક્ષણ, પીઢ, અને શાંત વૃત્તિનો માણસ જોઇએ, હલકી વાતમાં જીવ ઘાલવાથી તેના મરતબાને ખલેલ પોહોંચેછે.

પોતાનો દબદબો સારી રીતે જળવાય, એટલું તેણે ખરચ, તથા ઉદારતા રાખવાં જોઇયે, તેનું મન ઘણું મોટું હોવું જોઇયે, વસ્તી ઉપર રેહેમ રાખી તેની આબાદી ઇચ્છવી જોઇયે, ન્યાય નિર્મળ અને ચોખો આપવો જોઇએ, માણસની યોગ્યતા તપાસ્યા પછી તેને કોઇપણ જગ્યો ઉપર રાખવા ભલામણ કરવી જોઇયે. "સારાંશ રાજ્યનું હિત જાળવતાં વસ્તીનું બેહેતર તેણે પેહેલેથીજ ધ્યાનમાં રાખવું જોઇએ. તેનાપર રાજાની પ્રિતિ દીન પ્રતિદીન વૃધી પામતી જાય એવા તેણે ઉપાયો યોજવા જોઇયે. તેને બદલે આ ભાઇતો, આડેધડે શોરવા મંડ્યા હતા, રાજ્ય કેમ આબાદીમાં આવે તે વિષેના ઉપાયોમાં પોતાની બુદ્ધિ ખરચ્યાને બદલે પોતાનું જામદારખાનું કેમ તાજુ થાય, તે વિષે હમેશ ચિંતવન કરતા, પરિણામ એ થયું કે, બીચારી વસ્તીને અન્નને અને દાંતને વેર થયું. દરએક જગ્યો ઉપર બળાત્કાર અને અંધેર નજરે આવવા લાગ્યાં; લુંટ અને જુલમના પોકાર સંભળાવવા લાગ્યા; વસ્તી નિચોવાઇ રહી એટલે રાજ્યનો લાંબા વખતથી ભરેલો ખજાનો તે ખાલી કરવા લાગ્યો, જ્યાં સુધી પોહોંચ્યું, ત્યાં સુધીતો, તે તથા તેના ભાઇ ભત્રીજાઓએ, ખોયાં કરવામાં કાંઇ કચાશ રાખી નહિ, રાજા પણ દારૂડીઓ, કુછંદી, અને વિષયી, તેથી સૂર્ય કઇ દિશામાં ઉગ્યો, કઇમાં અસ્ત થાયછે. તેની તેને ખબર નથી, રાજ્યના ઉપર કરજ વધવા લાગ્યું. અને હાલમાંતો એવી સાંકડ આવી પડી હતી, કે રાજ્યને ઉધારે પૈસા આપવા એ લોકો ભય ભરેલું ગણતા હતા, જે કમજાત હાજીયા. રાજાની આસપાસ એકઠા મળેલા છે, તેને પૈસા ન મળવાથી તે રાજાનું બુરૂં બોલવા લાગ્યા. તેઓ રાજાના કાન હમેશાં ભરવા લાગ્યા કે, તારા બાપદાદાએ, અમને મન માનતાં લાડ લડાવ્યાં છે, અને તુ અમને પેટ પુરણ ખાવાનું અન પણ આપી શકતો નથી તે દિવસપણ આનો આજ તાલુકો હતો, પણ તેનો વહીવટ ચલાવનાર માણસો ઘણાં હુશીયાર હતાં, આવાં માર્મિક વચન સાંભળી રાજાને ચાનક ચડી ગઇ, ઓછામાં પુરૂં. વળી તેની પડએ ચપળદાશ ચડ્યો.

બગઢંદાશ—મેહેરબાની કરી મને કેહેશો કે, ચપળદાશ કોણ છે?

હીમતલાલ—આ ચપળદાશ, ગદાધરદાશનો ભત્રીજો છે. તે રાજ્ય ખટપટમાં ઉછરી મોટો થએલો છે. તે દાવપેચ રમવામાં ઘણો કુશળ છે. તેણે ત્રણ વખતતો કારભાર કરી બંધીખાનું વેઠેલું છે.

બગડંદાશ—એતો ભાઈ, ગોળ ખાય, તે ચોકડા ખમે. મામલા છે, એતો.

હીમતલાલ—રાજાને તુરત મેળવી લેવાની અજાયબ જેવી કળા તેનામાં છે, તે ઉપરથી શત્રુ તરફ પણ ઘણોવિવેક બતાવેછે. પણ લાગ આવે ત્યારે તેને કાંઠલામાંથી કાઢી નાખતાં તે જરાપણ આંચકો ખાતો નથી. તે ઉપરથી વિદ્વતાનું ડોળ બતાવે છે, અને પોતાની ડોળદાર વિદ્યાથી ખુશી કરેછે. પણ કોઈ વિદ્વાન સામો આવી ઉભો રહે કે, તુરત તેનું પોકળ બહાર પડેછે, આવો માણસ આપણા તરપેલ રાજાની પડખે ચડ્યો, એટલે પછી શી મણા રહે? વાંદરો, ને વળી દારૂ પાયો, એક તરફથી રાજાને પૈસાની ઘણી તંગાશ, અને ઉધારે પૈસો મળતો બંધ થયો. તેથી ચપળદાશે એક તરફથી રાજાને કહ્યુંકે, જો તમે ગદાધરદાશને ભૂંડી મેળે કાઢો, અને મને કારભાર સોંપો તો હું મારી ગાંઠના મોટી પઇસાની રકમ આપું. બીજી તરફથી વસ્તી પાસે તેના ઉપર ફરિયાદી કરાવી, એક તો બળતું હતું અને તેમાં વળી ઘી હોમ્યું. ફરિયાદીઓને રાજાની સમત્તીથી અભય વચન આપ્યું કે, તમારો વાળ પણ વાંકો થવા નહિ દઇએ.

બગડંદાસ—જોજો, ભાઈ, રાજ્યના મામલા !

હિમતલાલ—બેદાદ થએલી દરેક રૈયતે ફરિયાદ કરી આ કોભાંડથી કારભારી છેલી ક્ષણ સુધી પણ વાકેફ નહિ હતો. નહિ તો ચેતવણી લઈ એ પણ અગ્યારાં ગણવાં ભૂલત નહિ. પણ તેનાં પુન્ય આવી ખુટેલાં તેથી છેવટ સુધી પણ કાંઈ ખબર પડીજ નહિ. રાજાએ આજ્ઞા કરી કે, તેનાં ઘર ખોરડાં લુંટી લેવાં. કારભારી હરામખોર ને મુશકે બાંધી, મારી હજુરમાં લાવવો. તેના કુટુંબ કબીલાને અંદર પુરી ડેલીપર કડીયો જડી દેવી, જેથી કોઇ જવા ન પામે, સિપાઇઓ ઘેર આવે છે. એવી કારભારીને સુચના મળી કે. સ્ત્રિનો પોશાક ધારણ કરી કાખમાં છાણનો

સુડલો લઇ, વટી જવાની કોશીશ કરી, પણ કર્મ બે ડગલાં આગળનાં આગળ. દરવાને તેને ઓળખી કાઢ્યો. તેથી પકડી પેહેરેગીર સાથે રાજાની હજુરમાં મોકલાવી દીધો. બીજી તરફથી સીપાઇઓ, રાજાની આગના અમલમાં લાવવાને તેને ઘેર ગયા ત્યાં દુઃખદાયક અકસ્માત એ બન્યો કે, વિજ્યાકુંવરે ખડગ વતી પ્રાણ ત્યાગ કર્યો.—

(દુર્ગાગૌરી બીજી બાજુએથી પ્રવેશ કરે છે.)

દુર્ગા૦—(એકલી) દુનિયાં ! હું તારાથી કંટાળી ગઈ છું! હવેતો તને જોઈ મારી તિરસ્કારની સઘળી ઇંદ્રીઓ જાગૃત થાયછે.તારી અંદર મેં એવાં મોજ મઝા ન જોયાં કે, જેથી તારી અંદર રેહેવા મારૂં મન લલચાય.માટે તને થોડા દિવસમાં છેલ્લી સલામ કરવા મારો વિચારછે. સુખદાતા!આપ આ વખત મને દુઃખદાતા થઈ પડ્યા છો! મૃત્યુ ! જે મારીપર પરવરશી કરે, તેનેજ ગોતીને તું ખેંચી લેછ! મારૂં દુઃખ જોઈ દયા લાવવાને બદલે મારૂં સુખ જોઈ તને ઇર્ષા આવે છે! ધન્ય છે વિજ્યા તારી મરદાઇને ! ધન્ય છે તારી માતાને ! જેણે તને જન્મ આપ્યો, અને ધન્ય છે તારા ગુરૂને, જેણે તને જ્ઞાનોપદેશ કર્યો! શુરવીર સ્ત્રી ! તારાસીવાય, હાથમાં ખડ્ગ લઈ પોતાની ગરદન કાપતાં બીજી કઈ સ્ત્રીની હિંમત ચાલે ! હુંજ અભાગણીને, જીવ બહુ વાલો છે, કે તેને આદેહથી છુટો પડવા દેતી નથી. લે જો, વિજ્યાકુંવરને મારા પ્રમાણમાં અણુંમાત્ર પણ સંકષ્ટ હતું ? પણ તેણે દેહ ત્યાગ કર્તા વાર લગાડી ? શુરવિરપણુંતો આનું નામ! (પાછા ફરીને) અરે! કવિરાજ, આપ આ પ્રમાણે સંતાઈ રહી. મારી વાત સાંભળતા હશો. એવી મને ખબર નહિ, નહિ તો આ પ્રમાણે હું મારૂં મન પ્રકાશત નહિ.

પુરૂષોત્તમદાસ—બાઈ તેં દુનિયાનો ત્યાગ કરવામાં શું સુખ જોયું છે ? જે લોકો દુનિયાથી કંટાળી એકાંત વાસ લેછે, તેને એકાંત વાસમાં આ જગતના દુઃખો કરતાં વધારે ભારે દુઃખો વેઠવાં પડેછે. કદાચ પેહેલથી એકાંત વાસ ખુશકારક લાગે પણ પાછળથી તેને માટે બહુ પસ્તાવું પડે છે. એકાંત વાસના સુખ વિષે, જે કવિઓએ વર્ણન કરેલું છે. તે ઓછા અનુભવી, અને કમ અક્કલનાં માણસ જાણવાં. મનુષ્ય

સમાગમમાંથી દુર રેહેવાથી એવાં વિઘ્નો આડાં આવશે કે, તે ખસેડવાં એ તારી શક્તિની બહાર થઇ પડશે. ત્યાં તારૂં શીળ વૃત જાળવવું મુશ્કેલ લાગશે. ત્યાં તારી દ્રઢતા કાયમ નહિ રેહે? હું કહુંછું, તેની મતલબ થોડામાં સમજી લે, નહિ તો તું મને અને મારા શબ્દોને પાછળથી યાદ કરીશ.

દુર્ગા૦—કવિરાજ, હું મોટી ભાગ્યશાળી કે આપનાં મને આજે દર્શન થયાં, દર્શનનો લાભ એટલોજ કે, આપ મને મેહેરબાની કરી બતાવો કે આ સંસારમાં, હું કયે રસ્તે ચાલું. કે મારી આ જીવીકા સારી રીતે ચાલી જાય?

પુરૂષોત્તમ૦—સાંભળતાં મને દીલગીરી ઉપજે છે કે, તારા જેવી સ્ત્રીને અન્ન વસ્ત્ર માટે કોઇનાં ઓશીઆળાં થવું પડે તેમ છે. પણ બેન, એમાં આશ્ચર્ય થવાનું નથી! પંડિતો સઘળા ભીખારીજ હોયછે.

દુર્ગાગૌરિ—સાહેબ, જો ખરૂં પૂછતા હોતો, દુર્બળતા વિના વિદ્વત્તા આવતી પણ નથી,જે પુરૂષે જાતે કંગાળ હાલત ભોગવી નથી,તે કંગાળ હાલતનો આબેહુબ ચિતાર કેમ આપી શકે? મેડીમાં બેઠાં ઝુપડાના દુઃખો-ની છાંયા કેમ આવે? મારો તો એમજ અભિપ્રાય છે કે જે નિર્ધનપણા રૂપી નિશાળમાં ઉછરેચો નથી. તે પુરેપુરો કવિ થઇ શકતો નથી. આપણા દેશમાં તો જે લોકો લક્ષ્મીપતિ હોય, તે તો એમજ ધારે છે કે, આપણે કેળવણી લઈ શું કરવું છે? આવા વિચારથી તેઓ અભણ રેહેછે, અને તેથી તેમાંના કેટલાક જે ઇશ્વર પ્રેરણાથીજ કવિ જન્મેલા હોય, તે કેળવણી વીના અબુઝ રેહેછે, તેમજ ગરીબમાં કેટલાક જે હાલ કવિનો ફાંકો ધરાવે છે તે ઘણા શ્રમથી પેટ અર્થે કવિતા રચના કરેછે. પણ જેવી મંધુરતા કુદરતથી સરજાયલા કવિના લખાણમાં હોયછે. તેવી તેના લખાણમાં હોતી નથી. ધનવાન કવિઓને, દ્રવ્યની આપેક્ષા હોતી નથી, માટે જો ફક્ત કિર્તિના લોભથી ઉશ્કેરાઇને તે લખે તોજ લખે છે, પણ આ પ્રમાણે કવિ વિષે ચરચા ચલાવી. હું મારા પોતાના પગપરજ કુવાડો મારૂંછું. મેં જે પ્રશ્ન આપને પુછ્યો છે, તે તો આપને યાદ હશે? મેહેરબાની કરી તેનો પ્રત્યુત્તર આપો.

કવિરાજ—બાઈ, આ ગામ, તારા ગુણોની કદર બુઝે તેવું નથી,

માટે મારી સલાહ તો તને એમ છે કે આ સ્થળ છોડી કોઈ બીજા નગરમાં વાસ લેવો.

દુર્ગા૦—યથા આજ્ઞા, કવિરાજ (જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ દુર્ગાને સુવાની કોટડી. (શયનકુટી.)

(દુર્ગાકુમારી પ્રવેશ કરે છે.)

દુર્ગા૦—ઓહો! હજુતો હમણાંજ ઘડીઆળીએ બે ટકોરા વગાડ્યા! નાશ પામતો દીવો ગોખલામાં ઘડીઘડીમાં પોતાની ચઢતી અને ઉતરતી કળા બતાવે છે. નિદ્રામાં પેહેરેગીર ઘંટો વગાડવો ભૂલી જાયછે. શ્રમથી થાકી ગએલા અને સુખી લોકો વિશ્રાંતી ભોગવેછે. અને માત્ર વિચારવંત, તકસીરવાર, વિલાસી, અને આશાભંગ થએલા લોકોજ જાગૃત હશે. મદ્યપી માણસ પોતાનો પ્રાણઘાતક પ્યાલો એક વધારે વખત ભરેછે. ચોર લોકો પોતાનાં મધ્ય રાત્રીનાં ચક્રો મારયા કરે છે. અને આત્મ હત્યા કરનાર પોતાનો તકસીરવાર હાથ પોતાના પવિત્ર શરીર ઉપર ઉપાડે છે. અહા! ચોગરદમ કેવો અંધકાર વ્યાપી રહ્યો છે. કોઈ પશુ પક્ષીનો નાદ પણ સંભળાતો નથી, મર્ણ પામતી દીવાની રોશની મંદમંદ પીળા રંગનો પ્રકાશ આપે છે. અને એક બીજાનો તાળ મેળવતી ઘડીઆળના, તેમજ દુરના ચોકીના કુતરાના અવાજ સીવાય બાકીના અવાજો સંભળાતા નથી. મનુષ્ય મગરૂરીનો બધો ગોંગાટ આ વખત બંધ પડ્યો છે. માણસે ગર્વ કરવો, એ વ્યર્થ છે. એ બતાવી આપવાનો આ યોગ્ય વખત છે. આ વખત તો આવાં ગામોમાં આખો દિવસ અને રાત્રીમાં થઇને માત્ર, ચાર પાંચ કલાકજ એક સરખી ચુપાચુપ રેહે છે; પણ એવો પણ એક વખત આવશે કે જ્યારે આ થોડા વખતની ચુપકી મટી તેને બદલે અખંડ ચુપાચુપ થઈ રેહેશે. શેહેરીઓ તેમજ શેહેર એ બંને જમીન દોસ્ત થશે; અને આ જગ્યોપર એક વેરાન મેદાન થઈ પડશેજ. જરા હું શેરીમાંતો દ્રષ્ટી કરૂં? અરે! જે શેરીમાં થોડા કલાક અગાઉ

લોકોની ગરદી હતી, તેમાં કાળો કાગ પણ નથી, પણ અરે! જેણે શેરી-એજ પોતાનું બીછાનું કર્યુંછે. એ તે કોણ હશે ? એ બિચારામાંથી કોઈ પરદેસી રઝળુ લોક, અને કોઇતો માબાપ વગરનાં છોકરાં છે, એમના કરતાં થોડી હું વધારે સુખીછું.મને અત્યાર સુધીતો રેહેવાને ઘર, પેહેરવાને વસ્ત્ર, અને ઓઢવા પાથરવા બીછાનું મળે છે. ઇશ્વરનાં મારે કેટલાં આભારી થવું જોઇએ, એ ભાગ્યહિન્ બાપડાંની હાલત એટલીતો ગરીબ છે કે તેમને સુધારવાને જેટલા ઉપાયો કરીએ, તેટલા ઓછા છે. અને તેમનાં દુઃખો એવડાં મોટાં અને સંખ્યામાં એટલાં બધાં છે કે તેમનાપર દયા લાવીએ તેટલી ઓછીછે. તેમની કંગાળીયત્ જોઈ આપણી અંદર દયાની લાગણી ઉત્પન્ન થવાને બદલે આપણને ત્રાસ ઉપજે છે. અરર ! કેટલાંક બીચારાનાં શરીર ઉપર તો ચીથરાનું બટકું પણ નથી ! તેથી તે કેવાં ટાઢમાં હડબડે છે ! કેટલાંક તો રોગથી તવાઇ ગયાં છે. જગતે તેમનાપરથી પોતાનો સગળો હક ઉડાવી લીધો છે. મનુષ્ય જન તેમની વિપત્તી જોઈ પોતાની પીઠ ફેરવી જાય છે. અને તેમને નગ્નતા તથા ભૂખને સ્વાધિન મુકીદેછે. અરે! ઇશ્વર, મને મનુષ્ય દેહ કેમ આપ્યો, અને આપ્યો, ત્યારે આ કમનશીબ લોકોને તેમના દુઃખમાંથી છોડાવવાની શક્તિ કેમ ન આપી! અરે! ઘરબાર વગરના કંગાળ પ્રાણીયો; આ આલમ તમારા-પર ઠપકાનો વરસાદ વરસાવશે, પણ કોઈ દિવસ તમને છુટકારો આપશે નહિ. કોઈ મહાન પૂરૂષ એક ક્ષણુ માત્ર પણ દુરદશામાં આવે, તો કવિયો અને સુભાષિત્ ભાષણ કર્ત્તા તેના દુઃખને મેરૂ જેવડાં કરી વર્ણવે છે, અને બીચારા ગરીબ લોકોના વિલાપ તરફતો કોઇ ધ્યાન પણ નથી આપતું! તેમનાપર દરેક પ્રકારનો જુલમ ગુજરે છે, પણ તેમની કોઈ સુદ્ધ પણ નથી લેતું! જે કાયદો બીજાને નિર્ભયપણું આપે છે. તે તેમનો દુશ્મન થઇ પડ્યો છે, અરે! ઇશ્વર મારી લાગણી આટલી તીક્ષ્ણ કેમ કરી, અને કરી તો પછી તે લાગણી પ્રમાણે વર્ત્તવાને મને ધન્ય કેમ ન આપ્યું? જે માણસ બીજાનું દુઃખ જોઈ દુખી થતું હોય, પણ જો તેનામાં તે દુઃખી માણસને છુટકારો આપવાની શકિત ન હોય, તો તે દુઃખી માણસના કર્ત્તા પણ તેનો ચેહેરો વધારે દયામણો

થઇ પડે છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—વન.

(દુર્ગા ગોરો પ્રવેશ કરેછે.)

દુર્ગા૦—અરે! ચાલી ચાલીને હુંતો લોથપોથ થઇ ગઇ, પણ હજુતો કોઈ ગામપણ નજરે પડતું નથી. આ શિયાળાની રૂતુ છતાં પણ તાપ એવો સખત પડેછે કે, તે મારાથી ખમાતો નથી. મારી દશા જોને કેવી બૂરી આવી ગઈ છે! હજુતો આ દુનિયામાં હું કોણ જાણે કેટલાં વર્ષ ગાળીશ! પાપી મોત પણ ન આવ્યું! બાપલીઆ! આતો જબરૂં વન આવ્યું. આની અંદર પેસવા વગર મારે છુટકો નથી! પણ પેસતાં વેતજ બધું અંધકાર લાગેછે! અને આઘેનાં ઝાડોનો પણ એદકારક અને શોકાતુર હરીયાળ રંગ જોઇનેજ મને કંટાળો ઉપજે છે. ત્યારે આની અંદર જવા મારી હિમત કેમ ચાલે? પણ એમાં છુટકો નથી—વાહ! વાહ! જેમ જેમ હું આગળ ચાલુંછું, તેમ તેમ દરેક પદાર્થ વધારે મનોરંજક દેખાવ ધારણ કરેછે! નાના પ્રકારના પક્ષીપો કેવા મધુર નાદથી કલ્લોલ કરી રહ્યાં છે. ખુદરતે પોતાની પેદાશ કેવી લકઝુર પાથરી દીધીછે. કેટલીક જગ્યોપર તો, જાણે ફુલનાં બીછાનાં કરી બીછાવી દીધાં હોય નહિ? એવી રમણીક લાગેછે. આવી જગ્યોમાં મહેલ ચણાવીને રેહેવું, તેના કરતાં બીજી ખુશકારક વસ્તુઓ થોડીજ હશે! માનવીઓને માટેતો ખરેખરૂં આજ આનંદ ભૂવન છે! વાહ! કેટલાંક વૃક્ષોતો ફળ અને મોહોરોના બોજાથી નીચે નમી ગયાં છે! એથી ઉલટાં કેટલાંક એકળસુરાંતો, આકાશની સાથ વાતો કરી રહ્યાં છે; હું એકાએકછું. માટે મને જરા ડર લાગેછેતો ખરો પણ એકાંત વાસની ભયને બાજુપર મુકીને જો હું બોલુંતો આ કુંજવન, મારી વેદનાને વિસામો આપનારૂં છે. વાહ! કોઈ કોઈ જગ્યોપરતો જળપ્રવાહ ચાલી રહ્યાં છે તે વનને બમણી શોભા આપેછે. જેમ જેમ હું વધારે આગળ ચાલુંછું. તેમ તેમ દેખાવ વધારે સુધરતો જાયછે. રંગ

બેરંગી ફુલો, અને વિચિત્ર રીતનાં પક્ષિયો મારી નજરે પડેછે! આંહીતો, સુગંધિક ફુલો એવી ખુશબો આપેછે, કે માત્ર આસપાસનો પવનજ નહિ, પણ પવનની અસરથી આસપાસનાં પદાર્થો પણ સુગંધીમય થઈ જાયછે! વૃક્ષ અને પૂષ્પોને ખુદરતે એવી સારી રીતે ગોઠવ્યાં છે, કે તેમાં બહુ સુધારો કરવાની જરૂર રેહેતી નથી! પણ જો હસ્ત ક્રિયાથી તેમાં જો થોડો બોત સુધારો કર્યા હોય તો પછી શું બાકી રહે! —અત્યાર સુધીતો જમીન સીધી આવી, પણ હવેતો ટેકરા ટેકરી વાળી અને ઊંચાણ આવવા લાગી, આગળતો આ પૂષ્પ બાગને બદલે વેરાન અરણ્ય જણાય છે. પણ આનો ઉતરતા ઢોળાવનો જાડોથી ગીચ થયેલો ગાળો આવ્યો, હું જાણે કોઈ ખોમાં ઉતરતી હોઉની! એમ મનેતો લાગે છે! પ્રદેશનો દેખાવ અંધકાર ભરેલો અને રસ્તાઓ ગુંચવણ વાળા

તથા ગલી કુંચીવાળા લાગે છે! મારા માથા ઉપરતો ત્રાસદાયક ખડગો ઝુમી રહ્યાં છે! અરે! પેહેલતો, જે મન મોહિત્ કરે એવો દેખાવ લાગતો હતો, તે બદલાઇને હવેતો, અંધારીઘોર ગુફાઓ, નહિ ધારેલા ઉભા ઢોળાવો, કમકમાટ ઉપજાવે એવાં ડટાઈ ગએલાં ખંડેરો, જોઇને છક થઈ જઇએ, એવાં અદ્‌ભૂત કદનાં હાડકાંઓના ઢગલાઓ અને ત્રાસ ઉપજાવે એવા અવાજો સંભળાય છે. આ ચક્રાવો એટલો બધો ગુંચવણવાળો અને વિકટ છે કે, આમાંથી પાછા ફરવાને કોશીશ કરવી એ વ્યર્થ છે. ટુંકામાં જે હું જોઉછું. તેની ત્રાસથી ચમકું છું! આહા!

રસ્તો તો મહા ભયંકર આવેછે! આમાંતો કાંટા ભોંકાઈ ભોંકાઇને, મારા પગતો વિંધાઈ ગયા, મારૂં ચામડુંતો ઉઝરડાઇને ઘોના જેવું થઈ ગયું. રખેને હું ભુલી પડી હોઉં નહિ! પણ જે થાય તે ખરૂં! પાણી પીને ઘર પૂછવું એ નકામું છે! સર્વ નિયંતા ઈશ્વર આ અંધકારવાળી ઝાડીમાંથી છોડાવી મને સહી સલામતથી પેલે પાર લઈ જશે. મારો સઘળો આધાર હવેતો તેના પરજ છે—આતો ઘોર અને બિહામણા શબ્દો થવા લાગ્યા. એતો મને કોઈ માંશ આહારી પ્રાણીના લાગેછે. હું અબળા જાતી મનુષ્ય સમાગમમાંથી એકલી કેમ જુદી પડી! આંહી કોઈ ક્રુર પ્રાણી આવી મને ફાડી ખાશે તો મારી વારે કોણ ધાશે! કોઈ ઝેરી

પ્રાણી મને ડંખશેતો મારૂં ઝેર કોણ ઉતારશે! કોઈ ચોર મને લુટવા આવશેતો મને છોડાવવા કોણ આવશે! કોઈ મારાપર બળાત્કાર ગુજારવાની કોશિશ કરશે, તો હું મારૂં શિયળવ્રત કેમ જાળવી શકીશ? હું, આ દુઃખમાંથી છુટી મરી જાઉં, તો આ શરીર કુરબાન; પણ પતિવૃત પણામાં કોઈ ખલેલ પોંહોચાડવા કોશીશ કરશે, તો એ મહાભુંડું થશે. કીરતાર! હું તારીપાસ એટલુંજ માગી લઉછું, કે મારૂ શીળવૃત્ હમેશાં તું મને પળાવજે (એકદમ ચોંકી ઉઠેછે.) આ શું! આવો ભયંકર અવાજ કોણે કર્યો;આ કોઈ જંગલી પ્રાણીની ગર્જના હશે! પેલા ક્રોધાયમાન પહાડની ફાટમાં કોઈ અદ્ભૂત કદનું જાનવરતો મોઢું ફાડી નથી બેઠું કે! મારી આંખે ઝાંઝવાં આવવાથી તો મને એમ નથી લાગતું કે? ના, એમતે હોય, હું ખરા સીંહને નજરે જોઉંછું. અરે! હાય! હાય! એતો રાક્ષસી કદનો સીંહ, પેલા કોતરમાંથી હું મારી ભણી આવતો જોઉંછું! તેની યાલ અને પૂછડી ઉભાં કરેલાં છે તેના ગોળાકારનાં લાલ ચોળ ડોળા વિચિત્ર ચળકાટથી પ્રકાશતા જણાય છે. ઉઘાડી કબરની માફક વિકાશેલા જડબા સહિત તે મારી ભણી ફાળ મારતો ચાલ્યો આવેછે અરે! એતો નજદીક આવ્યો, હવે વધારે ચોકશી કરવી રેહેતી નથી; આ વખત આત્મ રક્ષણ કરવાને કાંઈ પણ ઈલાજ નહિ લઉં,તો એ ક્રોધાયમાન અને ભૂખથી વધારે કુર થએલા પ્રાણીને મારાપર દયા આવવાનીજ નથી. પણ હું શું કરૂં! જો, મારી પાસે આયુદ્ધ હત, તો એક વખતતો તેને ઠામ પુરો કરવા હિમત ચલાવત. પણ હવે લાંબો વખત વિચાર કરવાનો નથી! માટે યા તગદીર કરી મારા શરીરને પ્રથ્વીપર પાથરી દઉં. હે, ધરતીમાતા તારે ખોળે માથું મુકુંછું. તું મારૂં રક્ષણ કરજે. (ચોતોપાટ સુઈ જાયછે) સિંહરાજ પ્રવેશ કરેછે.

અરે આતો ઘુરકતો અને ફાળ મારતો, સુંઘતો અને નસકોરાં બોલાવતો, મારી છેક નજદીક આવ્યો. હું અબળાનું અંતઃકરણ કેવું પોચું છે! હુંતે ઉઠીને નાશી જાઉં કે શું કરૂં? ના, પણ એમ કરવાથી તો તે મને પેહેલી છલંગેજ પકડી લેશે. સારો ઉપાય એ છે કે, શ્વાસ લેવો થોડી વખત હું બંધ રાખુ. અને જોઉં કે, એ મને શું

કરેછે !

સિંહરાજ—ગમે તેવી ભય આવી પડે તોપણ હું પાછો હઠવાનો નથી, મને કડકડીને ભૂખ લાગેલી છે. ઘણા દિવસ થયાં મને શિકાર હાથ લાગેલો નથી, આ જગ્યોપર મેં હજુ હમણાંજ કોઈ જાનવરને મારી ભણી ચાલ્યું આવતું જોએલું હતું. એતે ક્યાંઈ અલોપ થઈ ગયું કે શું ? ના, એમ કેમ અલોપ થઈ જાય ? હજુ સુધી મને માનવીની બાશતો આવેછે ! રખેને પેલું પડ્યું એજ હોયની ! (દુર્ગા પાસે સિંહ આવેછે)

હા, આ છેતો કોઈ માનવી, પણ હું ધારતો નથી કે, મારી સામું ચાલ્યું આવતું હતું ! તે એજ છે ! આ સજીવ હોય એમ મને લાગતું નથી. આ નિરાશ્રિત પ્રાણીને કોઈએ મારી નાખ્યું લાગેછે ! દુર્બળ પ્રાણી ! હું રાક્ષસી ભૂખથી પીડાએલો છું અને જેટલું હાથ આવે એટલું ગટ કરી જાઉં તેમ છે. તોપણ હું તારા મુવેલા માંસનો અહાર કદી નહિ કરૂં. તારા થંડા પડી ગએલા લોહીથી મારા કીમતી પંજાને નહિ ખરડું ! જ્યાંહાં સુધી મને ગરમ રૂધીર અને તાજું માંસ નહિ મળે ત્યાં સુધી હું અપવાસો કરીશ અને અપવાસો કરતાં કરતાં મરી જઈશ એ હા. પણ કોઈના અચેત માંસનો અહાર કદી નહિ કરૂં. જો કરૂં તો શુરવીર શાનો ? મરેલાને મારવો એમાં બહાદુરી ક્યાંહાં રહી? મુવેલા માંસનું તો બીજાં હલકામાં હલકાં માંસ અહારી પ્રાણીયો પણ ભક્ષણ કરેછે. પણ હુંતો વનરાજ કેહેવાઉં, અને વનરાજ થઈને કુતરાંની પેઠે જે હાથ લાગે તે ખાઈને પેટ ભરૂં. તો પછી મારી અંદર અને વનનાં બીજાં માંસ અહારી પ્રાણીઓની અંદર તફાવત શું ? જો, હું મુડદાલ માંસનો અહાર કરૂં. તો મારી પાસેથી "પશુના રાજા"ની પદવી ખુંચી લેવી જોઇએ. (સીંહરાજ જાયછે.)

દુર્ગા—હું આંખ ખોલીને જોઉં જોઇએ, સીંહ છે કે ગયો ? લાગતો તો નથી. પછે આટલામાં ક્યાંઈ ભરાઈ રહ્યો હોય, તો પ્રભુને માલમ. અરે ! મારાં હાજાં તો નરમ ઘેંશ જેવાં થઈ ગયાં. મારા શરીરની શકિત તો બધી હરાઈ ગઈ, મારૂં રૂધીર બધું શિથળ થઈ ગયુંછે. મારા હાથ પગમાંથી પસીનો ચાલ્યો જાયછે. હવેતો હું ધ્રુજવા લાગું

છું. ઉઠી ઉભા થવાની મારામાં હોશ નથી. મારી આંખે તમશ ચડી જાયછે અને મારો આસપાસના સઘળા પદાર્થો, અંધકારનો રંગ ધારણ કરતાં જણાય છે. સિંહતો ચાલ્યો ગયો અને હવે હું ભય મૂક્ત છું. તોપણ તેણે આવીને જ્યારથી મને તપાસી ત્યારથી હું એવીતો ઢબરાઈ ગઇછું કે, મારે શું કરવું? એ મને સુઝતું નથી; હવે પાછાં ફરીશ તો દળી દળીને ઢાંકણીમાં ઉઘરાયા જેવું થશે વળી લોક મારી હાંશી કરશે. અન્ન વસ્ત્ર માટે આથડી આથડીને મારો ડુચો નીકળી જશે, માટે પાછાં તો નજ ફરવું, પણ આગળ તો સીંહ ગયેલો છે. ત્યારે ત્યાંહાં જતાં મારૂં મન કેમ કબુલ થાએ! હાથે કરી મોતના મુખમાં કોણ પગ આપે. પણ જે કરવું એમાં વિલંબ કરવાનો નથી. ઉઠીને બેઠીતો થાઉં, (ઉઠેછે) ગમે તેમ થાય તોપણ આગળ ચાલવું તો ખરૂં! મરવું તો એકજ વખત છે. મરતાં તો મારે એક ક્ષણમાત્રજ વેદના ભોગવવી પડશે. પણ પાછાં ફરવાથી તો જે મેણાંનો વરસાદ મારાપર વરસશે. તે મારાથી કેમ ખમાશે? પણ આગળ ચાલ્યા વગરતો છુટકો નથી. હે જીવાત્મા; ઉઠ ત્યારે, આ ખોળીયામાં રહેવામાં કેવું સુખ છે. એનો અનુભવ તને રફતે રફતે મળતો જાયછે. (ઉઠીને ચાલતો થાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—વનનો બીજો ભાગ.

(દુર્ગાગૌરી પ્રવેશ કરેછે.)

દુર્ગા—હવેતો ક્ષુધાએ કરીને મારા પ્રાણ જાયછે, બે દિવસ થયા મને અન્ન તો હરામ જેવું છે મારી પાસે ભાતું છે ખરૂં! પણ હમેશ એનું એ ખાવાથી મારી રૂચી તેનાપરથી ઉઠી ગઇછે. એકતો રસ્તાનો થાક અને બીજી ભૂખ, એ બંને કેમ વેઠાય? પગે ચાલીને મુસાફરી કરવી હોય ત્યારે તો પેટ પુરણ અન્ન, અને નિશ્ચીંત વિશ્રાંતી લેવી જોઇએ. પણ કર્મયોગે હું એ બંને સુખમાંથી બાતલ થએલી છું.

કાલે સીંહ મળ્યો. તેની બીકમાં ને બીકમાં આજ રાત્રીએતો એક આંખનું મટકું પણ નથી માર્યું. આ વૃક્ષોપર ફળ મેવા, તો પુશ્કળ ભરેલા છે. પણ તે ખાતાં મારો જીવ ચાલતો નથી. કારણ કે તેમાંથી કેટલાંક સ્વાદિષ્ટ હોઇને ઝેરી હશે. તે જો ખાધામાં આવે તો તરત ચંદ્રમાથી ડાખી જાઉં. તેનો સ્વાદ લીધા પેહેલાં મારે તેનો ગુણ તપાસવો જોઇએ. પણ એ કેમ કરવું. એ હું જાણુતી નથી. (વિચારીને)—હા, પણ પરીક્ષા કરવાની એક રીત મને યાદ આવેછે. જે વૃક્ષોપર આપણી આખુ હવામાં ઉછરતાં પક્ષીયો બેઠેલાં હોય અને તેને ખાતાં હોય, એવાં વૃક્ષોનાં ફળો ખાવામાં કાંઈ હરકત નથી. એમ મેં કોઈ પુસ્તકમાં વાંચેલું છે. (ફળો તોડી લેછે)અને આંહી ઝિણો ઝિણો ગણગણાટ સંભળાયછે. એથી હું અનુમાન કરૂંછું કે, મારી આસપાસ નજદીકમાં કોઈ જળ પ્રવાહ હશે. અરે એતો આ રહ્યોને શું! આંહી મારી ક્ષુધા અને તૃષા બંનેને શાંત કરૂં, એટલે ચાલવાને જેટલું હાલ મારામાં દેવત છે, તે કરતાં કુંઈક વધારે આવશે. (ઝરણાને કીનારે બેસી ખાવા માંડેછે) આ જગ્યોમાં સીંહ વાઘનો ભય ઘણો છે. માટે મારે ચપલતા રાખવી જોઇએ. વિલંબ કરવો એ જોખમ ભરેલું છે. આહા! ફળ કેવાં સ્વાદીષ્ટ છે! પણ જો અંકરાંતણી થઈ, ભૂખ ધરવ કરીશ તો બાદી થશે ત્યારે આંહી પરદેશમાં મારી ચાકરી કોણ કરશે?—પણ મારે ચોગરદમ દ્રષ્ટી રાખવી જોઇએ, નહિતો આગળના જેવો કોઈ દુઃખદાયક અકસ્માત બને. વાહ! વનની શોભાતો છક કરી નાંખે—અરે આ કોણ મોટું! અડજંતર ચાલ્યું આવેછે. હાય! હાય! એતો કોઈ દેવ હશે કે દાનવ? એતે કોઈ ભૂત હશે કે પલીત? કોઈ પીશાચ હશે કે ખવીશ? અરે! એતે કોઈ રાક્ષસ હશે કે મનુસ્ય, તે ગમે તે હોય, તોપણ તેને જોઈ, મારાં રોમાંચિ (રૂંવાંટાં)ઉભાં થાયછે. આવી ડરાવની મુર્તિ આ હું પેહેલીજ વખત જોઉછું. અરે! યમદુત, તું મારા પ્રાણ લેવા આવછ કે શું? પરવરદીગાર! પેહેલી વખત આપનો ઈરાદો, મારા પ્રાણ ઉગારવાનો હતો એટલે આપે મને ભયના મુખમાંથી ખેંચી લીધી, પણ આ સમય, આપની ઈચ્છા મને નિજ ધામ પહોં-

ચાડવાની લાગેછે. જો, એમ ન હોત તો, મારે કેમ આ આફતમાં-થી બચવું, તેનો ઉપાય મને અત્યાર સુધીમાં સુચવ્યો હોત, હાય! હાય! એતો આ ઘડી ભેટ ભેટાં થઈ જશે. અને હું એને શું કરી શકીશ, પણ ફિકર નહિ. કહેવત છે કે "હિમત મરદા તો મદદ ખુદા" હવે જેમ જેમ તે મારી નજદીક આવતો જાયછે, તેમ તેમ તેની આકૃતિનો ચીતાર મારા દીલપર પૂર્ણ રીતે આવતો જાયછે. જો કે, તેની સુરત વિક્રાળ છે, જો કે, તે મારા કરતાં વધારે કદાવર છે, જો કે, તેના દાંત માંસ ખાવાને લાયક થએલા છે, તોપણ તે વ્યાધીથી યાતો વૃધાવસ્થાથી તવાઈ ગએલો લાગે છે. તેના હાથ પગ શળીખડા જેવા અને તે કમરમાંથી વળી ગએલો છે. તેનાપર માંસ કે લોહીનો છાંટો નથી. પણ તેના સ્નાયુ મજબુત અને કસાયેલાં છે. આમ છતાં પણ જો હું હિમત રાખું તો આ જીવતું મડું મને શું કરવાનું હતું. એતો છેક નજદીક આવ્યો એતો મને કોઈ વનચર પ્રાણી લાગે છે. તેની ચાલતો મંદ છે. રએને—આ કોઈ અદ્ભૂત કદનો વાંનર હોય નહિ! મૃત્યુ! તુંજ જો આવું, વિક્રાળ સ્વરૂપ ધારણ કરી આવ્યું હોતો મને આગળથીજ ચેતવણી આપજે. એટલે તારી સામે કાંઈ પણ ટકર લીધા વગર હું એકદમ શરણ થઈશ. પણ જો તું આવે વેસે ન આવ્યું હોતો મારે સાજ સજી તૈયાર થવું જોઈએ. ઓ, પેલો મજબુત સોટો પડ્યો, એ હું ઉચકી લઉં (ઉચકી લેછે)જેવો એ આવશે, તેવો એક મઠાડીશ એટલે બીજો નહિ માગે, હુંતો તેને ખીજવ્યા વગર મારે રસ્તે ચાલી જઈશ પણ એતો વાનર—એની જાત ટીખળી અને અટકચાળી બહુ હોયછે. અરે! આતો ડોળા કાઢી દાંત કરડીયાં કરેછે. શીઘ્રકોપી વનચર! મેં તારો શું અપરાધ કર્યોછે, કે તું મને ડરાવછ; અત્યાર સુધીતો હું ઢચુપચુ હતી પણ હવે તો મારી ખાત્રી થઈ, કે તું વાનર છે, જે પ્રમાણે હું ચાંચડને ચોળી નાંખુંછું તે પ્રમાણે તું મને ચોળી નાખવાનો; હવે શું કરવું? સર્વોત્તમ ઉપાય એ છે કે, જેટલે મોટે ઘાંટેથી મારાથી બૂમ પાડી શકાય, તેટલા મોટા ઘાંટાથી ઉપરા ઉપર સાહ્યતા માટે બૂમો પાડવી, અને જો,

આમ કરતાં મારા પ્રાણ ઉગરવાના હશે તો વખતસર મારી વારે કોઈ ઈશ્વરનો લાલ ચઢી આવશે. અને મારા સાહાકારીઓ આવી પહોંચે તે દરમ્યાન વિરસ્ત્રીની બહાદુરીથી મારે તેની ચોટ બચાવવી. પણ આ બુમોથી તે ખીજવાઈને જો ગારાપર એકદમ છાપો મારી ગરદન પર ચડી બેસશે તો મારા કરમના ભોગ, પણ થાય તે ખરૂં. બૂમ પાડ્યા વગરતો રહેવું નહિ. આ વાનર, જો ઝાડીમાં પેસતાં વેતજ મળ્યો હોત તો મારા કેવા બુરા હાલ થાત. પણ સારાં ભાગ્ય કે, ઝાડીનોતો હવે અંત આવ્યો છે. માટે મનુષ્ય વસ્તી પણ પાસેજ હશે, અરે! હું કેવી અવિચારી છું. કે જ્યારે ભયનું વાદળું ઉપર તોળાઈ રહ્યું છે, ત્યારે તુરંગે ઠાલી વખત સઘળો ગાળી નાખ્યું. પડ ભેળાઈ ગયા પછી મારો ઈલાજ ચાલવાનો નથી. "સહાય કરોરે! લોકો સહાય કરો વાનરના પંઝામાં હું ફસાઈ પડી છું. મારા પ્રાણ ચપટીમાં આવી રહ્યાછે.માટે સહાય કરો" (એ પ્રમાણે ઉપરા ઉપર કેટલીક વખત બુમો પાડેછે. તેવોજ વાંદરો કુરમાપર છાપો મારેછે. પણ કુરમા વૃક્ષ આડો આશ્રય લેછે, એવામાં)

(ચાર આમડીઆનું એક ટોળું પ્રવેશ કરેછે.)

૧ લો આમડીયો—પાંસા, હીંડઝે, ઉતાવળે પગલે, વાંદરેતો ડાટ વાળયો લાગેસે, બિશારી, સોકરીને બઉ વડઝમાં લીધીસે—દોડજે.

૨ જો આમડીયો—ક્યાંસે, ઈ, સોકરીફાડ, મુને વતાવ, એટલે આ એક ડાંગ હોઈ ઝાટકીને મુકું કે બીઝી ન માગે.

૩ જો આમડીયો—ના, ભઈ એને અથરો કરવો નઈ, ભુરાયો થીયે કોકને ધરી દશે.

૧ લો આમડીયો—હા, સું કેસે રૂડો. પેલાં કયાંક લપાઈને ડાંગ અડાવી હોયતો ઠીક. ઓલા ઝાડનો ઓથ લીધો હોઈ તો કેમ? જોની આંથી મારી હોયતો પસી ભો નહિ. પાસા, એમજકર. (પાંસો જઈ એક લાકડીના સપાટા વતી વાનરને નીચે ઝોરાવી દેછે. વાનર મરી જાયછે.)

દુર્ગા૦—પરોપકારી ભાઈયો,આપના ઉપકારનો બદલો વાળવાનું ઈશ્વરે આ સમય મારી પાસેથી સામર્થ્ય ખેંચી લીધું છે. ભાઈઓ,જો હું સારી સ્થિતિની અંદર હોત. અને આવા સપાટામાંથી આપે મારૂં રક્ષણ કર્યું હો-

તતો હું તમને ન્યાળ કરી દેત, પણ આ સમય હું એવી લાચારીમાં આવી પડીછું કે. "પરમેશ્વર તમારૂં કલ્યાણ કરો"એવા શુદ્ધ અંતઃકરણથી આ-સીરવાદ સીવાયે હું તમને કાંઈ આપી શકતી નથી. તમે તમારી પોતાની જીંદગાની જોખમમાં નાખી મારી જીંદગાની બચાવી છે. જીવદાતાઓ, આપે મને જીવતદાન આપેલું છે. અને તેને માટે હું મારા શરીરના ચામડાના જોડા શીવડાવી આપને પેહેરાવું તોપણ આપની આભારી હું મટવાની નથી—હા, પણ થોડેક દરજે આપના ઉપકારનો બદલો વાળવાની રીત મને યાદ આવેછે. અને તે એછે કે, આપ હું ગરીબ અને નિરાધાર બાળાને આપની પવિત્ર સેવામાં રાખી લ્યો. મારા કેહેવાની મતલબ મને જીવતાં પર્યંત આપની ગુલામ રાખો. એમ નહિ, અને જો, મારા અન ઉપયોગી શરીરથી આપની દ્રવ્ય મેળવવાની ઇચ્છાથતી હોય, તો મને, કોઈ સંપત્તીવાન સ્વામીને ત્યાં વેચી આ-પો. તોપણ હું તૈયાર છું. કારણ જ્યારથી આપે મારો જીવ ઉગારયો, ત્યારથી હું આપની વેચાણ થઈ ચુકીછું. મારૂં સર્વસ્વ હું આપનેજ અર્પણ કરૂંછું. પણ હું ધારતી નથી કે, મને રાખી કોઈ ખોટી દમડી પણ આપે? મેં કરેલી બે દરખાસ્તમાંથી આપ કઈ દરખાસ્ત મંજુર રાખવા ઉત્સુક છો? તે મને સત્વર કહી સંભળાવો, એટલે તે પ્રમાણે વર્તવા હું તત્પર થાઉં—હું જવાબ માટે ખોટી છું. (જરાવાર અટકી) કેમ ભાઇયો? કેમ કંઈ કોઈ બોલતા નથી?

(બધાઓ એક બીજાના મોઢા સામું જુવેછે.)

૨ જો ગામડીયો—બધા ખેતરપાળની ધાડે ઓડવાઇને કેમ ઉભા? કોઈ જવાપ કેમ નથી વાળતું?

૧ લો ગામડીયો—બાઈ, હા સું કઉં, અમે ગામડાના ભુતકેવા-ઇએ. તારી લાંબી ટુંકી વાતમાં અમે કાંઈ હમઝીએ નહિ. તું તારે માર્ગે હિંડી આ. અને અમે અમારે માર્ગે જંઈએ. આંઈ રોકાસને ઉલટુ અમારૂં કામ ખોટી થાયસે.

૩ જો ગામડીયો—અરે કામતો આખો ભવ કરવુંસે ના. મોચીનો દીકરો જીવે ત્યાં હુધી શીવે.

૪ થો ગામડીયો—આવા અઘોર વનમાં માણહ તુણહ વના એકલી નીકળતાં તારો જીવ કેમ હાલ્યો.

દુર્ગા૦—દુઃખ વેઠી વેઠીને મારૂં મન કેસાઈ ગયું છે. તેથી નાના સુના દુઃખનેતો હું કોઈ રીતે ગણકારતી નથી-મારા પર જે દુઃખના ડાભ ઉગ્યા છે. તેનીતો મનેજ ખબરછે.

૧ લો ગામડીયો—પરમેશરનો પાડ તું માનજેકે, આ અખો- ગરમાંથી તું જીવતી નીકળી. બીજા કોઇનો મગદુર નૈ કે જીવતું નીકળે.

દુર્ગા૦—આ વખતતો તમેજ મારે મન પરમેશ્વર. જો, તમે મારી વારે ચડ્યા ન હોતતો હું કેમ સલામત રહેત.

अंक बीजो समाप्त

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ધારાપુરની ધર્મશાળા.

(દુર્ગાગૌરી બીછાનાપર નિદ્રામાં સુતી પડીછે. જમાદાર સુધાં પગીનું એક ટોળું પ્રવેશ કરેછે તેમની સાથે નગરવાશીનું એક ટોળું)

જમાદાર—(બીજા પાળાઓને)આ મનુષ્ય, ગર્દીને રજા આપો, ઉભા ઉભા જોયા શું કરોછો?

૧લો પાળો—દુષ્ટજનો, વિદાય થાઓ, શું આંહી કાંઈ ખાવાનુંછે.

૩જો પાળો—સાલેકું હકાલ છોડો દેખતે ક્યા હો.

જમાદાર—પગલાની ભરત્રી અને પરીક્ષા કરવામાં બરોબર સાવચેતી રાખજો. એકને બદલે બીજાને પગલે ચાલ્યા જતા નહિ સામી બાજુએથી મનુષ્યને આવતાં અટકાવો. (દલીપચંદ પ્રવેશ કરેછે.)

દલીપચંદ—જમાદારસાહેબ, આપને સલામ છે.

જમાદાર—આઇએ દીલીપચંદજી!

દલીપચંદ—આપનો ચેરો આજ મને કાંઈ ઉતરી ગએલો લાગે છે, પછી મારી આંખ મને ઠગતી હોય, કે આપને એવો કંઈ શોકકારક બનાવ બન્યો હોય એ હું જાણતો નથી.

જમાદાર—આપે અનુમાન બરોબર કરયું. પરીક્ષા કરવાની તમારી શક્તિ પણ જબરી જણાય છે.

દલીપચંદ—હું આપના મીત્રવર્ગમાં ખપુછું. માટે આપની ગમગીનીના કારણથી વાકેફ થવાનો મીત્રતાના આપણા બંધનથી હું હક ધરાવુંછું. મિત્રધર્મ પ્રમાણે આપનું દુઃખ જોઈ દુઃખી થવું જોઇએ અને સુખ જોઈ આનંદ પામવો જોઇએ. એટલુંજ નહિ પણ જો તે સંકટ નીવારણ કરવાનું મારાથી કોઈ પણ પ્રકારે બની શકે તેમ હોય તો તેને માટે મારે ઉપાયો લેવા જોઇએ. પણ આપ જાણોછો કે દરદ જાણ્યા વિના ઉપાય ચાલું કરાતો નથી, તેમજ આપની દીલગીરીનું કારણ જાણ્યા વિના મારાથી કાંઈ થઈ શકતુ નથી.

જમાદાર—ત્યારે મારે મોઢેથી તે કહેવડાવવા આપ માગોછો કેમ? ત્યારે લ્યો, સાંભળવાને તત્પર થાઓ. રાજ્યમેહેલ તેમાં મુખ્યત્વે કરી રાજાના શયનગ્રહનો કેવો બંદોબસ્ત છે. એતો આપ જાણોછો એટલે તે વિશે વધારે કેવા હું જરૂર જોતો નથી. આખી રાત્રી મારે મારા પાળાની સાથે રહીને તેની ચોકી ભરવી પડેછે. રાત્રીના સમયમાં એક વાલની વાળી કે એક ગોદડાનો ગાભો જાય તો તે મારે, અને મારા પાળાને પોત પોતાના પગારના પ્રમાણમાં ભરી આપવા. સઘળ સબ્ધ-બી જવાબદારી અમારાજ ઉપર છે. અમને દરબારસાહેબ પગાર પણ તેને માટેજ ખવરાવેછે. હાલમાં ચોરની બીક બહુ લાગતી ત્યારે આ-ખી રાત એક ડોલું ખાવા પણ અમે નહિ પામતા પણ મને પરમે-શ્વર રૂઠ્યા કે, હું કમબખ્ત, ગઈ રાતે સ્ત્રીવિલાસમાં મસગુલ રહ્યો, ચો-કીપર હાજર રહી મારી ફરજ બજાવી નહિ. તેનું ફળ મને આજે બ-રોબર મળ્યું છે. "આંખ ફૂટનાર અને જોકો વાગનાર" એ પ્રમાણે જે રાત્રી મેં મોજ મઝામાં ગુજારી, તેજ રાત્રી મને મહા દુઃખદાયક થઈ પડી. ગઈ રાત્રીએ કેટલાએક હરામખોરનું એક ટોળું કોણ જાણે કેવા પ્રકારની હીકમત વાપરી રાજાના સુવાના અવાસને ફાડી તેમાં દાખલ થયું. ખરૂં પુછતા હોતો, જ્યારે રાજમેહેલની સમીપ નિચે ઉભો રહી હું ઉપર દ્રષ્ટી કરૂંછું ત્યારે મને ચક્રી આવેછે. અને એ બેટીના બા-પની એટલે ઉંચે ચડતાં કેમ હિમત ચાલી હશે?

દલીપચંદ—પણ કાંઈ ગયું આવ્યું તો નથીજ ના?

જમાદાર—જો એમ હતતો આટલો બળાપો કરવાનું થોડું કારણ હતું. મુદ્દલ નોતું એમતો હું કહી શકતો નથી. કારણ મારી પ્રતિષ્ઠા ખાંડી થાય, એ હું દ્રવ્ય હાની કરતાં પણ વધારે ગણુંછું પણ બન્યું એતો એકનેજ રોઇને બેસી રેહેવું. અને આતો ડુંગળીને ખાસડાં બંને ખાધાં. હું મારા લફંગા પાળાના હવાલામાં આખી રાજસાહેબી મુકી ગયો. તે એવા વિશ્વાસથી કે મારી ગેરહાજરીમાં તે પુરી સાવચેતીથી રક્ષણ કરશે. પણ "જ્યારે ગુરૂ ગયા ગામ ત્યારે ચેલાને ચમદડીયાં" એ પ્રમાણે તેઓ નિશ્ચીંત થઈ સુઈ ગયા, તમે જુઓ છો કે, આમાં-

થી કોઈના મોઢાપરથી જરા પણ તેજી ઓછી થઈછે? (બતાવેછે) જુઓ બધા કેવા વાંકા ટેડા બનીને ઉભા છે? જેટલા આનંદ મંગળથી તેઓ બીજે દિવશે વર્ત્તેછે. તેટલાજ આનંદ મંગળથી તેઓ આજ પણ વર્તતા જણાયછે.

દલીપચંદ—એતો ભાઈ એમજ છે ના, જે જાતવાન તેને માથે કલંક, ઉજળે લુગડે ડાગ લાગેજ નાં. આપતો પ્રતિષ્ઠિત માણસ છો. અને એતો ઉઘાડપગા લફંગા કેહેવાય, એને આબરૂ આવે તોય શું, અને જાય તોય શું?

જમાદાર—અરે! એતો પગ કાઢવા પણ હું સાથે આવ્યો ત્યારે પુરી મેહેનત લઈને તેઓ પગ કાઢેછે. નહિતો પગ કાઢવા કેવા! અને વાત શી!

દલીપચંદ—પણ હું સબુર પકડી શકતો નથી. મેહેરબાની કરી મને કહી આપો કે રાજાને કેટલી જફા લાગી.

જમાદાર—(નિશ્વાસ મૂકીને)ભાઈ રાજાને જફા શાની! એ જફાતો મને લાગી કેહેવાય.

દલીપચંદ—ત્યારે આપને કેટલી લાગી, એ કેહેશો?

જમાદાર—એ કાંઈ વાત કરવાની નહિ.

દલીપચંદ—હું આપને આજીજી કરી કહુંછું કે તે મને કહી સંભળાવો.

જમાદાર—હું કહીશતો ખરો, પણ મને આશા નથી કે તે વાત તમારા માનવામાં આવે!

દલીપચંદ—આપ જેવા સત્યવાદી અને પ્રમાણીક માણસનું બોલવું ન માનવામાં આવે, એતે કદી હોય?

જમાદાર—સાંભળો, ત્યારે પણ વાત પેટમાં રાખજો. એક તો જવાહીરની પેટી, બીજું રાણીસાહેબનાં રત્નજડીત્ર આભૂષણો, ત્રીજાં કુંવરનાં મહા મૂલ્યવાન દાગીનાંઓ, અને ચોથી એક નમદીની થેલી—મળી કુલ કીમત, સવાત્રણ લાખનો માલ ચોરાયો છે.

દલીપચંદ—પગ ઉપરથી હરામખોરો સંખ્યામાં કેટલા માલુમ

પડે છે.

જમાદાર—રાજ્ય મ્હેલમાં તો બેજ હરામખોરોનાં પગલાં માલુમ પડે છે–પણ નીચે ઉતરતાં તેઓ સંખ્યામાં ચાર હોય એમ માલુમ પડે છે. અને અત્યારસુધીમાં પાદચીન્હ પણ ચ્યારનાજ નજરે આવે છે. તે આ ગામના વતની હોય, એમ તો લાગતું નથી. નહિ તો ધર્મશાળામાં આવવાનું તેમનું પ્રયોજન શું !

દલીપચંદ—રાજાસાહેબને ખાતર પડ્યાની ખબર પડી ત્યારે કાંઈ ગુસ્સે થયા ખરા કે ?

જમાદાર—એમાં પછી શું પૂછવું હોય ? સુર્યોદય થયો કે તરતજ તેણે એક ઝાહેર સભા બોલાવી. ધ્રુજતે શરીરે હું પણ એ રાજ્ય સભામાં દાખલ થયો હતો. જેવી વિક્રાળ આકૃતિથી ખાઉકરૂં સીંહ પોતાના નિરાધાર શિકાર પર તુટી પડે છે. તે પ્રમાણે ક્રોધના આવેશમાં આવેલા રાજાસાહેબ મારા પર તુટી પડ્યા. મારાતો હાંજાં નરમ ઘેંસ થઈ ગયા. કાળને જોવાથી જેટલો ત્રાસ ઉપજે છે, તેટલો ત્રાસ મારા ખાવીંદને જોઈને મને ઉપજવા લાગ્યો. હું એટલો તો લજ્જિત થઈ ગયો કે, મેં મારા મનની સાથે કરાર કર્યો કે, પ્રથ્વી આ વખત ફાટી માર્ગ આપે તો તેમાં હું સમાઈ જાઉ. આમંત્રણ આપેલાં સભાસદો બધા જ્યારે પોતપોતાને માટે તૈયાર કરેલાં આસનો પર બીરાજ્યા ત્યારે ન્યાય આસનેથી પેહેલાંતો જે દાગીના રાજ મેહેલમાંથી ચોરાયા હતા તેની તેણે ઉતારી લીધેલી યાદી વાંચી સંભળાવી. પછી પોતાનો છેવટનો ઠરાવ બહાર પાડ્યો. તે ઘણો લાંબો છે. પણ તેની મતલબ હું તમને થોડાક શબ્દોમાં કહી સંભળાવું. “જમાદાર કદાચ એમ ધારતા હોય કે, હું અને મારા પાળાઓ ગરીબ સ્થિતીમાં છીએ માટે અમારા પર દયા લાવી રાજા અમને છોડી મુકશે. પણ જો, એ એમ ધારતા હોય તો, એ એની મોટી ભુલ છે. તમે સઘળા જાણોછો કે, મારે પણ પૈસા કંઈ મફત નથી આવતા. મારા જાન મિલકતના રક્ષણાર્થે હું તેમને જબરા પગાર ખવરાવુંછું. જો તે એમાંથી કોઈને પણ નુકશાન લાગે તો તેની જવાબદારી તેમણે પોતાને માથે

રાખેલી છે. નોકરી હક કરવાનો વારો તેમને વારંવાર આવતો નથી. અને જો હું ભુલ ન ખાતો હોઊંતો આપેલીજ વખતે તેમની પાસેથી પગારનો બદલો લેવા મને અવસર મળ્યોછે. માટે જો મુદ્દાનો માલ યાતો માલ લેનાર ધણી વધારેમાં વધારે પંદર દિવસમાં રજુ નહિ કરે તો તેમનામાના બધાનાં ઘર ખોરડાં લુંટી તેમને જન્મપર્યંત કાળાગ્રહમાં નાંખવામાં આવશે. છેવટમાં તેણે કહ્યું કે, આ ઠરાવ બહાર પાડતાં મને ઘણોજ ખેદ થાય છે. પણ તેમ કર્યા વગર મને ચાલતું નથી"

એવી મતલબના શબ્દો બોલી ઠરાવ સમાપ્ત કર્યો. ચોરીની શોધ માટે ચોગરદમ રાજાએ પોતાના સવારો ચલાવી દીધાછે. તેમાંથો કોઈ વિજયી થઈ ઘેર આવે એમ મને આશા નથી. "જેને દુઃખે એને વેણ" ગમે તેમ હો તોપણ એ હરામખોરો આહીં આવ્યા હોય એમ તેમના પગલાની નીશાની પરથી ખુલું થાયછે. જો કદાચ એમનો કોઈ પણ જગ્યોપર પતો લાગશે તો તો ઠીકજ છે, અને નહિતો બુરા હાલ છે.

રજોપાળો—(આઘેથી) મેહેરબાની કરી જરા આંહીં પધારો! નિરાંતે એમની સાથે વાતો કરજો.

જમાદાર—આ આવ્યો!(દલીપચંદ તથા જમાદાર બંને પાળા પાસે જાયછે.)

રજોપાળો—પગલાંની નિશાનીઓ તો આ બાઈ સુતી છે તેના પર જાયછે એને જાગૃત કરી એનો ઝાડો લેવો કે કેમ!

જમાદાર—હાજતો. દૈવયોગે એની સાથે કોઈ પૂરૂષ હોએ અને એજ આપણા ચોર હોય તો? અરે! ઓ પેલું આ બાઈના બીછાના નીચે પ્રકાશ શું આપે છે! એ ઉચકી લેતો.(એકદમ ચાર પાંચ પાળાઓ દુરમાગ ડેરીના બીછાના નીચેથી રત્નજડીત્ર બાજુબંધ કાઢી લેછે.) (હરખાઇને) અરે! એક બીજા આ પ્રમાણે ઝૅાટા ઝૅાટી કરતી જવા દો. જે હોય તે મને આપો. (જમાદારને તે બાજુબંધ આપેછે)આ બાજુબંધતો ખરેખર આપણા રાજાસાહેબનોજ—દલીપચંદ, જુવોની! નાજુક હીરાકણીયો જડીને આપણા રાજા "ન્યાયીકસીંહ"નું નામ આપર લખેલું છે. તે કેવું સ્પષ્ટ રીતે તે વાંચી શકાય છે?

દલીપચંદ—જીહા. બીનશક, આ બાજુબંધ આપણા રાજાસાહેબનોજ.

૩જો પાળો—(બોબઆનત)એ રંડીકું ઉઠાય કે લેઈ ચલો, અપને રાજાજી કે પાસ.

૧લો પાળો—ભાઈ તમે સબુર પકડો. એકદમ ઉતાવળા કેમ થઓછો? આપણા જમાદાર સાહેબ શું કેહેછે. તે પ્રમાણે વર્તીએ.

જમાદાર—મારી આજ્ઞા છે કે, એ બાઈને ઉઠાડવી. એનાપર બળાત્કાર વાપરી યાતો એને માર મારી તોફાન મચાવશો તો શિક્ષાને પાત્ર થશો (બધા એકદમ બોલી ઉઠેછે)બહુ સારૂ જમાદાર સાહેબ.

૧લો પાળો—બાઈ, એ બાઈ,—ઉઠ. બાઈ ઉઠને.

૪થો પાળો—એમ બાઈ કહે બોર આપે? એમતો માથુ કુટીને મરીશ તોપણ એ જવાબ નહિ દે.

૩ જો પાળો—ઉઠ બે, ઉઠ રંડી, ફીતુર કયા કરતી? બે ઉઠતી નહિ? ઉઠ, નહિતો એક ગુસ્સા લગાતા હું.

જમાદાર—ગમે તેટલી હું તમને શિખામણ આપું તો પણ તમારી હુલડી ચાલ ચલાવ્યા વગર તમે રહોજ નહિ. પાડાપર ગમે તેટલું પાણી ઢોળે તોપણ તે બેદરકાર રહે છે. હું તમારી સમક્ષ ઉભેલો છું તે છતાં પણ તમે મારા હુકમનું માન નથી રાખતા ત્યારે પાછળથીતો અવજ્ઞા કર્યા વિના રહોજ કેમ? બાજુપર રહો. હું મારે હાથે તેને જાગૃત કરીશ—(બધા બાજુપર ખસી જાય છે) બાઈ, બેન, જાગૃત થા—(દુર્ગા જાગૃત થાય છે).

દુર્ગા૦—(ગભરાઈને) અરે! આ મારી આસપાસ આટલા બધા લોકોનું ટોળું કેમ ભીડ કરી ઉભું છે? તમાસ ગીરો! હું તમારો તમાસો આ સમય શા કારણથી થઈ પડી છુ?

૩જો પાળો—વાહ, એતો ખુદાકા ઘરકી પરી હેના કયા! દેખ! રંડીકી ખુબ સૂરતી કેસી હે!

જમાદાર—બાઇ; તારી સાથેનાં બીજા માણસો કયાં ગયાં?

દુર્ગા૦—આપ કોણ છો; અને મારી આસપાસ આ લોક સ-

મુહ કેમ એકઠો થયો છે. એ હું જ્યારે જાણીશ ત્યારેજ તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ.

જમાદાર—તેં પુછેલા ખુલાસાનો પ્રત્યુત્તર આપતાં પહેલાં હું તને હુકમ કરીને કહું છું કે મારા પ્રશ્નનો તું ઉત્તર આપ.

દુર્ગા૦—રાત્રીએ તો અહીં ઘણા માણસોએ ઉતારો લીધેલો હતો એ વાત હું માન્ય રાખું છું. પણ તે વેહેલા ઉઠી કયાં ચાલ્યા ગયા એ હું કેમ કહી શકું? મારે અને એમને નિસ્બત શું?

જમાદાર—નહિ, એમ આડો પ્રત્યુત્તર આપ નહિ. તારી આડાઇને માટે તારે સહેવું પડશે. માટે સીધો જવાબ આપ.

દુર્ગા—હું, એક રંકમાં પણ રંકથી પણ આડી ચાલી ઉત્તર આપુ એવી નથી તો આપતો કોઈ મોટા અમલદાર જણાઓ છો. તેને કેમ હું આડો ઉત્તર આપું?

જમાદાર—તું કોણ છે?

દુર્ગા૦—હું એક ફરતી મુસાફર છું.

જમાદાર—તેં અહીં કેટલાક દિવસ થયાં પડાવ નાખ્યો છે?

દુર્ગા૦—સાહેબ, હું માત્ર કાલ રાત્રીએજ આ ધર્મશાળામાં આવી ઉતરી છું.

જમાદાર—તું કેટલાં માણસ સાથે આ ધર્મશાળામાં દાખલ થઇ.

દુર્ગા૦—હું, એકલીજ.

જમાદાર—નહિ, એ તુ અસત્ય બોલેછ, સત્ય પ્રતિજ્ઞાપર કહે, કે આ ધર્મશાળામાં કાલ રાત્રીએ તું કેટલાં માણસ સાથે આવી હતી?

દુર્ગા૦—કદી અસત્ય નહિ બોલવું, એવી મેં છેક બાળપણમાંથીજ પ્રતિજ્ઞા કરી છે.

૪થો પાળો—ફડાકડ, અડાવ્યા વગર સાચું બોલે એવી આ મુદ્રા છે?

જમાદાર—(૪થા પાળાને) બકવા છોડી દે, વચ્ચે શાવાસ્તે બોલેછ? (દુર્ગાને) તારી સાથેનાં માણસોએ તને જે જ્વાહીરની પેટી અને

બીજા આભુષણો સોંપેલા છે. તે ક્યાં છે?

દુર્ગા૦—અરે! આપનો વિચાર મારા ઉપર ખોટાં આળ ઓઢાડવાનો છે કે શું? જણાય છે તો એમ. હું આપને હમણાંજ કહી ગઈ, કે મારી સાથે બીજું કોઇપણ માણસ નથી. ત્યારે પછી તે મને દાગીનો સોંપે એમ કેમ બને? "नास्ति मूलोकुतो शाखा" મૂળ નથી, ત્યારે શાખા ક્યાંથી હોય.

જમાદાર—(બાજુબંધ બતાવીને) ત્યારે આ બાજુબંધ તારા બીછાના નિચે ક્યાંથી આવી પડ્યો?

દુર્ગા૦—સાહેબ, આપનાં પ્રશ્નો, મને દીંગ કરી નાંખે છે! બાજુબંધ કેવો! અને હું કેવી! આની મને કાંઈ ખબર પડતી નથી.

જમાદાર—નહિ, નહિ, આ સઘળી તારી ઠગાઈ છે. મુદ્દાનો દાગીનો તારી પાસેથી નિકળ્યો, માટે તને સખત શિક્ષા થશે. પ્રથમ તો સ્ત્રિ જાતી, અને તે પણ તારા જેવી મહા કાંન્તીવાન, વળી યૌવનાવસ્થામાં આ પ્રમાણે ભુંડી મેળે એકલી મુસાફરી કરે એજ વાત અસંભવિત છે.

દુર્ગા૦—ત્યારે, આપને જેમ સંભવિત લાગે તેમ ગણો.

જમાદાર—તારી પાસે શું શું શામન છે? તે અમને તપાસવાદે.

દુર્ગા—જે સામન મારી પાસે છે. તે આપ નજરે જુઓ છો. મેં પેહેરેલાં વસ્ત્ર, અને આ નાની સરખી પોટકી, એ સિવાયે મારી પાસે બીજું કાંઇ નથી.

જમાદાર—એ પોટકી મને ખોલીને બતાવ.

દુર્ગા૦—હા, ભલે! (પોટકી છોડીને બતાવે છે.)

જમાદાર—તારે અમારા રાજા સાહેબ પાસે આવવું પડશે? ત્યાં તે તારી તપાસ ચલાવશે. જો તું નિરપરાધી માલુમ પડીશ; તો તે તને છોડી મુકશે.

દુર્ગા૦—મારૂં નિર્દોષ પણું સાબેત કરવા માટે આપ જ્યાં કહો ત્યાં આવવા હું તૈયાર છું. (સઘળા જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ધારાપુરીની રાજ્ય સભા.

(રાજા રાજ્યસભા ભરી રાજ્યાસનપર બીરાજમાન થએલા છે. અન્યજનો, સ્વાસના રૂઢ થએલા છે. એવામાં જમાદાર અને પગીના પાળા દુર્ગાને લઇ પ્રવેશ કરેછે.)

દુર્ગા૦—दीर्घआयुष्मान् भवपृथ्वीपति.

જમાદાર અને બીજા પાળા (એક સાથે)—રાજાજી સલામત.

ચોબદાર—ઉમ્મર ઔર દોલત જાદે, સલામપે નિગ્રા રખીએ, મેહેર—બાન

ન્યાયિકસીંહ—બાઈ, તેં મને આશિષ આપી, માટે હું તને અષ્ટઅંગથી નમન કરૂં છું. પણ તું કોણ છે? એ હું જાણતો નથી. તેં આશિર્વાદ આપ્યો તે પરથી તું કોઈ બ્રહ્મ પુત્રી છો એમ મને લાગે છે.

દુર્ગા૦—જી, હા. છે તો એમજ. આપે અનુમાન કર્યું તે બરોબર છે.

ન્યાયિક૦—એક તરફ જોતાં, બેન, તું બ્રહ્મ પુત્રી છે, માટે પુજ્ય છો ખરી પણ બીજી તરફ ન્યાય શાસ્ત્રના નિયમ પ્રમાણે તું મારી રૈયત છે માટે મારી પુત્રી કહેવાય.

દુર્ગા૦—નહિ ખાવિંદ, હું, આપની રૈયત નથી.

ન્યાયિક૦—ત્યારે બેન, મને જાણકર કે તું કોણ છે? અને આંહી આવવામાં તારૂં શું પ્રયોજન છે? બ્રાહ્મણ હોઇને જો તું કાંઈ મારી પાસે યાચના કરવા આવી હો. તો જે વસ્તુની તને અપેક્ષા હોય તે કહી દે, એટલે હું તને તે શ્રીકૃષ્ણાર્પણ કરૂં. એમ નહિ, અને જો મારી કોઈ પણ વસ્તીએ, યા તો મારા કોઈ પણ અમલદારે તારાપર બલાત્કાર ગુજાર્યો હોય; યાતો તને બેદાદ કરેલી હોય, એટલે તારાપર બળાત્કાર ગુજારનારને યોગ્ય નશિયત આપું. અને બેદાદ થએલી તુંને દાદ આપું. મારૂં નામ "ન્યાયિકસિંહ" છે. માટે મારી કોઇપણ રૈયતપર જુલમ ગુજારવા દેવામાં નહિ આવે. તેમજ મારી રૈયત યા મારા હાથ

નિશ્ચેનો કોઈપણ અધિકારી અથવા રૈયત,I બીજાપર જુલમ વાપરશે, એ મારાથી સંખાશે નહિ. માટે મને આંચકો ખાધા વગર ક્હીદે— કે, તું કોણ છે ! અને અહિ તું શા કારણથી આવી છે ?

દુર્ગા૦—પિતાજી, પેહેલા પ્રશ્નથી હું કોણ છું એ જાણવા આપ માગોછો. પણ જો કે, હું વયમાં ઘણી છોટી દીસુછું, તોપણ, મારૂં જન્મવૃતાંત, ઘણા ઇતીહાકોથી ભરપુર છે.—તે એટલું તો લાંબુ છે કે તે મારે કેહેવાની, અને આપને સાંભળવાની, આ વખત ફુરસદ નથી. ભાગ્યહિન પૂરૂષ ને સ્ત્રિયોનાં જન્મવૃત્તાંત કોઈ પણ પ્રકારની ખુશી ઉપજાવ્યાને બદલે ઉલટું દીલને દુખાવેછે. સાંભળનાર તરત કંટાળી જાયછે. અને તેનો છેડો તુરત આવે તો સારૂ, એમ આતુરતા બતાવેછે. આ વિખ જેવી કડવી જીંદગીમાં સાંભળનારને માંડ કરીને થોડા બોત ક્લાકો આશાએશ, અને વિશ્રાંતી લેવા ના મળ્યા હોય, થોડો વખતથયાં તેણે દિલગીરીનાં સમુદ્રની બહાર ડોકીયું કાહાડયું હોય, થોડોકજ વખત થયાં પોતે પોતાના અંતરની પીડા ઓર્શીકે મુકી હોય,—તો તે ક્લાકો ઉલ્લાસ અને આનંદમાં ગુજારવાને બદલે તેને પણ ખારા કરવામાં કોણ ખુશી હોય ? જે મન, થોડોક વખત થયાં શોકની સોડમાંથી બહાર નિકળી, આનંદ ઉછરંગના આસનપર બીરાજમાન થએલું હોય, તેને પાછું ફરીને પારકી પીડારૂપી ગોદડું ઓઢાડવાને કોણ ઉત્સુક હોય? હું આપને ખાત્રીપૂર્વક ક્હુંછું કે પારકું દુઃખ સાંભળવું એ હમેશાં કંટાળા ભરેલું અને બેચેની પેદા કરનારૂં છે. માટે હું ટુંકામાં એટલુંજ કહીશ કે મણીપુરના ગરીબમાં ગરીબ મા બાપને પેટ જન્મેલી, હું એક છોડી હતી. દૈવયોગે કરી મારાં બંને મા બાપ થોડે થોડેજ અંતરે દેવલોક થયાં. અને મને આ વિસ્તીર્ણ દુનિયામાં એકલી મહા ભય ભરેલી કંગાળ હાલતમાં મૂકી ચાલતાં થયાં, તેજ ગામના કામદારની સ્ત્રીને મારી હાલતપર દયા આવવાથી મારાપર સખાવત કરી મને તેને ત્યાં રાખી, પણ મારાં કર્મ ફુટલ, તેથી એ પણ બાઈ ગુજરી ગઈ, આજીવીકા મેળવવા સારૂ, મણીપુરમાં થોડાક દિવસતો ફાંફાં માર્યાં, પણ ત્યાં કોઈએ મારો ધણી કર્યો નહિ, એટલે કોઈ બીજા નગરમાં જઈ ત્યાં ગુજરાન ચલાવવા મેં

નિશ્ચય કર્યો. રસ્તે આવતાં, ગઈ રાત્રીએ આપની ધર્મશાળામાં ઉતારો લીધો, પરંતુ—

જમાદાર—ખુદાવંત, મારૂં કહેવું આપ જરા કાનપર ધરશો!

ન્યાયિકસિંહ—કેમ નહિ ધરૂં? બોલો જે કહેવું હોય તે કહો.

જમાદાર—આપના શયનગ્રહમાંથી જે માલ ગઈ રાત્રીએ ચોરાઈ ગયો હતો અને જેની શોધને માટે આપ સરકારે મને વધારેમાં વધારે પંદર દિવસની મુદત આપી હતી તેનો પતો મેં મેળવ્યો છે. તે એટલે સુધી કે, આપના ચોરાઈ ગએલા દાગીનામાંથી એક દાગીનો પણ હાથ આવ્યોછે. અને આપની હજુરમાં તેના ચોરનારને પણ રજુ કરેલોછે.

ન્યાયિક૦—હુંતો આંહી કાંઈ દેખતો નથી.

જમાદાર—હજરત, જે મોટા ઉમંગથી અને વાક ચાતુરીથી આપની સાથે સંભાષણ કરેછે—તે પોતેજ. યાતો તેની સાથેનાં માણસોએ આપના શયનગ્રહમાં સાપરાધ પ્રવેશ કરી માલ સઘળો ચોરી લીધો છે.

દુર્ગા૦—જો, આપ એક તરફીજ હકીકત સાંભળશો, તો મને બાજબી દાદ મળવાની હું આશા રાખતી નથી.

ન્યાયિક૦—બેન તું ઉતાવળી કેમ થાછ? ધૈર્ય પકડ. બધું બાજબી થશે. (જમાદારને)એમ કહેવાને તમારે શું આધાર છે કે આ બાઈ અથવા તેની સંઘાતેના માણસોજ એ માલના ચોરનાર છે.

જમાદાર—જો, મારૂં કહેવું, આપને વજનદાર ન લાગતું હોય, તો લ્યો આ દાગીનો, (દાગીનો કાઢી આપેછે)એ મારા બોલ્યા વગરજ આપની ખાત્રી કરી આપશે કે, મુદ્દાનો માલ સઘળો તેની પાસે છે. આવા પ્રથમ દર્શનિય પુરાવા કરતાં બીજા વધારે વજનદાર કયા પુરાવા મળી શકશે? અને જ્યારે એ પ્રત્યક્ષ પૂરાવો રદ જાય, ત્યારે પછી મારે કાંઈ પણ દલીલ કરવાની રેહેતી નથી.

ન્યાયિક૦—આ દાગીનો ક્યાંથી મળ્યો?

જમાદાર—આ બાઇનું બીછાનું ખોળતાં એ હાથ આવ્યો.

ન્યાયિક૦—કેમ, બેન, આ દાગીનો તારાજ બીછાના નીચેથી નીકળ્યો કે!

દુર્ગા૦—જમાદાર કેહેછે નિકળ્યો પણ પિતાજી—

ન્યાયિકસીંહ—આ અપરાધ રાજ્યની વિરૂદ્ધનો છે અને રાજ્ય વિરૂદ્ધ અપરાધ કરનારને જો હું સજા શિક્ષા ન કરૂં, તો મારા નામને અને ન્યાયને બટ્ટો લાગે. મને ખેદ થાય છે કે તું કોમળ શરીરની અને કોમળી વચની, સ્ત્રી છે, તેને કાળાગ્રહની અસહ્ય—

દુર્ગાગૌરી—પણ મારા બચાવમાં જે દલીલ મારે કરવાની છે, તે સાંભળ્યા વગર આપ એકદમ મને કેમ અપરાધી ગણોછો?

ન્યાયિક૦—બેન, તારા બચાવમાં, જે તારે હકીકત કેહેવાની હોય, તે કહે હું તેની રાહ જોતોજ બેઠોછું.

દુર્ગા૦—ફકત હું થોડાકજ શબ્દોથી, મારો બચાવ કરવા હું માગું છું. જમાદાર સાહેબ કેહેછે કે, આ બાજુબંધ મારા બીછાનામાંથી હાથ લાગ્યો, પણ મને માલુમ નથી, કે તે મારા બીછાનામાંથીજ મળી આવ્યો છે. પરંતુ જમાદાર જેવા અમીર અને પ્રમાણીક માણસ જેના ઉપર આ શેહેરની સલામતીનો આધાર છે. તે હું જેવી ઉપાયહીન અબળાને આરોપીત ઠેરવવાને યા તો તેના પર કુડાં કલંક ઉઠાડવાને કોશીશ કરેકે નહિ? એ વાત વિચારવા જોગ છે. પણ જો કદાચ કરે, તો પણ એના બોલવા ઉપર જેટલો ઇતબાર રાખી શકાય તેટલો કોઈ પણ દરજ્જે મારા બોલવા પર રેહેજ નહિ. પણ જો થોડીક વખત સુધી દલીલની ખાતર એમ માનીએ કે તે મારા બીછાનામાથી મળી આવ્યો, તો પણ તે પરથી સીધું એમ અનુમાન ન નિકળે, કે તેની ચોરનાર હું છું. ખરી હકીકત વિશે મારી કલ્પના એમજ દોડેછે કે વધારે તપાસ થતી અટકાવવાના હેતુથી ,હરામખોર લોકો આ દાગીનો મારા બીછાનામાં ફેંકી ગયા હશે? હું આશા રાખુંછું કે મારા દેદાર, મારી જાત, અને મારી ઉમ્મર, આપની ખાત્રી કરી આપશે કે સદરહુ માલ લીધાની મારામાં તાકાત નથી. સેંકડો માણસોના ટોળામાંથી મધ્યરાત્રીને સમયે એ ધર્મશાળામાંથી હું સ્ત્રી જાતી બહાર નિકળવા હિમ્મત ધરૂં એ પ્રથમજ અસંભવિત છે. જો કદાચ આવું એમ દલીલની ખાતર કબુલ રાખીએ તો પણ આંખે અંધારાં આવે

એવી ઉંચાઇએ કંઇ પણ આધાર વિના ચડવાને હિંમત ચલાવું એ બીજે દરજે અસંભવિત છે. આ બંને બાબત મારાથી કદી બનેજ નહિ. પણ જો કદાચ બનવા સંભવ હોય તો પણ મેહેલ ફાડી પાંચ મરદો ઉપાડે એટલો બોજો હું, એકલી ઉચકી જાઉં, એ મારી શક્તિની બહાર છે. અને તેટલા માટે અસંભવિત છે. આપ જુઓછો કે મારૂં શરીર નાજુક બાંધાનું, અને કૌવતહિન છે. જો આપ નિષ્પક્ષપાતપણે જોશો તો આપનો દ્દઢ નિશ્ચય થશે, જે નિસાદાર ખુમારી હરામખોર લોકોની આંખમાં ભરેલી હોય તે મારી અંદર નહિ વરતાય. જ્યારે માણસને માણસ ન જોઈ શકતું હોય, એવી ઘોર રાત્રીનાં ભયંકર મધ્ય ભાગમાં કોઇનું ઘર ફાડ્યાના ઇરાદાથી સ્ત્રી જાતીય ફેરા કેમ મારી શકે? હું આટલું બોલી તે બધું સત્ય પ્રતિજ્ઞાપરજ બોલેલી છું. પણ આપની વધારે મજબુત ખાતરી કરવાના હેતુથી હું તાજી પ્રતિજ્ઞાપર કહુંછું કે, હું નાગર પુત્રીજછું. અને ઉંચવર્ણમાં જન્મેલી સ્ત્રી હોવાથી બદદ્યાનતથી કોઇનાં ઘર ફાડવા હીમ્મત ન ચલાવી શકું. જો કદાચ સ્ત્રી જાતી એવું અઘોર કૃત્ય કરવા હિંમત ચલાવે તો તે કોગી કુંભારની મને કેહેતાં ખેદ થાયછે. પણ કહ્યા વગર ચાલતું નથી કે, અગર જો આપના જમાદાર દીર્ઘ દ્રષ્ટિવાળા હોય તો પણ મારી સમજ પ્રમાણે આ કામમાં તેણે પોતાની દીર્ઘ દ્રષ્ટી કામે લગાડી નથી. આ કામમાં યથાસ્થિત તપાસ કર્યા વગર તેણે મને આરોપીત ઠેરાવી દીધી છે. મારા બીછાના સુધીજ માત્ર હરામખોરોના પાદચીન્હનો તેણે તપાસ કર્યો. પણ તેટલેથી સંતોષ માનવાનું તેને કારણ ન હતું. કદાચ હું નીરઅપરાધી ઠરૂં અને હું નીર અપરાધી છું. માટે તેવીજ રહીશ તો, પછી ત્યાં સુધીનાં પગલાં શું કામ આવશે—વળી પણ—(૭ ઘોડેસ્વારો ત્રણ બ બીવાનને મુશ્કે બાધેલા લાવી હાજર કરે છે)

ન્યાયિકસિંહ—અરે આ તોફાન વળી ક્યાંથી આવ્યું?

પેશોસીપાઇ—હજરત, હજુરની આજ્ઞા પ્રમાણે અમે ઉત્તરમાં ફાધ અર્ધ ઘોડાઓને મારી મુક્યા, પાંચેકગાઉ અમારી નિરવિઘ્ન કુચ અમે જારી રાખી એવામાં દુર એક ત્રણ લોકોનું ટોળું એકશ્વાસે દોડ્યું

જતું અમારી નજરે પડયું. જે માર્ગ તેમણે લીધેલો તેજ માર્ગબણી અમે અમારાં ઘોડાઓને દોડાવ્યાં, તેમનામાના એકે અમારીબણી પોતાની નજર ફેરવી અને અમે કોણ છીએ, તે તપાસવાને તેઓ થોડીકવાર અટક્યા, પણ જોઇને તરતજ જેટલી ત્વરાથી તેઓ આગળ કુચ કરતા હતા, તેથી બમણી ત્વરાથી તેઓ કુચ કરવા લાગ્યા, અમારૂં મોટેરૂ બોલવું તેઓ સમજી શકશે. એવું જ્યારે અમને જણાયું. ત્યારે અમારામાના એકે બરાડા પાડી તેમને પડકારા. પણ અમારા પોકારવા વિષે અખાડા કરી રસ્તો મૂકી તેઓ આડી વાટે જવા લાગ્યા. એટલુંજ નહિ, પણ તેઓએ વધારે શીતાબી પકડી, આથી અમને શક ગયો કે, એ કંઈ દુષ્કર્મ કરી ચાલ્યા જાયછે. તે પગપાળા હતા, અને અમે સ્વાર હતા. તેથી અમે અમારા ઘોડાને એવાતો દાબી મુક્યા, કે થોડાક વખતમાં ભેટભેટા થઈ ગયા. જેમ જેમ અમે તેમની નજદીક આવતા ગયા, તેમ તેમ તેઓ પોતાની ગતિ ધીમી પાડતા ગયા છેક પાસે આવ્યા, ત્યારે તો તરતજ અમે તેમને અને તેણે અમને ઓળખી લીધા. અમારી શંકાએ તરતજ ખાત્રીનું રૂપ ધારણ કર્યું. અમે તેમને કેટલાક ઉલટાવીને સવાલ પૂછ્યા. જેમાંથી ઘણાખરાના જવાબતો ઉડાવી દેવાની તેમણે કોશીશ કરી. જ્યારે અમે તેમને વધારે દાબ્યા, ત્યારે તેમણે સામા થવાનો ઇરાદો બતાવ્યો. પણ અમારી પાસે તેમની કારી ફાવે તેમ નહોતું. સંખ્યામાં તેઓ માત્ર ત્રણજ હતા, અને અમે છ હતા, તેમની પાસે હાથ, પગ શિવાય એક પણ શસ્ત્ર નહિ હતું. પણ અમે તો સાયુદ્ધ થએલા હતા, તેઓ બીકણ કોળી હતા, પણ અમેતો શુરવીર રજપુત હતા. સારાંશ કોઈ પણ રીતે અમારી પાસેથી તેઓ મામલો જીતી જાય, એમ નહોતું. થોડી વખત સુધી તો તેમણે હુજત કરી પણ જેમ જેમ અમે વધારે દમ બરાવતા ગયા, તેમ તેમ તેઓ વધારે નરમ પડતા જણાયા, પોતાની ના કોવતી અને નબળાઈ વિશે તેમની ખાત્રી હોવાથી શત્રુતાઇનાં કંઈ પણ ચિન્હ બતાવ્યાને બદલે અમારી સાથે તેઓ મિત્રતાનો ડોળ દેખાડવા લાગ્યા, અમારી યોજનાથી તેઓ વાકેફ જણાયા, સબબ અમે આવી પોહોંચ્યા

કે તરતજ તેમાંના બે, જેમની પાસે મુદ્દાનો માલ જણાયો, તેઓ ઉતાવળે ક્રમથી એકને પાછળ છોડી ચાલતા થયા. પાછળ રહેલા એક જણે અમને વાતોચિતો કરાવી રોકવાની કોશીશ કરી, પણ અમે તો આગળથીજ ચેતવણી લીધેલી તેથી તેની ધારણામાં તે નિષ્ફળ થયો. ખાલી રહેલ, એક પાળાનો સહવાસ છોડી જે માલ લઈ જનાર હતા તેમને પકડી પાડવા અમે આગળ ચાલ્યા, આ તેમની યુક્તિ ફોકટ જવાથી તેણે અમને લોભ લાલચમાં નાખવા યત્ન કર્યા. જે ધણીનું અમે નિમક ખાઈએછીએ તેનાથી બેવફાદાર થઈને તેમણે ચોરીથી મેળવેલા દ્રવ્યમાં ભાગદાર કરવાની તેમની આવી શરમ ભરેલી અને નિચ દરખાસ્તથી અમારા સ્નાયુ માહેનું રૂધિર ઉકળી આવ્યું. અને અમે તેને ઠામજ પુરા કર્યા હોત, પણ આપની ધાસ્તીથી અમે બીવા લાગ્યા અમારો જુસ્સો ઉભરાઈ આવ્યો. અમારામાના ત્રણજણે ઉતરી તેમને પકડી લીધા. અને તેઓનીજ પાઘડી વતી તેમના હાથ કસી લીધા.

ન્યાયિક્રસિંહ—ચોરાઈ ગએલો માલ સંપૂર્ણ છે કે, તેમાંથી કાંઈ દાગીના બરબાદ થયાછે! તેનો તપાસ કરવાનું આપણા ભંડારીને કહે.

પેશ્રોસીપાઈ—જહાં પના, જયું આપકા હુકમ, (જાયછે)

ન્યાયિક્રસિંહ—આપણી ચોકી પેરાનો બંદોબસ્ત એવા તો મજબુત રેહેછે કે, આપણી રાંકડી રૈયતને પણ કોઈ દિવસ ચોરીની ફરિયાદ કરવાનું કારણ મળી આવ્યું નથી. તે છતાં પણ હે ચોરો! તમે તમારાં માથાં એક બાજુ પર મૂકી, પેરેગીરોની આંખમાં આંજી મારો મેહેલ ફાડવાનીજ નહિ, પરંતુ તેમાંથી અસંખ્ય ધન્ય, અને જવાહિર, લઈ જવાની છાતી ચલાવી. એ મને આશ્ચર્યકારક લાગેછે. મને એમ શંકા થાય છે કે તમારી પીઠ ઠોકનાર કોઈ માહિતગાર માણસ હોવો જોઈએ માહાન સહાયકારી વિના, આ મહાભારત કામ, તમારો મગદુર નહિ કે તમે કરી શકો! માટે મને સત્ય પ્રતિજ્ઞાપર કહી દો, કે આ કોભાંડમાં કોણ કોણ સામેલ છે?

૧ લોચોર—ખુદાવંદ અમારાં તગદીર ફુટેલાં, તેથી અમે પોતેજ

આવું દુષ્કૃત્ય કર્યું. સ્વમતિથી, અને સ્વહસ્તેજ અમે આ કામ કરેલું છે.

ન્યાયિક૦—સઘળું ભોપાળું જ્યારે અજવાળામાં આવશે, ત્યારે સત્ય કરી માનજો કે તમારા બુરા હાલ થશે. (ભંડારી પ્રવેશ કરેછે)

૨ જોચોર—હજરત હમને બીજો કોઈપણ સાહાકારી છેજ નહિ. અને જો કદાચ હોય, અને અમે તેનું નામ આપીએ, તો પણ અમારે માટે આપનો પવિત્ર કાયદો જે શિક્ષા ફરમાવે છે. તેમાંથી અમને તલ માત્ર પણ ઓછી શિક્ષા કરવાના છો?

ન્યાયિક૦—ના એતો નહિ.

૨ જોચોર—ત્યારે પછી જે જાળના પંઝામાં અમે ફસાઈ ગયા છીએ તેમાં બીજા કુલિન પુરૂષોને ફસાવવા અમે દુરસ્ત ધારતા નથી.

ન્યાયિક૦—તમારા બોલવાના વલણ પરથી મારી અંદર કંઈ પણ સંશય રેહેતો નથી. કે કોઈ રાજ્યવંશી યાતો કોઈ રાજ્યના મોટા અધિકારી તરફથી, તમને નિર્ભયતા વિષે, વચન મળેલું છે. અને સઘળી દેહેશતમાંથી તમને તેણે પોતાની સત્તાના સામર્થ્ય વડે મોકળા કરેલા લાગે છે. માટે ઇશ્વર સાક્ષીએ સાચું કહી દો.

૩ જોચોર—સાહેબ સાચું કેહેવરાવવામાં આપ સાર નહિ કાઢો. અસત્ય બોલવાથી અમે આપના અને પરમેશ્વરના બંનેના ગુનેગાર થઇશું. પણ જો સાચું બોલશું તો, ઘણાઓના કચરઘાણ નિકળી જશે.

ન્યાયિક૦—જ્યારથી તમે ચોરી કરી, ત્યારથી તમે મારા અને ઇશ્વરના તકસીરવાર થઈ ચુક્યાછો. પણ બીજી વખત જ્યારે હું તમને સત્ય પ્રતિજ્ઞા ઉપર બોલવા ફરમાવુંછું, ત્યારે જો તમે સાચું છુપાવશો તો બેવડા ગુનેગાર થશો. માટે કહી દો. કે આ અઘોર કૃત્ય કરવા તમને કોણે ઉશ્કેર્યા.

૩જોચોર—જ્યારે આપ અમને આટલા બધા ટુંકા પકડોછો. ત્યારે લો ટુંકામાં કહી દઇએ કે, આ કામ આપના એકનાએક લાડકવાયા પાટવી કુંવરે કરાવ્યું છે. ચાહેતો આપ એને પરેજકરો. દેશનિકાલ કરો, ફાંસીએ ચડાવો, યાતો રાજ્ય ગાદીનો હક તેની પાસેથી છીનવીલ્યો,

તો પણ, આપની પાસે અમારૂ હૃદય ખુલી અમે બીજા અપરાધમાંથી નિર્દોષ થયા છીએ. તો પણ અમારી ખાસ આજીજી આપને એમ છે કે, અમને તો આપ મનમાનતી રીતે શિક્ષા કરો પણ આપના પાટવી-કુંવરને તો મેહેરબાની કરી બચાવી લેજો.

ન્યાયિક૦—પટાવાળા,—કુંવરને આ વખતને આવખતજ મારી હજુરમાં લાવ.

પટાવાળો—ખુદ એ દોલત, આપકી હજુરમે અભીકેઅભી, હોને-કાં, કુંવર સાહિબકું જાકે બોલદૂં.

ન્યાયિક૦—પટાવાળા, હું તારાપર બહુજ નારાજછું. જ્યારે હું તને તેને આ વખત હાજર કરવા આજ્ઞા કરૂંછું. ત્યારે તું કેહેછે કે કુંવરને હમણાં આવવાનું કહું.

પટાવાળો—ન આવેતો મૈ ક્યાકરૂં, હજરત?

ન્યાયિક૦—સીપાઇછો કે કુંભાર, ન આવે? એનો મગદુર, નઆવે તો ધકે મારીને લેઇ આવ.

પેલોસભાસદ—ન, આવે એમતે હોય? રાજા સાહિબનું તું નામ લે, એટલે તુરત આવી હજુરમાં હાજર થશે.

પટાવાળો—જેસા આપકા હુકમ ખુદાવંદ. (જાયછે)

ભંડારી—સાહિબ, મેળ મેળવ્યા પરથી એક પણ દાગીનો બરબાદ થયો મને લાગતો નથી.

હજુરી—એ તો આપણાદરબાર મહા વિચીક્ષણ, અને બુદ્ધિ-શાળી છે. નહિ તો ચોરનો પત્તો પણ શું મળે! અને વાતે શી, જાય બુકારા કરતું. કોણ ભાવ પૂછે?

બીજોસભાસદ—બુદ્ધિ, અને વિચિક્ષણાઈ વિના તે ક્યાંથી પત્તો મળે? (કુંવર પ્રથીરાજ પ્રવેશ કરે છે.)

કુંવર—પિતાજી, આપના ચરણપર શીશ રાખું છે.

ન્યા૦—પુત્ર, આ વખત લાડ કરવાં બાજુપર મૂક. જો તું મને અષ્ટ અંગ નમન કરવા આવીશ તો, હું તને મારા રસ્તામાંથી દુર કરી-આની માફક લાત મારી દુર કરીશ.

કુંવર—આપના ક્રોધની સઘળી ઇંદ્રીઓ ઉશ્કેરાએલી જોઇને મારાં ગાત્ર ધ્રુજવા લાગે છે. આપને ગુસ્સે થવાનું મેં કાંઈ પણ કારણ આપેલું નથી.

ન્યા૦—નિચ, કાવતરા ખોર કપટ બાજુપર મૂકી કહી દે કે, આંહી ઉભેલા આ કેદીઓમાંથી કોઈની સાથે તેં કોઈ દિવસ વ્યવહાર, મારા કહેવાની મતલબ અનીતી ભરેલો વ્યવહાર જોડવાની તક લીધેલી છે? જ્યારથી તેઓએ તારૂં નામ આપ્યું, ત્યારથી મને તારી હાલની વર્તણુંક પરથી ખાત્રી થએલી છે કે, તું એ, અઘોર કૃત્ય કરવામાં સામેલ હોઇશ? પરંતુ જ્યાં સુધી તારી જીભ, તારો ગુન્હો કબુલ નથી કરતી, ત્યાંહાં સુધી માત્ર આ કંગાળોની લુલી શાક્ષી પરથી તને આરોપિત કરવો એ ટુંકા વિચારનું કામ અને ન્યાયનું મોઢું બંધ કરી નિર્મળ ઇનસાફ આપવાનો ફાંફો ધરાવવો તેના બરોબર છે. કાયદાનો એવો સ્થાપીત નિયમ છે કે સહ અપરાધીની કબુલત ઉપરથીજ તને હું આરોપીત ઠરાવી શકુ નહિ. Confession of a co-prisioner is bad in law.) હે પુત્ર,—આ સમયે કદાચ તું અસત્ય બોલીશ, અને ન્યાયના પંજામાંથી નિકળી જવાને યત્ન કરીશ તોપણ નકી માનજે કે,જ્યારે વધારે સાહેદી પુરાવા પરથી તારો ગુનો સાબીત ઠરશે, ત્યારે તને જે શિક્ષા હું આપીશ તેને માટે તારે જન્મ પર્યંત પસ્તાવું પડશે. માટે જો, મારાજ વીર્યથી ઉત્પન્ન થએલો હોય તો મને આંચકો ખાધા વગર સત્યજ કહી દે કે, આ બંધવાઓ સાથે તેં કોઈ પણ જાતની ખટપટ કરેલી છે!

કુંવર—જો, મારા બોલવાપર આપને ઇતબાર રહે તેમ હોય તો, પછી હું યથાસ્થિત કહી દઊં.

ન્યા૦—સત્ય બોલીશ, તો પછી વિશ્વાસ કેમ નહિ રહે!

કુંવર—ગમે તેવો મારો ફિટકાર આપ કરો. પણ હવે તો હું જે હકીકત બનેલી છે તે સઘળી આપની પાસે નિવેદન કરીશ. આ ચોરોનો ઇરાદો કદી પણ આપણી હવેલીપર છાપો મારવાનો નહોતો. કદી એ વાત એમના સ્વપ્નામાં પણ નહિ આવી હોય, આપણું જવા-

હિરખાનું તોડવાનું તેમના મગજમાં પેહેલું ભુત ભરાવનાર હું છું. એ-ટલે બધે ઠેકાણે ચડવામાં જે જે સાહિત્યો જરૂરનાં હતાં, તે તે મેં સઘળાં પુરાં પાડ્યાં, ગઈ રાત્રીએ મારા મેહેલની અંદર મેં તેમને આશ્રય આપ્યો હતો, અને તેમને ગામ બહાર નિકળી જવા માટે મેં ખાસ રસ્તો કઢાવી રાખ્યો હતો, એ ચોરીના કામમાં જો, તેઓ ફતેહમંદ થાયતો, મેં એની અંદર મારો ચોથ ભાગ ઠરાવ્યો હતો, આથી વધુ હું કાંઈ જાણતો નથી.

બાo—અરે ઉડતા સાપ! તારાં કાવતરાં સાંભળી હું દંગ થઈ જાઊં છું. તું આંહી હાજર છે, તેથી મને અપમાન પોંહોચે છે. તારા જેવો પુત્ર ઉત્પન્ન થએલો જોઈ મનુષ્યને મારૂં મો બતાવતાં હું શરમાઈ જાઊં છું. તારૂં મોહું જોવું મને છાજતું નથી. ચંડાળ! સ-ત્વર, અદ્રશ્યથા. નહિતો, મારી ક્રોધાગ્નીની જ્વાળા તને ભસ્મ કરશે. કુળના કલંક! મનુષ્ય જાતિના કલંક! હું પુત્ર સંતતી વિના રહ્યો હોતતો વધારે સુખ માનત. જા, તારૂં કાળું કર. આવા કંગાળો સાથેજ જી-વતાં પર્યંત મેળાપ રાખ્ય, તું જેવો દુષ્ટ, મારો ઉત્તરાધિકારી થાય, અને મારો સઘળો બાદશાહી દમામ ભોગવે, તેના કરતાં તો હું નિર-વંશ રહું અને પ્રજા સત્તાક રાજ્ય ચાલે, એથી હું વધારે સંતોષ માનુ છું. તું જેવા અધમ પાતકીને મારૂં વિસ્તિર્ણ રાજ્ય મળે, અને મારો સઘળો વૈભવ તું ભોગવે! તેનાં કરતાં તો કોઈ યવન લોકો તેનાપર સ્વારી કરી તેને બેદાન મેદાન કરે, તો મને વધારે સદગતિ થાય. પેટે ચાલ-નારા જંતુ! આવા કાળાં કર્મ કર્યા પેહેલાં તેં તારી આબરૂપર પણ નીધા નહિ કરી! તને તારા કુળની પણ શરમ ન પોંચી, જો આ તારો પેહેલોજ અપરાધ હોત તો, દયાથી મારૂં મન પીંગળત. પરંતુ તે સંખ્યામાં એટલાં બધાં છે કે, તેમાના થોડાનુ પણ જો આ રાજ્ય સભાની સમક્ષ વૃતાંત કેહેવા બેસુ છું તો આમાના પોચામાં પોચા દીલવાળા માણસો પણ એમજ કહેકે તું દેહાંત દંડની શીક્ષાને પાત્ર છે. ત્યારે હું તને જે નસીયત સંભળાવવા મન કરૂં છું તે સાંભળવા તત્પર થા. મધ્યમ સ્થિતિના માણસને અચ્છી રીતે ગુજરાન ચલાવવામાં

જેટલી બાબતો તથા ધન જરૂરનાં છે. તેટલાંજ માત્ર તને તારી જીંદગી પર્યંત આપવામાં આવશે. તારી તેનાતમાં હાલ જેટલાં દાસ, દાસીઓ રહે છે. તે સઘળા ખુંચી લઈ માત્ર તેમાંથી એકજ વૃધ અને શાણા, નોકરને રહેવા દેવામાં આવશે. હું મુકરર કરી આપું તેવા શિક્ષા ગુરૂ પાસેથી દરરોજ ચાર ક્લાક બોધ લેવાની તને ફરજ પડશે. તેં મહા ત્રાસદાયક અપરાધ કરેલો છે. તેથી તું રાજ્ય પદ લેવાના લાયક થયો છે માટે આ ઠરાવથી હું તારી પાસેથી મારા ઉત્તરાધિકારીનો હક છીનવી લઉ છું. ખાત્રી પૂર્વક માનજે કે, આ ઠરાવની કોઈપણ સરત વિરૂદ્ધ વર્ત્તીશ તો, પછીથી જે ઠરાવ હું બહાર પાડીશ તેના કરારો તને વધારે હાનીકારક અને વધારે સખ્તાઈ ભરેલા કરવાની મને જરૂર થશે. મારા જીવતાં સુધીમાં જો તારી વર્તણુક નિતીભરેલી અને ન્યાયને અનુસરતી હશે તો, મારૂ મન દયાથી પીંગળશે.

કુંવર—આપની સખાવતને માટે પીતા! હું આપને શીર સાષ્ટાંગદંડવત કરૂં છઉં.

ન્યા૦—પુત્ર! આ પ્રમાણે શિર સાષ્ટાંગદંડવત કરવાથી, તું તારી નાદાનીને વધારે અજવાળામાં મુકછ; આજે વખત ઘણો મોડો થએલો છે. માટે જો, સભાસદો, સૌની મરજી હોય તો, કેદીઓને ઈનસાફ આપવાનું કામ આવતી કાલપર મુલતવી રાખીએ.

કેટલાએક સભાસદો એક સાથે—જેવી ખુદાવંદની મરજી!

ન્યાયિકસિંહ—(દર્શાને) મને ખેદ થાયછે કે, નિર્દોષ છતાં પણ તારે તોરમાં આવેલા સીપાઇઓના કોપનું બળીદાન, થવું પડ્યુ હશે. પણ "સાચને કદી આંચ આવતું નથી." એ કેહેવતની સચાઇના પ્રત્યક્ષ પુરાવા તું તારી નજરે જોછ. પ્રથમથીજ તું નિર્દોષ હતી તો, છેવટમાં પણ તારા નિર્દોષપણાની શાબીતી મળી આવી. તને જોઈ મારૂં મન મોહિત થઈ ગયુંછે. પણ ફક્ત પુત્રી ભાવથીજ જ્યારે તારી આવી વિલક્ષણ આકૃતિની અંદર સઘળા ગુણો તેમજ પૂર્ણતા સમતુલ્યતાથી એકઠાં થએલાં જોઉછું ત્યારે કિરતારની અકળિત કૃતિનો ખ્યાલ મારા મનમાં સેહેજ આવી જાય છે! તારો વિવેક, કે તારી વાક્ચાતુરી;

તારી કાંન્તી કે, તારૂં શરમાળપણું; આની અંદરથી કયું જોવાથી મારૂં મન ચોરાઈ જાયછે. તે બાબત હું ગુચવણમાં પડ્યોછું. દરેક પંક્તિના લોકોનાં મન, હરવાનો અજીત, જાદુ, તારી અંદર રહેલો જોઉછું વિદ્વાનોનાં તારી વિદ્યા જોઈ, જ્ઞાનિઓનાં તારૂં જ્ઞાન જોઈ, સદગુણીનાં તારા સદગુણ જોઈ, વિષયાશક્ત પૂરૂષોનાં તારૂં રૂપ જોઈ, વિવેકીનાં તારો વિવેક અને નમ્રતા જોઈ, તથા દયાળુના તારા દુઃખોનું વૃત્તાંત સાંભળી અતઃકરણ ભેદાયા વિના રેહેજ નહિ. મનોરબાઈ! હું તારાપર પ્રસન્ન થએલોછું. માટે મારા ભંડારી પાસે પડેલા અલંકારમાંથી એક અતિશય મૂલ્યવાન હોય તે તારે હાથે ઉંચકી લે.

દુર્ગા૦—(પીતાજી!) આપના પવિત્ર દર્શનથી મને અલભ્ય લાભ થએલો હું માનુંછું. જે સાંભળવાથી મહા અધમ પાતકી પણ મોક્ષનો અધિકારી થાય એવી આપની અમૃત વાણી, મેં મારે કાનોકાન સાંભળી છે. જોઇને મને સંતોષ ઉપજે છે કે, ન્યાયની તુલના આપ સમ દૃષ્ટિથી નિષ્પક્ષપાતપણાથી, અને પંક્તિનો ભેદ રાખ્યા વિના કરોછો. આપના નેક રાજ્યમાં તવંગરને ન્યાય વેચાતો અપાતો નથી. તેમજ ગરીબને તે મળવાની ના પાડી શકાતી નથી. હલકામાં હલકી કોમના માણસથી લેઇને શ્રેષ્ટમાં શ્રેઠ અમલદાર સુધીમાં સર્વે કોઇને ઇનસાફનો એક સરખો આશ્રય મળે છે. તેનો સાક્ષાત દાખલો મેં મારી નજરે જોયો. એક હરામખોરોના ટોળાને આશ્રય આપ્યાના અપરાધ માટે આપે આપના એકના એક પુત્ર પાસેથી સઘળો બાદશાહી દમામ છીનવી લીધો! અને તે આપની પછી તખ્તનશીન થવાનો હક તેની પાસેથી ખેંચી લીધો. એ કાંઈ ઓછી આશ્ચર્યકારક વાત નથી! આવું કરવાને બીજો કયો બાપ હિંમત ધરશે?

ન્યા૦—પણ મેં આપવા ધારેલી ભેટ કબુલ રાખવાને તું હા કેહેછે કે ના?

દુર્ગા૦—પિતાજી! આ ભેટ આપ મને શા કારણથી આપોછો? તે હું જાણતી નથી! એવી મેં શું આપની શેવા બજાવી છે, કે જેથી તે લેવાની હું પાત્ર થએલી છું?

ન્યા૦—બેન! જો કે તેં મારી કંઈ પણ સેવા બજાવેલી નથી. તોપણ મારી પુત્રી તરીકે અને મારૂં નામ તારી યાદદાસ્તમાં કોતરાએલું રેહે તેટલાજ માટે હું તને આંહિ પડેલા અલંકારોમાંથી એક મન ગમતું ઉપાડી લેવા છુટ આપું છઊં.

દુર્ગા૦—જ્યારે, આપ પિતા ભાવથી તે આપો, ત્યારે મારાથી તે સ્વીકાર્યા વગર પણ કેમ રેહેવાય! (એક હલકામાં હલકો દાગીનો ઉપાડી લેઈ અભીવંદન કરેછે.)

ન્યા૦—આવી લાચાર હાલતમાં પણ ધનનો ઢગલો જોઈ તારૂં મન લલચાતું નથી! એ તાજુબી ભરેલી વાત છે! અકલના અડબંગને પણ ધનથી થતા ફાયદા વિષેની માહિતી હોવી જોઇએ. ત્યારે તું તો મહાનિપુણ અને અર્થ શાસ્ત્રમાં કુશળ, તે ઓછામાં ઓછી કીમતના અલંકારથી કેમ તૃપ્તી બતલાવછ! તારી દરીદ્રતાને જડ મૂળમાંથી ક્હાડી નાખવાના હેતુથી મેં અલંકારમાંથી અતિમૂલ્યવાન પસંદ કરવાની તને તક આપેલી! તેમ છતાં પણ તેં તે તકનો લાભ લીધો નહિ!

દુર્ગા૦—બસ! આટલાથીજ હું સંતોષ માનુંછું.

ન્યા૦—ત્યારે, હવે કચેરી બરખાસ્ત કરશું?

(સઘળી રાજ્યસભા ઉઠી ઉભો થાયછે. દુર્ગા સલામ લઈ પોતાના આશ્રમ પર જવાને વિદાય થાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાન વગડો.

(દુર્ગા પ્રવેશ કરેછે.)

દુર્ગા૦—(મનને) નબળા મન, તારી યોજના અમલમાં લાવવાને તું કેમ શક્તિવાન થતું નથી? અરે! અવિચારી! આ શરીરપર જે જે સંકટો પડે છે? મારા કેહેવાની મતલબ જે જે વેદનાઓ મારૂં આ શરીર સેહેછે! તે સઘળાની લાગણી થવા તનેજ સંભવ છે. સઘળી વિપત્તી તારેજ વેઠવી છે! અને આત્મા તો સ્વભાવિક રીતે પોતાનો કાળ નિ-

સ્થિત ગુજાર્યા કરેછે. સદા સુખી કે જન્મ દુઃખી દેહની અંદર રેહેવાથી તેની લાગણીમાં કાંઈ પણ તફાવત પડતો નથી. કારણ કે તે વિરક્ત છે. અને દુઃખ સુખનું જુમેદાર તો તુંજ છે. આ દુઃખીયારી હાલતમાંથી છુટકારો લેવાનું તારાજ હાથમાં છે. તું પૂછ ? કે કેમ તો કે મારે કહી આપવું જોઇએ કે, આ દેહનો અંત આણ્ય. એટલે તારો પણ તેની સાથેજ આવી જશે. મુંઢ, સ્વહિત શેમાં ભરેલું છે ? તેની તને ખબર નથી. તું જાણતું નથી કે, આત્મા તારો કટ્ટો શત્રુ છે, એટલે તને દુઃખી જોઈ આનંદ પામે એમાં નવાઈ નહિ ! પોતાના હાસ્ય વિનોદનું તેણે તને રમકડું બનાવી દીધું છે. માટે કુંભકરણની ઉંઘમાંથી જાગૃત થઇને જો, કે તારૂં બેહેતર શું કરવામાં રહેલું છે. આ કુમળા શરીરને ટાઢ અને તડકામાં, વસ્તી, અને વગડામાં, ધરાણે અને ભૂખે, ચોરના માથાની ગોટે અથડાવું પડે છે ! પગમાં કાંટા ભાગી જાય છે ! ચામડી બધી ઉઝરડાઈ લોહીના રેગાડા ઉતરી ખરેઠા વળી જાયછે. હજારો, માણસો તરફથી અપમાન મળે છે. તે સઘળું આ કાયાને ખમવું પડે છે. અને કાયાની સાથે તારો આવો સંબંધ છતાં પણ તારૂ રૂંવાટુ ફરકતું નથી. એ તે શું ! મૃત્યુકાળ સમય, તું એક ક્ષણભરનું દુઃખ વેઠી પરમ સુખનો લાભ લે. અને સદા સુખી શરીર સાથે જોડાઇને તારી શક્તિનો ચમત્કાર ચાલતી આલમને બતાવી દે. ત્યારે મુર્ખ વિલંબ શાને કરે છે ? આ રહી પાણી પીવા માટેની દોરી, અને આ રહ્યું પેલું વૃક્ષ, વૃક્ષની મજબુત ડાળીએ આ દોરી બાંધી ગળામાં ફાંસો નાંખી ખેંચ, એટલે પ્રાણ વાયુ સત્વર ખેંચાઈ જશે. આ દેહને આજ્ઞા કર ! એટલે કછોટોવાળી આ ઝાડ પર ચડી દોરડું બાંધી આવશે. (ઝાડપર ચઢવા જાયછે, પણ ચઢતાં ચઢતાં પગ લડથડેછે તેથી નિચે પડી જાયછે.) કમ્બ્ત પરમાત્મા ! આ પ્રમાણે કટકે કટકે જીવ કાહાડી લેવાના કર્તા એકદમ મારવાથી હું તારી વધારે આભારી થઇશ. અરે ! મન, શરીરના એક વખત પડવાથી તું, આટલું ના મુરાદ કેમ થઇ જાછ. ચડાવ્ય બીજી વખત, અને આ ફેરે વધારે સંભાળ અને વધારે કાળજી રાખજે, (બીજી વખત ચડી દોરડું બાંધો નિચે આવેછે એવામાં અચાનક એક-

મુસાફર પાછળથી આવી પોહોંચેછે.) આ પાપ! વળી ક્યાંથી આવીને નડ્યું. વિલંબ કરવાથી હજારો વિઘ્નો આડાં આવે.

મુસાફર—કુળવંતી બાઇ! આ ઝાડપર દોરડું બાંધી શું કરવા ધાર છ?

દુર્ગા૦—ભાઇ! તું તારે રસ્તે ચાલ્યો જા. જે બાબતમાં તારૂં હિત રહેલું નથી. તે બાબત ખુલાસો પૂછી મગજને કેમ તસ્દી આપ છ.

મુસાફર—દરેક બાબતમાં હિત સિવાય, કોઇકજ ખુલાસો પૂછે છે.

દુર્ગા૦—મારી યોજના જાણવાથી તને શું ફાયદો થશે?

મુસાફર—તેં જે સમારંભ કરેલો છે, તે પરથી મારો તર્કતો એમ દોડે છે કે તેં કાંઇ મહા દુષ્કર્મ કરવા ધારેલું છે. તે દુષ્કર્મ કરતાં જો હું તને અટકાવું તો મને કોટી યજ્ઞ ફળ પ્રાપ્ત થાય.

દુર્ગા૦—ત્યારે ભાઇ, તર્ક કરવામાં તેં મોટી ભુલ કરી. મેં કાંઇ દુષ્કર્મ કરવા ધારેલું છે, એમ જો તને આભાશ હોય, તો તે કાહાઢી નાખવો. ચાલતા પશુંને પણ દુભવવું એવી મારી પ્રકૃતિ પણ નથી.

મુસાફર—આ તારી ધામ ધુમ કહી આપે છે. કે, તેં નક્કી કાંઇ અઘોર કર્મ કરવા ધારેલું છે.

દુર્ગા૦—ભાઇ તું કોઇ કંટાળો પેદા કરનાર પ્રાણી જણાય છે. તારી સાથે માથા ફોડ કરવાથી મારો મગજ પાકી જશે. આ સમયે હું ફાંસામાં આવી પડી છું. જો સત્ય ન બોલું તો સર્વજ્ઞ ઇશ્વરની નજર આગળ અપરાધ કરૂં. અને મારી યોજનાથી, વાકેફ થયા વગર તું મારો પલ્લો છોડનાર નથી. પરંતુ એથી મને એક ફાયદો થશે. અને તે એકે તું મારાપર જે દુષ્કર્મ કરવાનું ખોટું તહોમત મુકછ તેમાંથી હું મારી મેળે મોકળી થઇશ. તું જે ભુલના અંધારામાં ગોથાં ખાછ, ત્યાંથી હું તને સત્યના અજવાળામાં લાવીશ. અને તારા ભુલ ભરેલા તર્ક માટે તને પસ્તાવાનું કારણ આપીશ.

મુસાફર—એથી વધારે મારે જોઇતું પણ નથી.

દુર્ગા૦—મેં આટલી નાહાની ઉમ્મરમાં અપાર દુઃખો સહ્યાં છે. અપાર જગ્યોપર હું ભટકી છું.·. ઘણી વખત મારી જીંદગી જોખમમાં

આવી પડી છે. અને જેટલી વખત હું તેમાં આવી પડી છું. તેટલી વખત હું છુટી થઈ છું. આ જન્મ ધરી સુખનો આરો મેં નજરે જોયો નથી. સુખનું નામ તો તું મુકી દે. પણ ધરાઈ ધાન ખાધાના પણ મને શાપ છે. આ જગત રૂપી નાટ્યશાળામાં ગુજરાન ચલાવવાની વ્યર્થ કોશીશ કર્યા પછી અંતે મેં મારા મનની સાથે કરાર કર્યો કે, આ પ્રમાણે દેહ દમન કરવાના કરતાં આ જીંદગાનીનો છેડો આણવો બેહેતર છે. તે વિચાર હું અમલમાં લાવવાની તૈયારીમાં હતી, એવામાં તું આવી ચડચો. મેં વિચાર્યું કે, જ્યારે ભર યૌવનાની ખીલતી વીશી આવા ખીનતા વાળા વિચારો લાવે છે. અને આ રાંસાર આવો અળખામણો કરી બતાવે છે. ત્યારે વૃદ્ધ પણાની ક્ષિણ અવસ્થા શું નહિ લાવે? મેં વિચાર્યું કે, આ સમયે હું નિરોગી છું. અને માનસિક વ્યાધીઓ, મને આટલી બધી પીડા પમાડે છે, ત્યારે બુઢ્ઢાપણુમા, કાયીક અને માનસિક એ બેન્ને વ્યાધીઓ સાથે જોડાઈ જશે, ત્યારે હું શું નહિ પીડા પામું! આવા વિચારોથી મારૂં મન ખાટું થઈ ગએલું છે. જેમ બને તેમ આ કાયાનો વેહેલો અંત આણવા મેં ગાંઠ વાળેલી છે.

મુસાફર—બાઈ! તેં સઘળો કાળ એકાંત વાસમાં ગુજાર્યો હોય એમ લાગે છે. તેથી તારા મનમાં ત્રાસદાયક વિચારોનું બીજ રોપાયું છે. આ દુનિઆના સુખ દુઃખ રૂપી બે બાજુમાંથી તેં માત્ર દુઃખ રૂપી એકજ જોએલી છે, અને તેથી આ સંસાર પર તમે આટલો બધો અભાવ થએલો છે. તારૂં કહેવું હું એટલું તો માન્ય રાખું છઊ કે, જેમ જેમ, આપણે વૃદ્ધાવસ્થાએ પોહોચતા જઇએ. તેમ તેમ તેનાં સુખો ઓછાં થતાં જાયછે. તોપણ તેની સાથે, આપણી જીવવાની ઉત્કંઠા વધતી જાયછે. હું સ્વઅનુંભવ ઉપરથી કહું છું કે, જે ભયનો હું જુવાનીના જોસમાં તીરસ્કાર કરતો, તે ભય જેમ જેમ હું ઉમ્મરે પોહોચતો જાઉ છું તેમ તેમ નવીન ત્રાસનું રૂપ ધારણ કરતો જણાયછે. જેમ જેમ આપણી ઉમ્મરનાં વર્ષો વધતાં જાયછે. તેમ તેમ આપણી તજવીજો વધતી જાયછે અને આખરે ભય, એ મનનો પ્રબળ મનોવિકાર થઈ પડે છે. જીંદગાનીનો જે ભાગ મેં જોએલો છે. તે ઉપરથી

જે હું હવે પછીથી જોવાનો છું તેની પરીક્ષા કરૂં તો હું જે હવે પછીથી જોવાનો છું, તેને માટે મને ત્રાસ ઉપજે છે. અનુભવ મને કહે છે કે, આગળ મેં જે મોજ મોજાઓ ભોગવી છે. તેથી મને કાંઇ વાસ્તવિક સુખ મળેલું નથી અને ઇંદ્રિય ગ્નાન, મારી ખાત્રી કરી આપે છે કે જેટલી લેહેજતથી આગળ મેં સુખોનો અનુભવ લીધેલો છે. તેવી લેહેજતથી એ સુખો હું ચાખવાનો નથી. તોપણ અનુભવ અને ઇંદ્રિય ગ્નાન, ખાલી માથા ફોડ કરેછે. આશા જે બંને કરતાં વધારે પ્રબળ છે. તે દુરની ઉમેદને કલ્પિત ખુબસુરતીનો પોશાક પેહેરાવી ઉભી રાખે છે. તેને જોઇને વધારે જીવવા વળી મારૂં મન લાલચમાં પડે છે. અને "હાર્યો જુગારી બમણું રમે," તેની પેઠે જેમ જેમ હું સુખનો ઉપભોગ લેવામાં વધારે નાઉમેદ થતો જાઉ છું.તેમ તેમ આ જગતની બાજી મોડી સંકેલવા મારૂં મન થાયછે. તું એમ ધારતી હોઇશ કે આત્મહત્યા કરવાથી તું પરલોકમાં સુખ પામીશ, અને આ જગતમાં તું સદાચરણથી ચાલી છે. એટલે બીજા અવતારમા તને મનવાંછિત ફળ મળશે. પણ જો તું એમ ધારતી હો. તો હું અગ્નાન પશુ કરતાં પણ તને ઓછી બુદ્ધિમાન ગણું છું. આ સંસારમાં પોતાની કાયા રૂપી વહાણ હંકારતાં વિઘ્નો નડવાથી જે કંટાળી જઇને આત્મહત્યા કરેછે. તેને માટે જગત કર્તાનો કાયદો સખત શિક્ષા ફરમાવે છે. તેને રૌ રૌ નર્કનાવાસી ઘણો વખત સુધી રેહેવું પડે છે. અગર જે દુઃખી હાલતથી કંટાળીને તેણે આત્મઘાત કર્યો હોય, તેવોને તેવો બુરો અવતાર તેને સાત વખત લેવો પડે છે. અને તેવીજ બુરી રીતે તેને સાત વખત આત્મહત્યા કરવી પડે છે. બીજા કોઇને હલાલ કરવાથી જેટલું દુષણ લાગે છે. તેટલુંજ દુષણ આ પવિત્ર કાયાપર હાથ ઉપાડવાથી લાગે છે. માટે હે બાઇ! આ જગતના સુખનો મધુર સ્વાદ ચાખ! એટલે તેનાપર તારી પ્રીતી સ્થાપન થશે.જે ગમગીન વિચારોએ તારા હૃદયમાં ઉંડુ મૂળ નાખેલું છે. તેને સમૂળા ખેંચી લે. તારી કાન્તી અલૌકીક છે. માટે કોઇ દ્રવ્યવાન અને શુરા સાથે લગ્ન કર, એટલે આ જીવતરનાં અનંત સુખનો તું લાવો લઇશ. સુલક્ષણો પતિ મેળવવો, એ તારા જેવી રૂપની ખાણને કાંઇ મૂશ્કેલ નથી.

એક વખત વિવાહીત થવાની ઇચ્છા બતાવ એટલે કેટલાક વીરલા પુરૂ-
ષો જેમનાં દર્શન દેવતાને પણ દુર્લભ, એવા પુરૂષો તારી પ્રીતી મેળવ-
વા માટે વલખાં મારશે. થોડા સમયના સમાગમથી કમળમાં જેમ ભ-
મરો લીન થઈ જાયછે. તેમ તેઓ તારી આધિનતામાં રેહેશે. તારી
સૌંદર્યતાનાં બાણો એવાં તો તિક્ષણ છે કે જેને પોતાના દુર્ભાગ્યને
લીધે એક વખત કઠોર કટાક્ષ લાગે કે તે મુર્છિત થઇને પડે. અને
જે તેને તારાં મૃદુ નેણ રૂપી ઔષધી લગાડવામાં ન આવે તો કાંતો
તે ખીનતા પામી અને કાંતો દીવાનો બની ચંદ્રમાંમાંથી ડાબો જાય.

अंक त्रीजो समाप्त

અંક ૪ થો.

પાત્ર.

દુર્ગાગૌરી.............. નરહરલાલની દીકરી.
કામાંધદાસ.. .... લક્ષ્મિદાસનો દીકરો.
કુટણાદાસ.............. કામાંધદાસનો મિત્ર.
લક્ષ્મીદાસ—........... એક સંપતીવાન વાણીયો.
પ્રાણજીવનદાસ—.........એક વૈદ.

પ્રવેશ ૧ લો.

સ્થળ—આરામપુરમાં.

ધાર્મિક વિશ્રામ સ્થળનું દીવાનખાનું.

(દુર્ગા પ્રવેશ કરેછે.)

દુર્ગા૦—પરમ કૃપાળુ ઇશ્વરે મારે માટે શું કરવા ધારેલું છે? તે જાણ્યા પેહેલાં જ્યારે જ્યારે મને દુઃખો પડતાં આવ્યાં છે, ત્યારે ત્યારે હું અજ્ઞાન અબળા કિરતારનો દોષ કાહાડતી આવીછું. ખચીત, મારા ભાગ્ય ચક્રની પાંખડીમાં સારાને માટે ફેરફાર થવા બેઠા છે. તેનું પ્રથમ શુભ ચિન્હ આ મારૂં વિલક્ષણ શોભાનું આશ્રમછે. મને આંહી દોરી લેઈ આવનાર માણસ મારી પાસેના ક્યા પદાર્થથી ઠગાઈ જઇને આ અમીરાતવાળા મકાનમાં મને ઉતારો આપ્યો હશે? મારી પાસેની કઈ ચીજે તેના મનને આવી ધુરંધર ભૂલ ખવડાવી હશે? મને તો તે કોઈ પૈસા પાત્રનો પૂત્ર લાગ્યો, તેનો સ્વભાવ આનંદી અને મળતાવડો જણાયો. તેમાંથી ખાસ મારા પરતો તેનો અપૂર્વ પ્રેમ મેં નજરે જોયો. પ્રથ્વિ પર હજી પારકી પીડ જાણનાર માણસોની સંખ્યા આવી રહી નથી. એના જેવા કેટલાક માઇના બેટા, ગરીબના દોસ્તો, આ દુનિયાપર હજી વસે છે. આ જીંદગાનીમાં આવી ગોઠવણ, આવી સગવડતા અને આવાં વૈભવવાળાં મકાનો મારી નજરે પ્રથમજ પડેછે હું

ગળસુદીમાંજ ગરીબાઈ પીને અવતરીછું ખરી, પણ સૌભાગ્યવાળાં માણસોની રીયાસત અને તેમની દેદીપ્યમાન હવેલીથી હું અજાણી નથી. તેમનાં સૂખોનો મેં જાતે અનુભવ લીધો નથી પરંતુ તેમના પ્રકાર વિશે મને માહિતી છે. મેં ફરી ફરીને બધાં મકાંનો જોયાં પણ મારાં મકાનની શોભા તો અનુપમ છે. આ મકાનો, અને તેને લગતા બગીચાને માટે ઓછામાં ઓછી એક માઇલના પરીઘની વર્તુલાકારની જગ્યો પસંદ કરેલી જણાય છે. તેમાંથી આઠમો ભાગ મકાનોને અર્પણ કરી બાકીનો સઘળો બગીચાના ઉપયોગ સારૂ લીધેલો જણાય છે. તે દેખાવમાં તો નિચાં દ્રષ્ટિએ પડે છે. પરંતુ તેની અંદરની રચના અને બાંધણી એવીતો તારીફ કરવા લાયક છે. કે માણસ તેને જોવાથી ગોથું ખાઇ નિચે પડે ! તો પણ આંહી પણ મને ગરીબ અને તવંગર વચ્ચે પંક્તિ ભેદ કરેલો જોવામાં આવે છે. શ્રીમંતોનો વિશ્રાંતી સ્થળ સુઘડ, બીલોલખાનાંથી ભરપૂર સગવડ વાળાં અને જોઇએ તે કરતાં પણ વધારે સરસામાનથી પુરાં પાડેલાં છે. એથી ઉલટી રીતે મારી પેઠે ભાગ્યહીન માણસોના ઉતારા થોડા બાત સંકડાશવાળા અને શ્રીમંતનાની સાથે સરખાવતાં, ગંદા તથા મધ્ય સ્થિતિનાં માણસોને જોઇએ તે કર્તા પણ ઓછી રયાશત અને સરસામાનવાળા છે. મારા પોતાના નિવાસ સ્થળ વિષે હું બોલું તો એ મકાનમાં પણ હું આને શીરોમણી ગણુંછું. આના ત્રણ વિભાગ કરેલા છે. હમામખાનું, દિવાનખાનું, અને શયન ગ્રહ, મારી નિચેનું હમામખાનું, ચોરસ, દેખાવડું, અને કાંન્તીવાન મકાન છે. આને સલાટે પોતાની ચતુરાઇને કામે લગાડી એવો તો સરસ પોલીશ આપેલો છે. કે આરસનીલિસપને

તે પશ્ચાત મૂકી દેછે. તેજમાં તે બીલોરી કાચના જેવું છે. આની અંદર બે સ્નાન કુંડો છે. અને તે સ્નાન કુંડોની અંદર બે સ્નાસનો એટલે ના'તી વખ્ત બેસવાની બેઠકો છે. તે દરેકની ઉપર બેઠ બેઠ ફેરવી શકાય એવી સર્પાકારની નળીયો છે. તેમાંથી એકને ફેરવવાથી શીતોદક (ઠંડું પાણી) અને બીજાને ફેરવવાથી ઉસ્નોદક (ઉનું પાણી) નો પ્રવાહ જોસ ભેર દોડી આવે છે. આ, પાણી બરબાદ ન જાય

માટે સ્નાન કુંડો મહિથી ચાલતી પરનાળ વાટે તેને પાછળ આવેલ બગીચાની અંદર ઝાડોના ખામણાંમાં લેઈ જવા માટેની ગોઠવણ કરેલી છે. એ કુંડોની બીચમાની જગ્યોમાં જુદાં જુદાં ખાનાં પાડી તેની અંદર સ્નાન કરતાં પેહેલાં લગાડવા સારૂ નવીન તરેહના સુવાસીક લેપનો ભરી રાખ્યા છે. તેમાંથી કોઈ મૂખ લેપન, કોઈ હસ્ત, અને પાદ લેપન, તથા કોઇ શીર લેપન છે, આ લેપન ચોપડી સ્નાન કરી બહાર આવીએ, એટલે કેટલાક મેહેલ રહીત જળ શોશક, અંગ લુછાઓ, આપણી નજરે ટાંગેલા જોઈએ છીએ ત્યાંથી ચાલી દીવાનખાના અને શયન ગ્રહની અંદર આવવા આરસની બાંધેલી એક પેચદાર વિધ વિધ રંગથી રંગેલી પગાંવાળી સીડી છે. આની કારીગરી અદભૂત છે. કોઈ પણ ગુલાબી, કોઇ દાડમીયા રંગનું, કોઈ પોપટીઆ રંગનું, અને કોઈ વાદળીઆ રંગનું છે.

દીવાનખાનામાં પ્રવેશ કરતાં જોનાર તેની અલૌકીક કાંન્તી જોઈ છક ખાઈ જાયછે. નિચથી ભોંયપર કીમતી ઇરાનના ગાલીચા તથા સેતરંજી બીછાવી દીધાં છે. ને ઉપરના ભાગમાં છત જડી રંગ બે રંગી હાંડીયો. અને કાચના ગોળાની ઠઠ જમાવી દીધી છે. તેના મધ્ય ભાગમાં ફ્રાન્સની ઉંચી કારીગરીનું વિધ વિધ રંગ પ્રકાશતું ઝુંમર લટકાવી દીધું છે. ઝુંમરની નિચે પણ થોડેક અંતરે નકસીદાર આરસનું ટેબલ બીછાવી તે પર મૂલ્યવાન ઝરીના પાથરી દીધા છે. ટેબલ પર સુગંધીક ફુલો તથા ઊંચી ખૂશબોથી ભરેલાં કેટલાંક પાત્રો પડેલાં છે. તેની બાજુમાં પરંતુ તે ટેબલપર સુસ્વરે વાજાની નાજુક પેટી રાખેલી છે. આનો આકાર આલબંબ (તસબારો રાખવાના પુસ્તક.) ના જેવો છે. આસપાસ સઘળું ચુપાચુપ હોય ત્યારે જો આ આલબંબ આકારના વાત્રને ગતિમાં મૂકયું હોય તો જોનાર પોતે મૃત્યુ લોકમાં છે! કે, મોહનીયોના આનંદ ભુવનમાં છે! તે વિષે તેને બ્રાંતી પડે છે. ટેબલની આજુ બાજુ બેસવાને માટે ખુરશીયો ગોઠવેલીછે. દેવાલોને લગતા એક બીજાથી થોડેક અંતરે સામસામા ચાર નકસીદાર કોચો બીછાવી દીધા છે. તે એવાતો મૃદુ અને પેશમાઈદાર છે. કે

બેસનારની સ્પર્શ ઇંદ્રીપર તે અડકે છે કે નહિ. તેની તેને ખબર પડતી નથી મારા કેહેવાની મતલબ, બેસનારની ચામડીને કાંઈ પણ લાગણી થતી નથી. તેથી પોતાની સ્પર્શ ઇંદ્રી બેહેર મારી ગએલી છે. એમ તેને શંકા પેદા થાયછે. કોચની બંને બાજુએ ઝુલણ અને આલીને બેસાય. એવી મુખમલની ખુરશીયો મુકેલી છે. દેવાલની સાથે જોનાર પોતાને નખથી શીખા પર્યંત જોઈ શકે હેવા ચોગરદમ મોટા કદના કાચના તકતા જડી દીધેલા છે. આની મુખ્ય ખાસગત ત્યાં છે, કે આ બે સામસામેના કરાના તકતાઓ (હાથે કરોને બતાવેછે.) એવાતો બે ડોળ બદ શીકલ અને ડરામણાં પ્રતિબિંબ આપે છે કે, હું પોતે પણ મારી શરીર આકૃતિ જોઈ વખતો વખત ચમકુંછું. જો, હું બારીબારણાને બાદ કરી બોલું તો આની અંદર હું થોડી પણ વગર બીછાવેલ, યાતો વગર ઝડેલ, જગ્યો જોઈ શકતી નથી. દરેક ખુણે હસ્તીદંતના કબાટમાં તરેહ તરેહના નવીન પુસ્તકો ભરેલાં છે. આ પુસ્તકોનો સંગ્રહ અકલને એટલી બધી ઉપયોગમાં લાવી કરેલો છે. કે, તેમાંથી કાંઈકજ પુસ્તક નકામું જોવામાં આવે. આસપાસના પ્રદેશની રચના પણ સ્તુત્ય છે. અટારીમાંથી બહારની બાજુએ દ્રષ્ટી ફેંકતાં બગીચામાં નવીન પુષ્પ વૃક્ષો હસતી ખૂબ સુરતીથી ખીલી રેહેલાં જોવામાં આવે છે. તે પર મોર, કોકીલ, બુલબુલાદી પક્ષીયો તીણા અને મન મોહન નાદથી શોર કરી રહ્યાં છે. ઠેકાંણે ઠેકાંણે ફુવારાઓ ચાલી રહ્યાં છે. ચંપા, ચંબેલી, મોગરો, જુઇ, જાઈ, ગુલસબો, આદી ફુલો પર ફેંકતો પવન આ જગ્યાને સદાકાળ સુવાસીક રાખે છે. આવા દિલ ખુશ આશ્રમમાં વર્ષા રૂતુની ઘનઘોર સાંઝરે જ્યારે વિધ વિધ રંગના કિરણોથી સૂર્ય ક્ષીતીજ (દ્રષ્ટી મર્યાદાનો લીટો) નિચે આરામ લેવા જતો હોય, જ્યારે ખુદરતી (પક્ષીના) ગાયનની ભભક સાથે હસ્ત કળાથી કરેલા વાદ્યના સ્વર જોડે મળવાથી બગ્રચિત્તને પણ ક્ષણભર સુખનો લેરખો આવી જતો હોય, ત્યારે શોખીલા રસ શાસ્ત્ર કુશળ, અને સ્ત્રિ લંપટ પ્રીત મને પોતાની ગુણજ્ઞ અને રળીયામણી રસીક પ્રીયાની સાથ વિલાસના વિષયો પર ચરચા ચલાવી કાળ નિરગમન

કરેલા હોય, તો સ્વર્ગ કરતાં પણ વધારે સુખ તેને પ્રાપ્ત થાયછે. દરેક ઇંદ્રીને આંહી તેને ભાવતો ખોરાક મળે છે. કરણેંદ્રીય પક્ષીના ખુદરતી રાગની સાથે વાદ્યનો રાગ મિશ્રિત થવાથી સ્પર્શ ઈંદ્રિય મદમંદ વેગ કર્તા શિતળ પવનથી રસ ઈંદ્રિય, મીષ્ટ ભોજનથી, વાસ ઈંદ્રિય, સદા સુગંધીક પવનથી અને દ્રષ્ટી ઈંદ્રિય રમણીક દેખાવથી અખંડ સંતુષ્ટ રેહે છે. મારી હાલતમાં પણ જોને, કેટલો તફાવત પડી ગયો છે! અખંડ સંકષ્ટની જીંદગીમાં આ મને એક સુખનો સરકો છે. મહા અંધકાર જગ્યોમાં આ મને એક અજવાળાનું કિરણ છે. મહા પ્રચંડ તાપમાં આ એક વરસાદનું ઝાપટું છે. રેતીના અપાર રણમાં વૃક્ષથી ઢંકાએલ આ એક જળાશય છે. ખારા સમુદ્રમાં આ એક મીઠી વીરડી છે.

મારે માટે ભવિષ્યમાં જક્ત પતિએ ગમે તેવા પ્રકારના સુખની ખાણ ભરી રાખી હોય, તોપણ મારો તો એમજ નિશ્ચય છે કે, એ સઘળાને કુરબાન કરી મને એ વખત ભોજન કરવાને આવા અલૌકીક ખુશાલી ઉપજાવનાર સ્થળમાં રેહેવાની પરવાનગી મળે તો મારૂં મન પ્રફુલીત થાય, સ્વર્ગ પણ આથી વધારે શું સુખ આપવાનું હતું? આંહી રહી કીરતારની અકળકૃતિમાં ચાંચ ખુચાડવાની કોશીશ કરવી. તેના કરતાં વધારે દીલ પસંદ બીજું શું છે? મનુષ્ય દેહ રૂપી યંત્ર વિષે જ્યારે આપણે વિચાર કરીએ, ત્યારે માણસે બનાવેલ યંત્ર બાપડું શી બીશાતમાં? જ્યારે મનુશ્યની અંદર મૂકાએલી મનશકિતના વેગ વિષે વિચાર કરીએ, ત્યારે બાપડી આગગાડી કે, આગબોટની ગતિ શી ગણતીમાં? આણું કરતાં પણ વધારે સુક્ષ્મ જંતુની શારીરીક રચનાની આગળ પ્રથ્વિપરના સર્વોત્કૃષ્ટ કારીગરની બુલંદ કારીગરી પણ કેમ ન હલકી પડે? આવી અમાપ ખુદરતના શોધની કોશીશ કરવાને મનુશ્ય દેહ રૂપી એક ચીંતામણી મળી છે. આ જીંદગાનીનો સાંઝનો તારો અસ્ત થાય, તેની પેહેલાં જો આપણે તેનો લાભ લઇએ, તોજ માત્ર કામનું છે. ઐશ્વરી ચમત્કારનું, કાંઇ પણ જ્ઞાન થયા વગર જેવા અવતરીએ તેવાને તેવા ચાલ્યા જઇએ, તો મિભાન - પશુની

અંદર અને આપણી અંદર તફાવત શું? બીજાઓનું મત છે એમ રહ્યું કે કાયા કષ્ટ વગર ઐશ્વર્ય પદનું ઓળખાણ થતું નથી. પણ મેં તો એમજ ગાંઠ વાળી મુકી છે, કે સાધારણ રીતે જેનું સ્વાભાવિક વલણ ભક્તિપર ઠસેલું હોય તે વસ્તીની ગરદીમાં તેમજ જંગલમાં, હવેલીમાં તેમજ કુબામાં, એક સરખી રીતે કર્વાની કિર્તિ ગાયાજ કરેછે, દુર્બલ હાલતમાં તો બાપડા અને એક તરફથી પેટભરવાની ફિકર થતી હોય, અને ખોરાક મેળવવા માટે હજારો તર્ક વિતર્કો કરવાના હોય, ત્યાહાં પછી એ ઐશ્વર્યપદનો ક્યાં પાર પામવા બેસે? આગળ ઉપરના ફાયદા કર્ત્તા તાત્કાળીક લાભ મેળવવાને સઘળી મનુષ્ય જાતી વધારે વલખાં મારતી હોય છે. અને તેથી જ્યારે આ દુનિયાની મુસાફરી માટેનો પુરો ખોરાક ભરીલે ત્યારેજ માત્ર જો તેની ઇચ્છા હોય, તો સાથે બીજા ભવ માટે ભાતું બાંધવા યત્ન કરે, સ્વાદ ચાખ્યા પેહેલાં, કે તે વિષે સાંભળ્યા પેહેલાં ફળ મેળવવાની વાંછના થતીજ નથી. નિશ્ચિંત આત્માને ઉદર પોષણની ફિકર નહિ હોવાથી જ્ઞાનોપદેશક પાસેથી ઉપદેશ મેળવી ભગવત આરાધન કરવાનું સુઝે છે, અને બિચારા દુઃખી આત્માની ચાલતી પીડા પણ ન ટળતી હોય, ત્યાંહાં ભવિષ્યની પીડા ટાળવાના ક્યાં ઉપાય ખોળે, એક ભવમાં મને કેમ અને કેટલા બધા ફેરફાર થયા તે બાબતનું ચીંતવન કરવું બાજુ ઉપર છોડીને ભગવાને કેટલા અવતાર લઈ ભક્તોના દુઃખ ટાળ્યાં. કેટલા દુષ્ટોને હણ્યા, અને કેવી રીતે પૃથ્વીનો ભાર ઓછો કર્યો. એ વિષે કયો કંગાળ માણસ વિચાર કરવાનો? શરીર અનીત્ય છે. અને મનુષ્ય દેહ ફરી ફરીને મળવો દુર્લભ છે. એમ જાણ્યા છતાં પણ મેં આટલો અવતાર એળે કાડી દીધો. (ઘંટા ધ્વનો થાય છે.)

ભોજન કાળ થઈ ગયો. હવે મારે નિચે ઉતરવું જોઈએ.

(અનુચર પ્રવેશ કરે છે.)

અનુચર—બાઈ સાહેબ, ભોજન વેળા થઈ છે.

દુર્ગાં૦—હું પણ તૈયારજ બેઠી છું. (બંને જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—લક્ષ્મીદાસની હવેલી.

લક્ષ્મીદાસ પ્રવેશ કરે છે.

લક્ષ્મીદાસ—આ પૃથ્વીપર ઇશ્વરે જે સુખ દુઃખ નાખેલાં છે. તેનું પરમાણ બાંધતાં નિશ્ચય થાયછે કે, ઉપભોગ લેવા અને વૈભવ માણવા માટે જેટલું સુખ આપેલું છે, તેના કરતાં દુઃખનો બોજો વધારે નાખેલો છે. આની સાબેતીમાં આ લોકના દરેક મનુષ્યને જુદા જુદા બોલાવીને પ્રતિજ્ઞાપર તેના ન્હદયનો અકળીત છાંદો ખોલવાનું કહ્યું હોય, તો તેમાંના કેટલાક વધારે સુખી, વેદનાની લપસણી જમીન ભણી ઢળી જતા, કેટલાક દુઃખના ડાભના વનમાં આથડતા અને બીચારા બીજા કેટલાકતો પીડા રૂપી ચીકટ કાદવમાં ગળા સુધી ખુચેલા માલુમ પડશે. નિરંતર સુખની સપાટ જમીનપર ચાલવાને મન સરેજાએલું નથી. પોતે જાણતો હોય તેટલા સુખના પદાર્થો પ્રાપ્ત થયા પછી પણ જ્યારે મનુષ્ય સમાગમમાંથી કોઇપણ માણસ વેગળો ખસી એકાંત સ્થળમાં બેસે ત્યારે વખતનો કંટાળો દુર કરવાને કલ્પના પોતાની ત્વરાવાળી પાંખોને વેગપર મુકી મનને કલ્પીત ભૂવનમાં ઘસેડીને તેને પોતાનો ચમત્કાર બતાવે છે. આ કૃત્રીમ શોભાથી ઠગાઈ જઇને કલ્પના ભૂવનમાં જોએલા સુખ સંપાદન કરવાને મન ફરીને વલખાં મારે. અને તે અભાગીયો માણસ ફરીને વેદના કુંડમાં નાહીને બ્યાકુળ થાય, આ પ્રમાણે બધી વાતે સુખી તો કોઇજ નથી. પણ બીજા કેટલાક આ દુર્લભ દેહનો પોતાને હાથે ઘાત કરીને બતાવી આપે છે કે, આ દુનિયા પર તેમને ભોગવવા માટે કાંઈ પણ સુખ રહેલું નથી. જ્યાંહાં સુધી સુખનો સુર્ય સીધો નહિ, પરંતુ કોઇની પણ દ્વારાયે પોતાનું શાંત અને દીલ ખુશ કારણ ફેંકતો હોય, ત્યાંહાં સુધી આ અમુલ્ય દેહનો પાત કોઇપણ કરવા ન ધારે. પણ જ્યારે ચોગરદમથી કિલ્લો ઘેરાઈ જાય, ત્યારેજ તે શરણે થાય. હવે વગર શકે એમ સીધ થઈ જાય છે કે, સર્વ પ્રકારે સુખી કોઇજ નથી. પરંતુ બધી બાબતે દુઃખી ઘણા છે. મારો પો-

તાનોજ હું દાખલો લઉં. તો જગત જેને સુખ કહે છે. તેમાં મને માત્ર એકજ બાબતની ન્યુનતા છે. અને તે કુળ કલંક પુત્ર છે. તેને મેં સંસાર બવહાર ઉપયોગી અને સાર્વ વિદ્યા પ્રકરણી જ્ઞાન આપવા સારૂ પૈસાની ખરાબી કરતાં પાછું વાળી જોયું નથી. તોપણ માઠા ભાગ્યે તે કુસ્છંદી નીવડ્યો. અફસોસ! જ્યારે હું એમ વિચારૂં છું કે, મારા નામને આ "મનુષ્ય કાળી ટીલી" કલંક બેસાડશે. મારી પ્યારી પ્રતિષ્ટા પર તે પાણી ફેરવશે તથા મારૂં ધન ધુળ મેળવશે. ત્યારે મારૂં અંતઃકરણ ભેદાઈ જાયછે આવા પુત્રનો બાપ કેહેવડાવવાના કરતાં, વાંઝીયા રેહેવું ક્યાં ખોટું હતું. (પ્રાણજીવનલાલ પ્રવેશ કરે છે.)

પ્રાણજીવન—મેહેરબાન સાહેબ,—

લક્ષ્મીદાસ—આવો ભાઇ, બીરાજો.

પ્રાણજીવન—આપની ક્ષમા માગી બોલું છું. આજે આપ કાંઈ ગમગીન વિચારમાં નીમગ્ન થયેલા જણાઓ છો.

લક્ષ્મીદાસ—સંસાર બવહારના મામલા, બહુ ગુંચવારા ભરેલા છે. ખરૂં પુછો તો, વખત પરતો આ સંસાર એવો તો કડવો અફીણ જેવો લાગે છે. કે, મારૂં મન દેહપાત થવામાં વધારે સુખ બતાવી આપે છે.

પ્રાણજીવન—આપને ત્યાં આવો પ્રભુ તુષ્ટમાન છતાં આપ જ્યારે આવા દુઃખના ઉભરા બતાવી આપો ત્યારે અમારા જેવા નિર્ધનને વિધ વિધ પ્રકારની કેટલા વીંછીની વેદના હશે ! તેનો આપ ખ્યાલ કરો.

લક્ષ્મીદાસ—અરેભાઈ, વખતપરતો દુઃખી સંસાર સાગરની ઉછળતી છોળો, એટલા જોસ ભર ઉંચે ચઢે છે કે, મને પણ ડુબાવી દેવાની ધાસ્તીમાં નાખે છે.

પ્રાણજીવન—પરંતુ, મેહેરબાન સાહેબ, ત્યારે જેનાં મગજ નિરંતર જોસ ભર મોઝાની સામે અફળાયાં કરતાં હશે તેની શી વલે! આ પ્રમાણે જો દરેક નજીવા દુઃખને યાદ દાસ્તમાં નોંધી રાખીએ તો એક પગ પણ નિશ્ચીંત કેમ ગુજરે? સંસારની ગડ મથલ

એતો આસ્વાજ કરે. જો તે બધીને ધ્યાનપર લઇએ તો, પછી પાર કેમ પામીએ? આપના પુત્રની બદફેલી વગર બીજી કશી આપને ફરીયાદ કરવાની હોય એમ હું ધારતો નથી.

લક્ષ્મીદાસ—આને આપ નજીવી બાબત ગણો છો? આ દુનિયાના ઉત્તરતી વયના સુખ દુઃખનો આધાર તેના સારા નરસા નીવડવાપર છે.

પ્રાણજીવન—એ વાત હું કબુલ કરૂં છું. પણ આને લીધે જો શોચને અંતઃકરણનો શીકાર કરવા દીધો હોયે તો ને શોચ તેના મહા સજીવ ભાગને પણ ખોરી ખોરીને ખાઈ જવાનો, અને રફતે રફતે આયુષ્ય દોરને ઘસી ઘસીને તોડી પાડવાનો. જ્યારે મનુષ્ય અથાગ પીડામાં આવી પડે ત્યારે શ્રેષ્ટ સાધન તે સંકટ ટાળવાનો ઉપાય યોજવામાં રહેલું છે સશોચ મન કરી શરીરનો તેને અહાર કરવા દેવાના કરતાં પ્રફુલિત મન રાખી વ્યાધી ખસેડવા યત્ન કરવો. એ સર્વોત્કૃષ્ટ છે.

લક્ષ્મીદાસ—એને સમજાવી, સમજાવી મારી જીભના કુચા વળી ગયા. તેમ છતાં પણ જ્યારે વજ્ર જેવા કઠણ -હૃદય ઉપર કાંઈ પણ અસર ન થાય, ત્યારે પછી હું મરૂં?

પ્રાણજીવન—આમ ધારવામાં આપ ભુલ કરો છો. સ્ત્રી લંપટ પુરૂષોનાં મન હમેશ કુમળાં હોય છે. વિષયાસક્તિ, કાયા કૌવત હરણ છે. અને તેના પરીણામો નાશકારક થાયછે, આ બંને વાત જો આપ તેના દીઠાપર અસરકારક રીતે આબેહુબ ચીતાર આપી ઠસાવવાનો મહાવરો રાખતા હો, અને પછીથી જો તેને અધમ દુરાચારીની સોબતથી સંભાળ લઈ દુર રાખ્યો હોયે, તો તેના મનનું વલણ ફરેવા સંભવ છે.

લક્ષ્મીદાસ—અરે ભાઈ, એવા મારાં નશીબ ક્યાંથી પાધરાં હોય કે, તેના મનનું વલણ બદલે. આપણે એને અહીં બોલાવીયે અને વખતે તેના ઉપર આપના બોધથી કાંઈ અસર થાય, મારી તો હવે કાંઈ કારી રહી નથી. અંદર ક્યો માણસ છે?

અનુચર—(પડદા પાછળ) આવ્યો ભાઈ.

(અનુચર પ્રવેશ કરે છે) શું આજ્ઞા છે ભાઈ મને.

લક્ષ્મીદાસ—કામાંધદાસને આંહી બોલાવ.

અનુચર—જેવો આપનો હુકમ—(અનુચર જાય છે)

લક્ષ્મીદાસ—આ વરણશંકરની બળતરાને બળતરામાં મને ધોળાં આવી ગયાં. હુંતો કાઇને કાંઠે આવી ગયો છું. ચાહેતો મરો અને ચાહેતો ફીટી જાઓ. હું તે એને કેટલોક વારૂં. કહી કહીને મારી જીભના કુચા વળી ગયા, પરંતુ કુચ્છંદી મીત્રોની તે સોબત છોડતો નથી. આ પાપમાંથી હું છુટીને મરી જાઉં તો બેહેતર. કાંઈ દેખવું પણ નહિ અને દાઝવું પણ નહિ. પ્રાણજીવનદાસ, હાલમાં એની તબીયત એટલી તો બગડી ગઈ છે કે, ઘણા દિવસ પેહેલાં જોએલ માણસ તેને ઓળખી પણ ન શકે.

પ્રાણજીવન—કેમ, શું વર્તાય છે.

લક્ષ્મીદાસ—એ કાંઈ આપણી પાસે વાત કરે છે ? મોમાંથી બોલતો હોય કે મને ફલાણું દરદ થએલું છે. તો આપ જેવા કોઈ શાણા વૈદને બોલાવી ઉપાય પણ કરાય. પરંતુ આતો અહરનીશ મુંગે મોઢે મહા ચિંતામાં ડુબેલો રેહે છે. જાણે ઘરમાં કોઈ માણશ મરી ગયું હોયની ? એમ ઉદાસીમાં બેસે છે. આપણા પ્રશ્નનો ઉત્તર પણ મરજીમાં આવે તો આપે. પોતાની જાતીથી જુદા પાડીને મનુષ્ય ગરદીની બીચમાં લાવેલા રોજની માફક તેની પ્રકૃતી થઈ ગઈ છે. આખો દિવસ બગાસાં ખાધા કરેછે. આખમાંથી પાણીની ધારા ચાલી જાયછે. ચેહેરો ઉતરી ગએલો તથા ચિંતાતુર રેહે છે. આળસ—
(કામાંધદાસ પ્રવેશ કરેછે)

લક્ષ્મીદાસ—વૈદરાજ જરા બેસજો. હું જઈ આવું.

પ્રાણજીવન—બહુ સારૂ. પધારો. (જાયછે)

(કામાંધદાસને) કેમ મેહેરબાન, આપની પ્રકૃતી હાલમાં કેવી વરતેછે.

કામાંધદાસ—આપ નાડી પરીક્ષાની બાબતમાં ઉત્કૃષ્ટ શક્તિ ધરાવોછો ચેહેરા તથા જીભ ઉપરથી રોગ કળી કાહાડોછો. ત્યારે મને આંચકો ખાધા વગર બેધડકપણે કહી આપો કે, હાલમાં કેવા

પ્રકારની વ્યાધીથી આ કાયા પીડા પામે છે!

(માણજીવનદાસ નાડી, જીભ, ચેહેરા, વિગેરેની ચોકીત્સા જોયા પછી કેહેછે)

પ્રાણજીવન—આપની નાડી જીભ, ચેહેરા વિગેરેનાં ચિન્હ ઉપરથી મારો તર્ક એમ દોડે છે. કે તમારા હાથ પગ નરમ ઘેંશ જેવા રેહેતા હશે. આખો દિવસ આળશ તથા સુસ્તી વ્યાપીત શરીર અને હાથ પગમાં ત્રોડ તથા કળતર થયાં કરતા હશે. શરીર ઘણું ભારે અને ના કૌવત રેહેતું હશે. કામકાજ કરવામાં ભાગ્યેજ ચીત પરોવાતું હશે. ઘોર નિદ્રાને બદલે ભયંકર સ્વપ્નાથી ભરપુર કાગનીંદર આવતી હશે દિવસના ભાગમાં ખુબ ડોલાં અને બદહજમી રહ્યા કરતી હશે. પેટ ડમડોળ તથા ક્ષુધા રહીત રેહેતું હશે. પવનની કબજેત ઘણી હશે. મગજ તથા કમરની અંદર નીશ દીન ચશકા નિકળતા હશે. જુઓની ચેહેરો ઉતરી ગએલો ક્ષુધિત, તથા લેવાઈ ગએલો છે મુખ ઉપરનું સઘળું નુર લુવાઈ ગએલું છે. છાતી પણ ધ્રબક, ધ્રબક થયા કરતી હશે. તેનો અવાજ ફકત તમારાથીજ સંભળાતો હશે. તમારા અંગ તથા મગજ ગરમ અને હાથપગ બરફના જેવા ઠંડા છે. આ બધાં પૂર્વ લક્ષણો પરથી શાબેત થાયછે કે, તમારી અંદર ક્ષિણતાના રોગનો સળો પેશી ચુકયો છે. અગ્નિ ઉપરે કોઈ પણ પદાર્થ ચઢાવ્યાથી જે પ્રમાણે તે તવાવા માંડે છે, તેજ પ્રમાણે તમારૂં શરીર તવાવા માંડયું છે. આ બધાં દુષ્ટ ચિન્હો તમારા લાભમાં બહુ હાની કરતા છે. વેળાશર તે નિવારણ કરવાનો ઉપાય કરો, નહિતો પરિણામ પ્રાણ ઘાત થશે. મહા રોગનું મંડાણ થઈ ચુકયું છે. પછી જેમ મરજી. આ મહા વ્યાધીનું બીજ રોપાવાનું મૂળ કારણ જો મને કેહેશો તોજ માત્ર કરાર થવાની આશા રાખવી. અને જો -હૃદયનો પડદો નહિ ખુલો તો નક્કી માનજો કે, આગળ જે પરિણામ કહી ગયો. તેમાં એક અણું માત્ર પણ મિથ્યા નહિ થાય. (કામાંધદાસ ગળગળો થઈ આંખમાં આંસુ લાવેછે) નહિ મેહેરબાન, ગભરાવું નહિ. એ દુષ્ટ રોગનો મગદુર શું છે? એક સાત દિવશમાં તેનું જડ મૂળ ખોદી નાખું. હિમત રાખો તો બધાં સારાવાનાં થશે. આંખો પરનાં આંસુ લુછી નાખી મૂછે તાહ દઈ, જરા

તેનું કારણ મને કહી આપો.

કામાંધદાસ—(આંસુલુંછીને) આપની પાસે કારણ ખુલું કરતાં મને ભોંડામણ આવે છે, પણ સુયાણી પાસે પેટ ચોરવામાં સાર નહિ. બચપણમાંથીજ માડી શોબત હોવાને લીધે હું વિષય કુપમાંજ ડુબેલો રહ્યો છું. રાત્રીનો ભાગ વિલાસક્રિડા કરવામાં અને દિવસનો ભાગ નિદ્રામાં તથા કોકશાસ્ત્રની વાતો અને મન લલચાવનાર કિસ્સા, કહાણીયો, સાંભળવામાં ગુજરેલ છે, નિતિ વિષયપર, કોઈ દિવસ મન દોડાવેલજ નથી મારો મીજાજ ઘણોજ પોચો. અને નબળો થઈ ગયો છે. શરીરની શક્તિયો બધી કૌવતહીન તથા આપે કહ્યા પ્રમાણે બધાં ચિન્હો થઈ ગયાં છે. જીંદગાનીનાં જે વર્ષો આવે ખોટે રસ્તે વાપરી દીધાં તેજ જો ઈશ્વર આરાધન કરવામાં, વિદ્યાધ્યયન કરવામાં, અથવા કાંતો માવજતથી શરીર કસીને પુષ્ટી સંપાદન કરવામાં ગુજાર્યા હોત તો સાર્થક થાત.

પ્રાણજીવન—આ વખત તમે આમ કહોછો, પણ જો એક વખત શરીર વ્યાધી રહીત થાય, તો પાછા, એવેને એવેજ ઘોડે ચડો. ભોગી માણસનાં મન ફુટેલ ઘડા જેવાં હોય છે. એટલે શિક્ષા રૂપી જેટલું જેટલું પ્રવાહી પદાર્થ તેમાં એક તરફથી નખાય તેટલું બીજે રસ્તેથી તે નિકળી જાય. તેના મેં ગેરફાયદા જણાવ્યા, ત્યારે તમારી આંખમાં આંસુની ધારા ચાલી પણ કોઈ પણ કુચ્છંદી, જો વિષય સુખની લેહેજતો વિષે બોલી તમારા કાનને ચમકાવે તો મન પાછું ખડ ખાવાને દોડે, પતંગ પોતે જાણે છે, કે દીપકની અગની મારો નાશ કરનાર છે. તો પણ ફરી ફરીને તે તેમાં પડી બળી મરે છે. સાંઝરે કમળ બંધ થઈ જશે તો હું ગુંગળાઈને મરી જઈશ, એમ જાણ્યા છતાં પણ ભોગી ભમરો તેમાં લુબ્ધ થઈ રેહે છે. વરસાદ વગર જો બીજા જળનું પાન કરીશ તોજ મારા પ્રાણ ઉગરશે એમ ચાતકના જાણવામાં છતાં પણ બીજું પાણી તે પીતું નથી અને આખરે પોતાની પ્યારી કાયા પાડી નાખે છે. તેજ પ્રમાણે, વિષયના બુરા છંદમાં પડ્યા પછી એક વખત વિષયના કીડાથી તેનાથી વેગળા

રેહેવાનું નથી. જળચર પ્રાણીયોનું જેવું મજબુત બંધન જળની સાથે, તેવું મજબુત બંધન રંડીબાજોનું રંડી સાથે થએલું હોય છે.

(અનુચર પ્રવેશ કરેછે)

અનુચર—પ્રાણજીવનદાસ ભાઈ, આપને કોઈ બહાર બોલાવેછે.

પ્રાણજીવન—એને કહો કે, આ આવ્યો.

અનુચર—બહુ સારૂં, (જાયછે)

પ્રાણજીવન—ત્યારે હું જાઉં હવે?

કામાંધદાસ—જેમ આપની મરજી પણ મારે માટે આપે શું ધાર્યું ?

પ્રાણજીવન—આપની વ્યાધીનું નિવારણ કરવાને જે ઓષધ જરૂરનું છે તે ખાવાને જો કે રૂતુ બહુ અનુકૂળ નથી. તો પણ આપની બાબતમાં, તતક્ષણ ઉપાય કરવાની જરૂર છે. એટલે આપના પિતાની સાથે મસલત કરી એક બે દિવસમાં જે અનુપાન કરાવવાનું હશે તે કરાવીશ ......રજા લઉં ત્યારે ?

કામાંધદાસ—હા, ભલે.

પ્રાણજીવન—મેહેરબાન.

કામાંધદાસ—પધારજો મારા પીતાને આજને આજ મળવાનું ચુકશો નહિ.

પ્રાણજીવન૦—સારૂં, પરંતું મારૂ છેવટસુધી તમને એમ કહેવું છે કે પૂરો ઇલાજ થતાસુધી તમારે વિષય સુખથી દૂર રેહેવું. ઇંદ્રીઓને લગામમાં નહિ રાખીને જો તેને ઇચ્છા મુજબ વર્તવા દેશો તો દૂરદશાને પામશો. જીતેંદ્રિય પુરૂષો પૃથ્વીપર બીજી મનુષ્ય જાતી કરતાં વધારે સુખી છે. જેમજેમ ઇંદ્રીઓ મનમાનતો ઉપભોગ લેતી જાય છે તેમતેમ તે વધારે ક્ષીણ પડતી જાયછે; અને આખરે નાશ એજ પરીણામ થાય છે. દુરંદેશી થઇ ભવિષ્યના સુખનો વિચાર નહિ કરતાં અબુજ માણસો ક્ષણીક સુખને માટે આ દૂર્લભ્ય દેહ કુરબાન કરે છે. જુદીજૂદી ઇંદ્રીને માટે કીરતારે જુદાંજૂદાં સુખો નીમેલાં છે તેમાંની કોઇને પણ હદ ઉપરાંત વાંછના તૃપ્ત કરવાનો મહાવરો રાખ્યો હોય તો તે ઇંદ્રી વહેલી

નબળી પડી બાકીની ઇંદ્રીઓ થોડા વખતમાં નબળી થઇ જાય છે અને આખરે કાયાને હાની પહોંચે છે ખીલતી જુવાનીના ઉછળતા મદમાં અંધ થઇને જુવાન પુરૂષો જીંદગાનીનો અગ્રભાગ ગેર રસ્તે ગુમાવી શરીર સતા હીન કરી નાખે છે. જીંદગાની રૂપી દહીં વિષય રૂપી ઝેરણીથી વલોવી તેનું માખણ સઘળું કાઢી નાખે એટલે જે બાકી રહે તે છાશ હોય એમાં શી નવાઈ?

સીપાઈ—પ્રાણજીવનદાસ ભાઇ, આપની રાહ જોનાર માણસને ત્યાં મામલો બહુ અડાકડીનો થઇ ગયો છે માટે આપને ત્વરા સાથે બોલાવે છે.

પ્રાણજીવન૦—હવે હું નહિ રોકાઉં (પ્રાણજીવનદાસ રજા માગી જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—કામાંધદાસનો નજર બાગ.

કામાંધદાસ તથા કુટણાદાસ પ્રવેશ કરેછે.

કામાંધદાસ—કેમ ભાઈ, તમે મને પ્રાતઃકાળમાં કહ્યું હતું કે તમને એક ગુપ્ત વાત કહેવાની છે મેં જ્યારે તેનો ખુલાસો માગ્યો ત્યારે તમે કહ્યું હતું કે એકાંત સ્થળે જ્યારે તમારો ખુશ મીજાજ હશે ત્યારે કહીશ. તો હવે એકાંત અને ખુશ મીજાજ બંને છે માટે જે કહેવાનું હોય તે કહો.

કુટણાદાસ—આપને માટે એક શીકાર શોધી લાવ્યો છું.

કામાંધદાસ—એ ખરૂં, પણ સ્ત્રી સંગ ક્રીડા બાબતમાં મેં મારા પીતા અને વૈદરાજની સમક્ષ પ્રતીજ્ઞા કરેલી છે અને મારા પોતાની સ્ત્રી બાબત પુછતા હોતો હાલ એનો પણ સ્પર્ષ થવા નથી દેતા. સબબ વૈદે કહેલું છે કે જો મારા કહેવાથી ઉલટી રીતે વર્તશો તો ઔષધી મહા જલદ હોવાથી રગેરગે ફુટી નીકળવાની.

કુટણાદાસ—અફસોસ છે કામાંધદાસ કે આપના જેવા માણસો બાળપણામાં પેટ ભરૂં વૈદોથી ઠગાઇ જાયછે તેઓ પૈસા મેળવવાને હજાર ફંદ રચીને ધુડ રાખનાં પડીકાં આપી અંદર મોહાસુદી દેછે આવા

સુવર્ણમય પ્રકાશતા શરીરમાં તે શું રોગ હશે તેનો માણસે પોતેજ તોલ કરવો જોઇએ. સાળા એ ભાત ખાઉ ઢોંગીઓ તો પૈસાની લાલચે તમારા જેવાં માણસનાં કાળજાં ફોલી ન ખાયતો પછી તેનું ગુજરાન પણ કેમ ચાલે? આપ એક વખત આ બુલબુલના બચ્ચાને જુઓ તો બસ ફીદા થઇ જાઓ. આ સ્ત્રી દેવતાને પણ મળવી દુર્લભ તેને જ્યારે હું શોધી લાવ્યો ત્યારે જો તમે ખોઇ બેસો તો નક્કી સમજવું કે મારાં અને તમારાં બંનેના એક સાથે માડાં ભાગ્ય બેશી ચુક્યાં. આ નખરાબાજ સ્ત્રીનો જ્યાં સુધી લાવો નથી લીધો ત્યાં સુધી અવતાર એળે ખોયો છે. ઇંદ્રલોકનું સુખ પૃથ્વીપર ઉતર્યા છતાં અને તે પણ આપણા કબજામાં છતાં ઉપભોગ ન લઇએ તો આપણ જેવા કરમ ફુટ બીજા કોઇજ ન સમજવા. સ્વર્ગનું સુખ જોયું નથી ત્યારે તેમાં કેવા પ્રકારના વૈભવ હશે તેની કેમ ખબર પડે? પરંતુ મૃત્યુલોકમાં આ સાક્ષાત સ્વર્ગ સુખ ઉતર્યા છતાં પણ તે બાજી હાથથી જવા દઇએ તો નક્કી આ ભવનો હારીજ ચુકયા. બસ, આ દુનીઆપર અવતાર ધારણકરી ખાવું પીવું ને મોજ કરવી એજ સાર્થક છે તેમાં પરસ્પરની આશાઓ તૃપ્ત કરવી એ આપણી પ્રથમ ફરજ છે. કોઇની પણ આશાભંગ કરવાથી આપણે રૈરૌ નરકના અધીકારી થઇયે છીએ. ઠગારા વૈદે આપના ભોળા મનને ભમાવી દીધું છે. તેથી હાલ હું જેટલું કહીશ તે સઘળું વામાંજ ઉડી જવાનું; પરંતુ જો કદાચ આપને વૈદના ઔષધનો બાધ આડો નડતો હોય તો કાલથી ઔષધી ખાવી બંધ કરો. જો આપ કોઇ બાદશાહ હોત અને આપને આવી કોકીલ કંઠી બાનુ ભેટાવી દીધી હોત તો બદલામાં આપના તરફથી ન્યાલ થવાની આશા રાખત.

કામાંધદાસ—મને ખેદ થાયછે કે એ દ્રવ્ય હરૂ વૈદે મારા કુમળા મનપર અસર કરી તેને ધાસ્તીમાં નાખ્યું, તેને ભમાવ્યું, અને આખરે મોતની ધાસ્તી બતાવી તે મેં એકદમ વગર વીચારે માન્ય રાખી, મને રામજી રૂઠ્યા કે તેનું કહેવું મેં કાનપર ધર્યું.

કુટણાદાસ—એનો આપે નોંધી રાખવું કે ફક્ત નીસ્ સ્વાર્થીક માણસોજ સત્ય ઉપર આધાર રાખીને બોલે. એ ઠગારા વૈદની મતલબ

આપનું દ્રવ્ય ધુતવાની માટે આપને ધાસ્તી બતાવીને ગરજ કરાવે તોજ માત્ર તેમની ધારેલી મતલબ પાર પડે. આપને ભલું બુરૂં મનવવામાં મારૂં હીત રહેલું નથી માટે જે સત્ય વાતછે તે છાંદો રાખ્યાવગર કહી દઊંછું

કામાંધદાસ—ખરૂં કુટણદાસ જો તમે મારા મનનો વહેમ ન ટાળ્યો હોત તો હું અંધારામાં ગોથાં ખાતોજ રહેત અને જ્યાં સુધી સત્યના અજવાળામાં ન આવત ત્યાં સુધી ચીત ક્ષોભ થયાજ કરત. સાળા વૈદના પડીકાં ઘેર જઈ ઉંડો ખાડો ખોદી તેમાં દફનાવી દઉં.

કુટણદાસ—એતો વૈદોનો હમેશ રીવાજ હોય છે કે કોઇ પણ જુવાન માણસ તેમની પાસે જ્યારે નાડી પરીક્ષા કરાવે ત્યારે પરીક્ષા કરાવનાર ગમેતો આરોગ્ય તંદુરસ્તીનો માણસ હોય તો તેને પણ તેઓ કહેવાના કે તમારામાં ધાતુ ક્ષીણતાનો રોગ છે. આપના આવા રાતા ચ ગોળી જેવા શરીરમાં સળો પેસવો અશક્ય છે. જ્યારે કોઈ પણ વ્યાધીનો શરીરમાં ઉપદ્રવ થાય ત્યારે શરીર નીસ્તેજ અને નીર્માલ્ય દેખાય. મતલબીયા વૈદ ગમે તેમ બોલે પણ આપણું શુભ શું કરવામાં રહેલ છે તેનો આપણે પોતેજ દરીયાફ્ કરવો જોઇએ.

કામાંધદાસ—એ વાતને હવે આંહીજ દફનાવો આપણા ખાજની વાત ફરીથી તાજી કરો. તેને તમે ક્યાં જોઈ અને તમારો અને એનો મેળાપ કેવી રીતે થયો તે કહીને મારાં વલખાં મારતા મનને શાંતી આપો.

કુટણદાસ—એક ગામથી બીજે ગામ જવાને નીકળેલા દસેક સ્ત્રી અને પુરૂષની સોબતમાં મેં આ દેવ કન્યા જોઈ. બીજા માણસોને દુરના ગામમાં અગત્યનું કામ હોવાથી આ મધુર નાદીના હજારો કાલાં વાલાંથી તેઓને તે રોકવામાં ફાવી નહિ. આ બાઈ ઘણીજ નાજુક બદનની હોવાથી તેમણે તેને પોતાની સાથે લબડ ધકે લીધેલ તેથી એ લોથ પોથ થઈ ગઇ હતી. કુમળા શરીરને મુસાફરીની કોઈ દિવસ નહિ વેઠેલી મેહેનતથી એટલું લેવાઈ ગયેલ કરી દીધું હતું કે જો કદાચ તેણીને તે માણસો રાતની રાત જે ગામમાં ઉતારો લે તેજ ગામમાં ઉતારો લેવાની કોઇએ નશીઅત આપી હોત તો તે નશીયત હું જાતે ભોગવત. પ્રવાસ શ્રમથી પડેલ તેણીના ગાલ પરની લાલી તેણીની ખુબ

સુરતીમાં કોઈપણ તરેહનો ઘટારો કરવાનેબદલે ઓર તેમાં વૃદ્ધી કરે છે. અગર જો કે તેણીના શરીરપર કોઈપણ તરેહનું અલંકાર નહોતું, તો પણ વગર આભુષણે જેવી તે ખુબસુરત લાગતી હતી તેવી હરગીઝ તે સાભુષણ લાગનારજ નહિ. ખુબ સુરતીની બાબતમાં જેને ઈશ્વર દત્ત પુર્ણતા મળેલી છે તેમાં કોઈપણ તરેહનો વધારો કરવાની કોશીશ કરવાથી ઉલટો તેમાં ખુસણીયો વળે છે. સબબ ઈશ્વરના કાર્યમાં સુધારો કરવાને મનુષ્ય સમર્થ નથી. અપુર્ણ કાન્તી વાળી સ્ત્રીઓને ઘરેણા રૂપી ખુબ સુરતી લગાડવાથી અલબતે તેમાં સુધારો થાય છે પરંતુ ચોખા સુવર્ણને તાવવાની અને બહુ ઓપ ચઢાવવાની જરૂર નથી. સ્વાભાવીક ખુબ સુરતી જુવાનીના મદથી ખીલે છે અને ત્યાર પછી જેમ જેમ ઉમ્મર વધતી જાય તેમ તેમ તે નબળી પડતી જાય છે માટે જેમ જેમ ઉમ્મર વધતી જાય તેમ તેમ ઘટતી ખુબ સુરતીની ખોટ પુરી પાડવાને અલંકારોની જરૂર છે તેથી ટાપક ટીપકનો આ શરીર ઉપર ત્યારે ઉપયોગ કર્યો હોય તો અસલની કાન્તી જાળવી રાખવામાં તે મદદગાર થઈ પડે. કોઈપણ ચેટક જોવાથી માણસ જેમ ખીલો થઈ જાયછે અને તે જગોપરથી ખશી શક્તો નથી તેજ પ્રમાણે તેણીનો અસાધારણ દેખાવ જોઈ હું ખીલાઈ ગયો. આખરે તેણીએ પોતાની બરખી નાખનાર દ્રષ્ટી મારી ભણી ફેરવી. જે વખત તેણીના કટાક્ષ મને વાગ્યાં તે વખત મને એમ ભ્રાન્તી થઈ કે જે દીશામાં તે ઉભી છે તે દીશામાં કાળે ઉનાળે વગર વાદળે વીજળીનો જબકારો થયો. પરંતુ એ ત્રણ વખતના તેણીના ફરીથી મારી ભણીના જોવા પરથી હું ભુલમાંથી જાગૃત થયો. પ્રથમ જ્યારે મધ કરતાં પણ વધારે મીઠ્ઠ શબ્દો તેણીના મુખમાંથી રત્નની માફક નીચે ઝર્યાં ત્યારે પવન પોતે મને તો સુસ્વર જણાયો. મેં શુધ અંતઃકરણથી પવન પાસેથી એમ માગી લીધું કે તેણીના મધુર શબ્દોને તું નીભાવી રાખ. તેણીની અંદર એવો તો અજીત્ય જાદુ રહેલો છે કે મનુષ્ય તેને જોવાથી આ આફ્ અને પાળેલા પશુ તુલ્ય થઈ જાયછે. તેણીની સુંદર આકૃતી અને પ્રસન્ન મૂર્તિ જોઈ આપણી ઈચ્છાઓ ઉસ્કેરાય છે ખરી પણ તેણીની ગંભીરતા તથા

સદગુણો જોઇ આપણી ધાસ્તી પેદા થાયછે. સુરતની ગંભીરતામાં, ગતીની સ્વસ્થતામાં, અને રીત ભાતની લાવણ્યતામાં હાલની સુંદરીયોમાં તે એક્કો છે. તેણીનાં નેત્ર બાણ મૃદુ છે તેણીના હાવ ભાવ અને કટાક્ષમાં એટલું બધું શરમાળપણું રહેલું છે કે તરતમાં કંટાળી જનાર પુરૂષને પણ જો તેણીના સહવાસમાં યુગાનયુગ રહેવાનું નીર્માણ થયું હોય તોપણ કંટાળો પેદા થવો મુશ્કેલ છે. દીન પ્રતિ દીન નવીન મોહ તેણીનો જોવામાં આવે છે અને આતે અપુટ મોહનીની ખાણ છે કે શું એમ શંકા પેદા થાયછે મર્યાદા અને મલાજાની બાબતમાં તે શીર ટોચ છે, અને બહુ બોલવાથી, ખડ ખડ હસવાથી, તથા ઉઘાડાં હાવ ભાવ બતાવ્યાના કરતાં મર્યાદા અને મલાજાથી પુરૂષોની પ્રીતીમાં દિવસે દિવસે રાગ ચઢતી જાયછે; સબબ છુટ એ પ્રીતીનો નાશ કરનાર છે. તેણીની મોહનીઓ અગરજો મૃદુજાતી (સ્ત્રી) ના જેવી છે બલકે તેણીનું જ્ઞાન પુરૂષ જાતીમાં શ્રેષ્ટ વિદ્વાન કરતાં ઉતરતું નથી.

કામાંધદાસ—અને આવી સ્ત્રી તમે મને ભેટાડવાના ?

કુટણાદાસ—અલબતે સાહેબ, આપની સેવામાં સાવધાન રહેવા માટેજ આ દેહ મેં ધારણ કરેલો છે આપને તે અંગીકાર કરાવવા માટેજ તેણીને આપના પીતાએ બાંધેલ ધામી ભવ્ય મકાનોમાંથી એક શ્રેષ્ટ મકાન કઢાવી અપાવ્યું છે.

કામાંધદાસ—વાહરે ભાઈ, તમારી આ મીત્ર સેવા માટે હું તમારાપર તુષ્યમાન થયો છું. તમારી સખા ભક્તિ ભાવનો બદલો હું કેવે પ્રકારે વાળું ? ધન્ય છે તમને શાબાશ છે. કુટણાદાસ, તમે જે ફરજ અદા કરી તેની બુજ જાણવાને આ સમયે મારી પાસે કાંઈ યોગ્ય ઇનામ નથી; પરંતુ લ્યો આ પાંચસો રૂપીયાની કીંમતની વાચ ઘડીયાળ છે એ હું તમને બક્ષીશ આપું છું આને માટે જે આપું તે ઓછું છે.

કુટણાદાસ—નહિ સાહેબ, આટલાથીજ હું સંતોષમય થયો છું. એકે મને લક્ષ છે. આપના તરફથી મોજ મળવી એ કાંઈ નવી નવાઈ નથી. હું ગરીબ મીત્રની કોડો તમે વખતો વખત પુરી પાડી છે વળી

કોઈ બીજી વખતે આપની સેવા બજાવવી એ હું મારી ફરજ સમજું છું—આપ તેને જોશો ત્યારે પ્રથમતો તેની છાંયાની અંદર અંજાઇ જશો.

કામાંધદાસ—હું એટલુંજ માગું છું, કુટણાદાસ. સત્વર મને એ પરી પાસ લઇજા. તેણીના સહવાસમાં રેહેવાને આ મન બહુ તલખે છે.

કુટણાદાસ—સબુર પકડો મેહેરબાન, જેમ જેમ તેણીની મુલાકાત મને ફરી ફરીને થતી ગઈ તેમ તેમ તેણીના દરેક અવયવનો ચીતાર મારા દીલ પર આણી તે દરેકને યથાશક્તિ ઉપમાં આપેલી છે. અગર જો તેણીના ગુહ્ય અવયવો મેં જોએલાં નથી (અને આ લાવ આપને મળવા મારી ઈચ્છા છે) તોપણ મારા ધારવા પ્રમાણે તેને અનુમાનીક જેવી ઉપમાં મેં આપેલી છે તેવીજ તે નીવડશે. (જરાવાર અટકે છે).

કામાંધદાસ—એમ છે ત્યારે પછી આ વીહવળ અગ્નીથી બળતા મનને તેણીના નખથી શીખા પર્યંત વર્ણન રૂપી શિત ઔષધીથી શાંત કરવાનો વીલંબ શાને કરો છો?

કુટણાદાસ—હાજર સાહેબ, આપની આજ્ઞા માટેજ ખોટી હતો.

કામાંધદાસ—અરે ભલા માણસ. મીની પાસ દુધ લઇ જતાં એમ શામાટે શંકા પેદા કરવી કે તે એને રૂચશે કે નહિ. ખીરમાં ખાંડ નાખતાં તેનો સ્વાદ બગડશે કે સુધરશે એમ વીચારજ શું કામ કરવો જોઇએ.

કુટણાદાસ—(દુર્ગાના રૂપનું વર્ણન કરેછે.) તેણીના પગની કોમળતા જોઈ કંમળે લજીત થઇ જળમાં નીવાસ કર્યો. તેણીની પગ પેની જોઇ પોથીએ પોતાની રતાશ છુપાવી દીધી અને સાક્ષાત કામદેવ પોતાની ગોળી લઈ આ મૃત્યુ લોકપર ઉતરેલ મનેતો જણાયા. પગના નખમાંથી પ્રકાશતાં કીરણ જોઈ સ્ફટીક મણીના કીરણો નીસ્તેજ થઇ ગયાં. તેણીની પીંડીઓ જોઈ માખણના ગોળાઓ શ્યામતા પકડી ગયા. તેણીની જંઘાનું સુકુમારપણું જોઇને કદળીએ (કેળે) સૂર્યના તાપમાં તપશ્ચર્યા આદરી. તેણીનો કટી પશ્ચાત ભાગ જોઇને દેવાલયના સુવર્ણ ઈંડાંઓ ઝંખવાણાં પડી ગયા.

તેણીનું પેડુ કામદેવને રસમય ક્રીડા કરવાનું મેદાન છે. તેણીની નાભી કમળની દીટડી હોઇને રતીપતીનો તે ક્રીડા કુંડ છે. તેણીનો કટી લંક જોઈ કેશરીસીંહે ખેદ યુક્ત થઇ વનવાસ લીધો. તેણીના પેટની લીસપ જોઇને પોયણીના પાનનો ગર્વ ઉતરી ગયો તેણીના પેટની રૂવાટી ઉપર દુરથી દ્રષ્ટિ પડતાં મને એમજ લાગ્યુ કે સુવર્ણના દેવાલપર ઝીણી કાળી કીડીયોની હાર ચાલી જાય છે. પેટપર પડેલ ત્રણ વાંટા ગંગા યમુના અને સરસ્વતીનાં નીર્મળ પ્રવાહ જેવા. તેણીના પેટનો લંક નાગરવેલના પાન જેવા; તથા કુચવગર પાકેલ દાડમના જેવાં હોઇને એ સુવર્ણના કળશ છે. હાથ હાથીની સુંઢ જેવા; તેણીના કંઠની પાર દર્શકતા બીલોલ કાચના જેવી, યાતો નીર્મળ તેલની ધારા જેવી. અહા મારી સાથે જ્યારે તે સંભાષણ કરેછે ત્યારે તેણીનું ગળું મોરના ગળાની માફક એવું લચકાઇ જાયછે કે મને ધાસ્તી રહે છે કે રખેને તે પાછું પોતની અસલ સ્થીતીમાં ન આવે, ઓષ્ટ (હોઠ) પરવાળાજેવા; દંત મસ્કતી દાડમની કળી જેવા; નાસીકા પોપટના જેવી હોઇને તેની દાંડી વગર પવનની જગોપર મુકેલ દીપક જોતના જેવી છે. આંખો મૃગાના જેવી; ને તેની પારદર્ષકતા મદિરાના જેવી છે તેણીની પાંપણો ભમર ઝાંખ જેવી તથા તેણીની નેત્ર ભમર કામદેવના ચાપયા ધનુષ્ય જેવી; તેણીના કપાળની કાંન્તિ જોઈ ચંદ્રે પોતાની ચઢતી અને ઉતરતી કળા કરવા માંડીછે. મુખ ચિન્હની કાંન્તિ મોતીના જેવી છે. ચોટલો સવાગજ લાંબો તેની શામતા જોઈ વાસુકી નાગે પાતાળમાં વાસ કર્યો. તેણીના શરીરની સુકુમાળતા પોતાની રૂતુએ પાકતા ગુલાબની પાંખડી જેવી છે; તેણીની ચાલ જોઇને સિહલદ્વિપની હાથણીઓનો ગર્વ ઉતરી ગયો છે. જે પ્રમાણે સુવર્ણના અલંકારમાં મીનાકારી કારીગરી શુશોભિત લાગે છે તે પ્રમાણે આ સ્ત્રીના સંગમાં તમે શોભશો. આપ પણ સાક્ષાત કામદેવની મુર્તી છો. દેદિપ્યમાન હવેલી તેમાં રહેનાર માલેક વિના સુન્ય લાગે છે તેજ પ્રમાણે આવી રૂપ અને ગુણની ખાણ સ્ત્રી પતી વગર સુન્ય લાગે છે.

કામાંધદાસ—પરંતુ મુલાકાતનો તમે કાંઈ વખ્ત નક્કી કરો તો

ત્યારે આપણે તેણીની પાસે જઇએ. અબળા હમેશ કાચા મગજની અને ભોળા મનની હોય છે અને આતો આપણા તાબામાં અને આશ્રા નીચે આવી રહીછે એટલે પલાળીને રાળ જેવી કરી નાખશું અને આમ કરતાં પણ જો તે નહિ માને તો છેલો ઉપાય છાશ...(બળાત્કાર) પણ એટલે સુધીતો વાત પણ નહિ આવે સંયુકત આગ્રહથી આપણે તેણીને મરજી શરણ કરીશું.

કુટણાદાસ—(એકલો વિચાર કરેછે) હવે કશી હરકત નથી. અરે! હૈયા ફુટ માણસ ફીટકારછે તને, તારા મનની લગામ આવી ઢીલી અને સ્થિતી સ્થાપક જોઇને મારા મનને ખેદ થાયછે. ખરેખર જે પ્રમાણે રબરની પટીને તાણીને લાંબી કરવાથી તે પાછી પોતાની મુળ લંબાઇમાં આવી રહેછે તેજ પ્રમાણે સુબોધથી તારા મનની દોરીને લાંબી કર્યા પછી હું જેવા કુમાર્ગ દર્શીતને પોતાના કુબોધથી અસલસ્થિતીમાં લાવે છે. હુંતો માત્ર દ્રવ્ય લોભથીજ તને ફસાવવા ઉશ્કેરાયોછું. પ્રતીજ્ઞા પુર્વક કહુંછું કે હું ને જો બીજા કશામાંથી પણ આવી સહેલાઇથી મીઠું મોઢું થાતું હોત તો આવી દુરબુધિનું કૃત્ય કરેવા હું તારા મનને લાલચમાં નાખત નહિ. ખરેખર જે માણસોની અંદર દયાથી તાતકાળીક પીગળી જવાની તથા સ્ત્રી વિગેરે મનમોહિત કરનારી ચીજો જોઈ વીહવળ થવાની પ્રકૃતી હોય છે તેવાના મન જેમ વાળવા હોય તેમ વળી જાયછે. આનો પરિણામ બહુ બુરો થવાનો છે પણ ચાહે તેમ થાઓ વર મરો કે કન્યા મરો પણ ગોરની ખોઈ તો ભરો.

કામાંધદાસ—કેમ કુટણાદાસ કાંઈ વિચારમાં પડી ગયા કે કેમ.

કુટણાદાસ—નહિજી કંઈ નહિ ત્યાં જવા માટે આપને કયો વખત અનુકુળ આવશે.

કામાંધદાસ—આવતી કાલે સાંજના બે બન્ને જઇએ—કેમ ઠીકના? તમને એ વખતે આવવામાં કશી હરકતતો નહિ આવે ના?

કુટણાદાસ—નહિ સાહેબ અને જો કદાચ બીજા અગત્યના કામમાં કાંઈ આવી પડે તો તેને પણ બાજુપર છોડી આપની શેવામાં

હાજર થવાનો મારો ધર્મ છે.

કામાંધદાસ—ચાલશું ત્યારે?

કુટણાદાસ—જેમ આપની મરજી. (બંને જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—દુર્ગાને રહેવા આપેલ દીવાનખાનું.

દુર્ગા બેઠીછે કામાંધદાસ તથા કુટણાદાસ પ્રવેશ કરેછે.

દુર્ગા૦—પધારો ગરીબ પરવર ભાઇઓ.

કામાંધદાસ—(ચોંકીને) કુટણાદાસ આ મધુર વાદીરૂપ ભંડાર કન્યા કોણછે? અને કયો દેશ તેણીની ગેરહાજરી માટે શોચ કરેછે?

કુટણાદાસ—મેહેરબાન સાહેબ તેના વીષે હુંતો એટલુંજ જાણુંછું કે એક ઉમદી જ્ઞાતીની તે અનઆશ્રીત અબળા છે અને આટલાજ ખુલાસાથી જો આપની જીજ્ઞાશા ન તૃપ્ત થતી હોય તો વધારે હકીકત તે પોતે કહી આપને સંતોષ ઉપજાવશે વળી હું કદાચ તેણીનું જન્મઆખ્યાન જાણતો હોત અને કહેત તેથી જેટલા આપના કાન ચમકત તેના કરતાં તે પોતેજ પોતાના સુસ્વર નાદથી આપને કહી સંભળાવે તો આપના પર વધારે અસર થાય અને વખતે વખત ખેદ અને ખુશાલીના ઉભરા આવે.

કામાંધદાસ—કુટણાદાસ આવી મીના જેવી પારદર્શક ખુબસુરતી જેના દેદારપર ગંભીર જ્ઞાન તથા ઉતકૃષ્ટ બુદ્ધીની તસ્બીર પડી રેહેલી છે તેને તમે અનાશ્રીતનું વીશેષણ આપોછો એ મને સંભવીત લાગતુ નથી.

કુટણાદાસ—દુર્ગાગૌરી, આ મેહેરબાન આ મકાનના માલેક છે જેની સખાવત અને રેહેમદીલીને તમે આટલા આભારી થયેલાછો જેને આપને મેં આપેલ અનાશ્રીતનું વિશેષણ અસંભવીત લાગે છે માટે અસત્યવાદીનું દુષણ મારા પરથી ખસેડવાને મારા બચાવમાં આપને કંઈ કહેવાનું છે?

દુર્ગા૦—ક્ષમા કરજો મેહેરબાન આપના દરજાની મને ખબર

નહોતી અને તેથી આપને યથાર્થ સત્કાર મેં કર્યો નથી માટે ક્ષમા કરજો.

કાં૦—વીવેકી સ્ત્રી તમારા વીવેક માટે હું તમારો ઉપકાર માનું છઊં.

દુર્ગા૦—આપનું નામ?

કુ૦—તે સાહેબનું ના—કામાંધદાસ—પરંતુ મારા પરતો આપે અસત્ય વાદીનું વીશેષણ ચોટયુંજ રાખ્યું કે.

દુર્ગા૦—નહિ સાહેબ આપે આપેલ અનાશ્રીતનું વિશેષણ મને પુરતી રીતે છાજેછે.

કા૦—એ આશ્ચર્યની વાતછે જો આપ અનાશ્રીત હોતો એની અંદર દોષ સઘળો તમારો પોતાનોજ છે આપ વીવાહીત થયેલાછો કે અવીવાહીત? સો વસાતો અવીવાહીત?

દુર્ગા૦—જીહા, અવીવાહીત.

કા૦—ત્યારે પછી વાંક સઘળો કોનો આ વીવિધક અને અનૂપમ ખુબસુરતી ઉપર ફીદા થઈ જનાર ફાંકડા આ દુનિઆપર કયાં થોડા હતા? જંતર બજાવવામાં કુશળ મીત્ર મનુષ્ય જેના વાદ્યના નાદથી મૃગાદી રાની પશુઓ પોતાના ચાલતાં ક્રમ છોડી લોભાઈ જઇને તેની આસપાસ એકઠાં મળેછે તે મનુષ્ય જો શીકારની તંગીની ફરીઆદ કરે તો તેમાં દોષ સઘળો કોનો. મોરલી બજાવવામાં મહાપ્રવીણ મદારી સર્પને મોહીત કરવામાં નિષ્ફળ થયાની ફરીયાદ કરે તેમાં વાંક સઘળો કોનો? પોતાની પાસે મોટા કદનો દર્પણ છતાં રીંછને તે ફસાવે નહિ તો તેમાં વાંક સઘળો કોનો? મજબુત વૃક્ષનો ઓથ છતાં કોઈ ગેંડાને ફાંસમાં નથી લઈ શકતો એમાં દોષ સઘળો કોનો? અમૃત પાત્ર સ્વાધીન છતાં પોતે જાતે અમર નથી થતો અને મરી જવાની ધાસ્તી વેઠારેછે તેમાં વાંક સઘળો કોનો? તેમજ આવા અજીત જાદુવાળી વીલક્ષણ મોહીની મહા અચળવૃતીવાળા માણસનાં મન ન ડગાવે ત્યારે વાંક સઘળો કોનો? હુંતો ધારૂંછઊં કે તમારોજ કન્યાકાળ વીતતો જાયછે અને તમે—

દુર્ગા૦—પરંતુ સાહેબ અમે ઊંચવર્ણ માટે સશાસ્ત્ર, સત્રીધી અને સસંસ્કાર લગ્ન ક્રીઆઓ કરવી જોઇએ. હું આશ્રા રહીત અબળા, માટે એટલું બધું કોને દાઝતું હોય, કોના અંતઃકરણમાં એમ

ઉમળકો આવે કે આ બાપડીનો કન્યા કાળ વીતતો જાય છે માટે સત્વ-ર વીવાહીત કરી દઇએ. એમ કોની ટંગડીએ વાગતું હોય કે હું અ-નાથ અબળાને ઠેકાણે પાડી દઇએ. એવી ગરીબની બેની, એવી મા-ઇની બેટી તો આ દુનીઆપર એકજ હતી. આવી દીકરીઓ મા ફરીને જણવાનીજ નથી. પણ તે તો મરી ગઈ! અરે વીજીઆકુંવર તુ જાતાં મારા ઉપરે છપનના પાટા પડ્યા છે. અને જે પડે તે થોડાજ થોડા. પારકી દુબળતા જોઈ દુખી થનારા આત્માઓના નામ ઉપર તારા જવા પછી આ પૃથ્વી પર મીંડું વળ્યું છે. મારે દોહલે દુખી વીજીયા! તુ મને નીરાશ્રીત કેમ મુકી ગઈ આ અપકારી અને આપ સ્વાર્થી દુનીઆમાંથી જતાં તેં મને તારી સંગી કેમ ન કરી લીધી.

કુ૦—નહિ નહિ આ પ્રમાણે ગળ ગળા થવાનું આપને કાંઈ કારણ નથી, આપને ઠેકાણે પાડવા એ કાંઈ મોટી વાત નથી પરવરદી-ગાર સલામત રાખો આપણા મેહેરબાનને.

દુર્ગા૦—હા એ ખરૂં એ સાહિબ તો નીરાધારના આધાર છે નીરાશ્રીતના આશ્રય છે દરીદ્રતા પીડીતના પાલનહાર છે ધર્મના સ્થંભ છે ગરીબ કષ્ટ નીવારણ છે પરંતુ મેં મારા મનની સાથ એ કરાર કર્યા છે કે કોઇના પર પણ નકામો બોજ થઈ પડવાના કરતાં બનતા સુધી કૌમાર્ય વ્રત રાખી ધર્મ ધ્યાન પાછળ આયુષ્ય અર્પણ કરવું. સબબ બીજા કોઈની આશ્રીત થઇને લગ્ન કરૂં તો દ્રવ્ય રહીત અબળાનો કોઈ કઓપો સ્વામીજ પાણી ગ્રહણ કરે. તેને ત્યાં અન વસ્ત્રના મને પી-ડીઆ પડે તે દુખી હોય માટે તેને દુખે મારે પણ દુખી થવું જોઇએ તેના કરતાં બેહેતર એ છે કે કન્યા વ્રત રાખી જગત કર્તામાં જીવ પરોવવો.

કુ૦—આ દુનીઆમાં અમનચેન અને મોજ માણવાને અવ-તાર પ્રાપ્ત થયા છતાં તમે કુંવારા રહી કાયાને કષ્ટ આપવા તથા વીલાસનો જે ઝરો કર્તાએ વહેતો કર્યો છે તેનો સ્વાદ ચાખ્યા વગર ચાલ્યાં જ-વાનું ધારતાં હો તો સૃષ્ટી સરજવામાં કીરતારની મરજી તમે પારખી શક્યા નથી એમ કહેવામાં હું જરા પણ આંચકો ખાતો નથી. સ્વપ્નાની

માફક તમારી જીંદગી સુખ દુખમાં ભાગ લેનાર કોઈ પણ સંગી વગર કાંઈ પણ ઇસ્ક અનુભવ્યાં વગર એળેજ જવાની નાની વયના કુમળા બાળકે જ્યાં સુધી શાકરનો સ્વાદ ચાખ્યો નથી ત્યાં સુધી વેગળેથી તે તેને બીજાં કડવાં ઓસડ જેવી લાગે છે વાઘના દાંતને જ્યાં સુધી મનુષ્ય રૂધીરનો સ્પર્ષ થયો નથી, રીંછે જ્યાં સુધી મધ ચાખેલું નથી, ત્યાં સુધી તેમાં કેવો સ્વાદ રહેલો છે તેની તેઓને ખબર નથી. પણ એક વખત જો તેમની જીભે અટકે તો તેના ઉપર તેમનો ચુસ્ત પ્રેમ બંધાઈ જાય છે. તેજ પ્રમાણે વીલાસ ક્રીડાનું સુખ જેણે જોયું અથવા અનુભવ્યું નથી, ત્યાં સુધી તેની લેહેજતની તેને શી ખબર પડે. વીષયના કુંડમાં નાહ્યા વગર તેની શાથી મલતો સ્વાદ કેમ માલુમ પડે ઇસ્ક કેફ પીધાંથી મન કેવું મગ્ન થાય છે તેની માહેતી ફક્ત ઇસ્ક મસ્તાનેજ હોય છે. ફક્ત કામ ભાવીજ કહી શકે કે વીષય વાસના તૃપ્તીમાં કેવું સુખ છે. જ્યાં સુધી એ લાવો નથી લીધો ત્યાં સુધી આ જન્મ વૃથા છે જો કદાચ તમારૂં કહેવું એમ હોય કે વીષય સુખ ભોગવ્યાથી ઇશ્વર નારાજ થાયછે ત્યારે પછી જેને સત્યા સત્ય પારખવાની શક્તિ છે એવા માણસોની અંદરજ નહિ પણ દરેક પંક્તીના પ્રાણીમાં પણ ઇશ્વરે તેની પ્રેરણા કેમ મુકી? વાસનાઓને ખાલી રાખવાના કરતાં તેને મનમાનતી તૃપ્તી આપવી એ કેટલે દરજ્જે સારૂં છે પશુઓ પણ ઇંદ્રી ઇચ્છાઓની ખાએશોને મનમાનતો ઉપભોગ લેવરાવે છે અને માણસ ન લેવરાવે ત્યારે પશુ કરતાં માણસ વધારે અધમ જો વિષયને ખાલી કબજે રખાવાની શ્રષ્ટી સરજનારની મરજી હોય તો આવાં સુખ દાયક વીષય તૃપ્તીના પદાર્થો ઇશ્વરે કેમ બનાવ્યા?

દુર્ગા૦—આપતો મહા વીદ્વાન અને દોલતના ખાવીંદ છો અને હુંતો માત્ર અજ્ઞાન અબળા છઊં. પરંતુ સાહેબ વીષય સુખ અનુભવવા સાથે શું શું ફાયદા ગેરફાયદા સંયુક્ત થયેલા છે તે વીશે હું પણ થોડું બાત જાણુંછું. અલબતે ઇશ્વરનો ઇરાદો ઇંદ્રીઓ અને તેને શાંતી આપનારા પદાર્થો બનાવવામાં તેને તૃપ્ત આપવાનો છે ખરો અને જો તેને કબજે રાખી હોય તો તેથી આયુષ્યમાં વૃદ્ધી થવાને બદલે ઓર તે

ટુંકી થાયછે એક વીરડો જેમાં નવા સરવાણીયા દાખલ થતા હોય તે માં સુધી ભરાઈ રહ્યા છતાં પણ કોઈ તેનું પાણી ખુટી જશે એવી ધાસ્તીથી તેનો બીલકુલ ઉપયોગ ન કરે તો તેનું ધારયું ધુળ મળે નહિ ઉલેછવાથી વીરડા માંહનું પાણી દુરગંધ થઈ જાયછે અને જ્યારે તે છલોછલ ભરાઈ રહ્યો ત્યારે બીજું સરવાણી દ્વારાએ જેટલું પાણી આવે તે નીર અરથક જવાનું તેજ પ્રમાણે આ શરીરમાં પુષ્ટીની આશાથી ઈંદ્રીઓને ખાલી રાખે તો તેથી શરીર કૌવતવાન થવાને બદલે ઔર નબળું થવાનું સબબ જ્યાં સુધી ખોરાક રૂપી સરવાણીઓ ચાલતા છે ત્યાં સુધી તેને ઉની આંચ આવવાની નહિ પરંતુ તેવી રડીની આવકની નીક કરતાં જાવકની નીક ઘણે દરજે ઓછી અને પુરતા વખતને અંતરે હોવી જોઇએ નહિ તો એ વીરડોકસ પુરવાનો નહિ તેજ પ્રમાણે મનુષ્ય માત્રમાંજ નહિ બલકે દરેક પશુ માત્રમાં પણ તેમજ હોવું જોઇએ પરમ ભક્તો જેવા ઇશ્વરમાં લીન થાય છે તેટલાજ જો મનુષ્ય જાતી વીષયમાં લીન થાય તો કવખતનું બુઢાપણ આવ્યા વગર રેહેજ નહિ.

કું૦—આપના ચાલતા ભાષણમાં ભંગ પાડી એક પેદા થયેલ શંકા ... કરવા સારૂ પ્રશ્ન રજા લઉં છઉં અને એ જો આપને અવીવેક લાગે તો પહેલેથીજ ક્ષમા માગું છઉં. વીદ્યા રૂપી ઝરણમાંથી જેણે પુરતી તૃષા છીપે એટલું ગ્નાન પાન કીધું હોય એવા મનુષ્યો ઘણું કરીને રસગ્ન હોઇને નૃત કળા ગાયન કળાનો તેને શોખ હોય છે સબબ એ ગુણો વગર રસગ્નાન ફીકું લાગે છે.

દુર્ગા૦—જી—અલબતે ગાવા બજાવવાનો મને શોખ છે ખરો પરંતુ મારી બેતાળી સુર બીજાઓના મનની વેગવાળી ગતીને સ્તંભીત કરીને પોતાનામાં જલીન કરી લેવા શકિતવાન નથી.

કું૦—એ તો પછી આપની વીવેક બુધી આપને પોતાના ગુણનું વીવેચન કરતી અટકાવે છે જ્યારે આપની ભાષાજ આવી સુસ્વર અને માધુરી છે ત્યારે ગાયનમાં તો પછી શું બાકી હશે. જો આપને કશી હરકત ન હોય તો કોઈ મસ્ત રાગ છેડશો.

દુર્ગા૦—આપની અવગ્ના કર્યાનું આપ દુષણ ન મુકો માટે જેવું

આવડે તેવું કાલા બોબડું હ્યો ત્યારે ગાઇ નાખું (ગાય છે.)

રાગ ધ્રુપદ.

પ્રથમ મના ઓમ્કારમ, બેદમની ગીતા, (ઈત્યાદી)

કા૦—વાહવાહ દુર્ગા કુંવર મેં ઘણા ગાયનો સાંભળ્યા છે પણ આના જેવા મીઠો હલક અને આવી કપાળી તો મેં ક્યારે પણ જોયા નથી જ્યારે આપનો સ્વર કંઠ વાટે મુખમાંથી બહાર નીકળે છે ત્યારે ઝીણાંઝીણાં વિધવિધ રંગી પથરોપર થઇને જાણે શીશીર રૂતુમાં જોસભર નિર્મળ જળપ્રવાહ પસાર થતો હોયની. અમારા ભાગ્યની એવી કોઈ પ્રાલબ્ધી રેખા અમને ફળી કે તમારાં અમને દેદાર થયાં અને મને તો એમ લાગે છે કે બુલબુલ પક્ષીએ જે વનવાસ લીધો તે પણ ગાયનમાં પોતાનો હરીફ પેદા થયેલ જોઇનેજ.

કુ૦—દુર્ગાકુંવરે આ ગે◆રબાન જેમ આપના દરશન માટે પોતાને સુભાગી ગણે છે તેજ પ્રમાણે આજથી તમારા ભાગ્યનો ચંદ્રપણ પ્રકાશતો થયો સમજજો. એઓ સાહેબ વચનના એવાતો બળીષ્ટ છે કે અરધું બોલી આખું પાળે.

કા૦—નહિ દુર્ગા કુંવરે તમારે કશી વાતની હરકત નહિ રાખવી આજ મકાનમાં તમને જોઈ તે વખત તે ઇષ્ટ વસ્તુઓ પ્રાપ્ત થશે કોઇ પણ વસ્તુની જો કંઈ પણ ઉણપ રાખું તો બે બાપનો સમજજો. ખાઓપીઓ મનમાનતા વસ્ત્રઆભુષણ ધારણ કરો એશ માણો ને જોઇએ તો ફેટીનમાં બેશી ફેરા મારો. ઈંદ્રપુરીમાં દેવતાઓને જે સુખ મળવું દુર્લભ હશે તેવા સુખની મોજો આંહી હું તમને પુરી પાડીશ. તમારી વિદ્વતા અને સદગુણનું યથાસ્થિત માન જાળવી અહરનીશ હું તમારી સંગાતે આચરણ કરીશ. તમારી તેનાતમાં મોંઢે માગ્યા દાસદાસીઓ રાખી દઇશ ને દરેક વાંછના પુરી પાડીશ.

દુર્ગા૦—(પ્રત્તોઉતર નહિ વાળતા મનમાં) આ રાંડવાઓની વૃતી મને કુટીલ લાગે છે. અરે! હું રંડા પણ જોને કેવી અબુજ છઉં બાપના મુખમાં ઝપલાયા સુધી પણ આંખો મીચેલીજ રાખુંછું. મારી સ્થિતિની ખરી ભયંકારતા મને અત્યારેજ જોવામાં આવેછે આગળ વેઠેલ સંક-

ટોનો હાલ ઉપર લટકતાં સંકટો સાથ મુકાબલો કરતાં આગલાં સંકટો તૃણ માત્ર લાગે છે. આ કર્મચંડાળો બળાત્કારથી પોતાની યોજના બર લાવે તેની પહેલાં આ પ્રાણ તેમનેજ અર્પણ કરવા ક્યાં ભુંડોછે આવી નીચ દરખાસ્તને શરણ થવાના કરતાં સાણસીએ માંશ કાપવા દેવાની પરવાનગી આપવી ક્યાં ભુંડી છે આ સંસારમાં સર્વથી પ્યારૂં જે શીળ વૃત તેની ઉપર તેમની દાનત બગડે કે તરતજ તેમને ઠાર પુરા કરવા ક્યાં ભુંડુંછે પરંતુ એકદમ ઉઘતાઈ કરી તેમની સાથે બગાડવું નહિ ફાંસાની જાળમાં ફસાયા પછી ગમેતે ઉપાયે તેમાંથી છુટવાને પ્રથમ યત્ન કરવો.

કુ૦—(દુર્ગાએ કંઈ જવાબ નહિ આપ્યો તથી) કામાંધદાસ ભાઈએ મર્યાદા શિળ કુંમારીકા છે માટે લજા મુકી આપને એ ખુલી રીતે જવાબ નહિ આપે પણ કેટલીક બાબતમાં ચુપકીએ કબુલત બતાવેછે એ નીયમને ધ્યાનમાં રાખી આપણે સમજવાનું છે કે આપે સુચવેલી સરતોથી આંહી રહેવામાં તેણીની ગર્ભીત કબુલત છે અને આવી ઉદારતાવાળી સરતો કબુલ રાખવા કઈ પરી ના પાડવાની હતી ?

દુર્ગા૦—નહિજી આપને હું આગળ જણાવી ગઈ તે પ્રમાણે ધર્મધ્યાનમાં મારે મારી આયુષ્ય ખરચવાની છે માટે આવા વૈભવના લલચાવતા પદાર્થોથી દુર ખશી ઈંદ્રિઓ વશ રેહે તેવા આશ્રમમાં જઈ મારી ધારણા હું અમલમાં લાવીશ આ સુખમાં અંજાઈ મેં મારી આકીન તોડી તે માટે મને ખરેખર ખેદ થાયછે.

કુ૦—આવી વિલક્ષણ ભેટ કબુલ નથી રાખતાં માટે પાછળથી પસ્તાવું પડશે જે વૈભવ માટે સ્વર્ગ લોકના રેહેવાશીઓ વલખાં મારેછે તેવા વૈભવ તમને વગર મેહેનતે પ્રાપ્ત થાયછે ત્યારે તમે ના પાડોછો માટે પાછળથી પસ્તાવું પડશે. અનવસ્ત્ર માટે ભટકી ભટકીને માથાથી પગ સુધી પસીનો ઉતરાવો પડેછે ત્યારે માંડમાંડ કરીને અન ભેગાં થાઓછો તેને બદલે વગર ઓશિઆળે મનમાનતા અમનચેમન કરવાના મળેછે તે તમે કબુલ નથી રાખતા માટે ફરીને કહુંછું કે તમને પસ્તાવું પડશે.

દુર્ગા પોતાના તીરસ્કાર તરીકે ઉઠી જઈ એક બારીમાં ઉભી રહેછે એવામાં દુર્ગા ન સાંભળે તેવી રીત.

કા૦—શું કરવું ભાઈ હવે ?

કુ૦—છેલો ઉપાય છાશ ત્યારે (બળાત્કાર) બીજુ શું ? આ મન માને ત્યારે પછી શું ? હું જાઉં હેઠલ બંદોબસ્ત રખાવું (ઉઠી ઉભો થાયછે એવામાં)

દુર્ગા૦—(ગભરાઈને) કેમ ક્યાં જાઓછો ? આ મહેરબાન બેઠા છે. એમને મેલી ક્યાં જાઓછો.

કુ૦—આવું પાછો.

દુર્ગા૦—નહિ સાહેબ આની સાથે એકલું રહેતાં મને ધાસ્તી લાગે છે. મારી સ્થિતિ હું ભયમાં સમજુંછઉં તમારી સંગાતે ચાલો હું પણ નીચે આવું.

કા૦—નહિજી બેધડક રહો કાંઈ પણ હરકત સમજો નહિ.

કુ૦—બાઈ સાહેબ હું નીચે લઘુશંકા કરી હમણાજ આવુંછું બીહીવાનું તમારે કાંઈ પણ કારણ નથી.

દુર્ગા૦—ચાલો ત્યારે હું પણ નીચેજ આવું.

કુ૦—નહિ એમ થાય એતો કામાંધદાસ ભાઇનું જબરૂં અપમાન થાય આ દુનિઆપર જે સર્વથી વહાલું હોય તેના સોગન પુર્વક કહુંછું કે ક્ષણ માત્રમાં હું પાછો ફરીશ. (ભોળી દુર્ગા સોગનથી ભોળવાઇને)

દુર્ગા૦—જાઓ ત્યારે પણ પાછા એકદમ આવો.

કુ૦—હો આ આવ્યોને (દુર્ગા ન સાંભળે તેવી રીતે) ભોળીબાઈ હવે આશાજ રાખીશમાં (જાયછે)

થોડો વખત વિત્યા બાદ.

કા૦—(દુર્ગાને મુંગે મોઢે ઉભેલી જોઇને) આટલા બધાં શીવાઈ કેમ ગયાં છો ? બારીએથી ખશી આવો ખુરશીપર બીરાજો.

દુર્ગા૦—નહિ સાહેબ, આ જગ્યોજ મને ભયભીત કરેછે. ફરી ફરીને મારૂં ચિત એટલું વ્યગ્ર થાયછે કે હું ક્યાં છઉં તેની મને ભાન રહેતી નથી. મારૂં મગજ ફર્યા કરેછે મારો જીવ કાચબી મારે છે ને મારી કલ્પના જંગલી તુરંગો લાવે છે માટે જો મને પરવાનગી

હોય તો હું નીચે જાઉં.

કા૦—દુર્ગાને હાથ પકડી પોતાના સામી ખુરશીપર બેસાડેછે.

કા૦—પ્યારી હવે તને ઉદવેગ શાનો છે? જે પાપ હતું તેતો કાઢ્યું. હવે આવ મોકળે મને મહાલીએ.

દુર્ગા૦—(મહાક્રોધમાં આવીને) અરે! દુષ્ટ, અધમપાતકી, તારી જબાનમાં ખીલો ઠોક. તારી માને તારી સાથ માહાલવા અને તારી પ્યારી કહેવા આંહી બોલાવી લાવ. હું અનાથ અબળાને આશરા નીચે લઈ તેની સાથે ઘાતકી દગલબાજી અને ક્રુરતાવાળી વર્તણુંક ચલાવછ; માટે રે! ઘોર કુકર્મી રૈરૈ નરકનો અધિકારી થઈશ.

કા૦—મારી જાન પ્રાણથીક પ્રિય લલના તું અનાથ અબળા છે માટેજ મારી સાથ જોડાઈ સનાથ થા. મારા સુખમાં હું તને ભાગીદાર કરીશ ને દુઃખનો બોજ હું એકલોજ ઉઠાવીશ.

દુર્ગા૦—અરે કામુક અંધ! તારા દેવતાઈ સુખમાં ધુલ ખરણી મુક. અરે શઠ નામરદ બાહલા! મારાપર તારી હરામ વૃતી થતા પેહેલાં આદ્ય ભવાનીનો તને આશીરવાદ કેમ નથી ફળતો. કુળના કલંક જે કુળમાં તું પેદા થયો તેની સાતે પેઢીને તેં નરકમાં બોળી. હળાહળ વીશ્વાસ ઘાતકી પાંખ નીચે અણજાણ પણાથી આવી રહેલની પુત્ર અથવા બંધુ સમ બરદાસ્ત કરવાને બદલે હરામ વૃતી કરછ ત્યારે તારો છુટકો કયાં થશે? જે કૃત્ય કરવા તું ઉભો થયો છે તેવું કૃત્ય કરનારને રૂવાડે રૂવાડે જીવડા પડે છે કુવામાં ઉતારી વરત કાપી લેવું અને મધ્ય દરીએ વહાણમાંથી ઉતારી મુકવા કરતાં પણ આ હલકું કામ છે કુવામાં કે દરીઆમાં તો ફકત મારી જીંદગીજ જોખમમાં આવત પણ આંહી તો જીંદગીથી પણ પ્યારૂં પતીવ્રત તેનો તું ભંગ કરવા ઉભો થયો છે.

કા૦—ત્યારે તારો વિચાર ભુલ ભરેલો છે આશ્રય નીચે આવી રહેલાની બીજા તો પુત્ર સમ અથવા ભ્રાતા સમ આસના વાસના કરે પણ આ જમાનામાં તું જાણે છે મારી રસીક પ્રીયા કે સ્ત્રી કરતાં કોઈ પણ વધારે પ્યારૂં નથી, માટે હું તો તારી શ્રેષ્ઠ આગતા સ્વાગતા કરવાં તત્પર થયેલો છું તો હઠીલી હઠ બાજુ પર છોડી ઉપરના શયનગૃહમાં

આલી પરસ્પર સુખનો અદલો બદલો કરને મારી પ્રાણ પ્રીયા—

દુર્ગા૦—(વચમાં બોલી ઉઠીને) અરે દુષ્ટ ક્રુધી વરણશંકરા! મને પ્રાણ પ્રીયા કહેછ! તને રકત પીત નીકળવાનો. આખે શરીરે તને કાળો કોઢ નીળકવાનો.

કા૦—દુઃખના મધ્ય દરીઆમાં આવી ગએલી જોઇને તારા પર દયા આવવાથીજ તને તારવાનો હું આ ઉપાય શોધુંછું દરેક સજીવ પ્રાણીને સ્વાભાવીક વાંસનાઓ અને હાજતો થાય છે તેને તું કાંઇ અપવાદ નથી માટે તને પણ તેવીજ વાંસનાઓ થવીજ જોઇએ. પરંતુ લજા અને શરમતને તે ખુલી મુકતી અટકાવે છે પણ ગાંડી જે જગામાં માત્ર આપણ વગર બીજું કોઇજ ન હોય તેવી જગામાં છુટ પટાથી મારી સાથે પ્રેમ રસ પીવામાં તું આંચકો કેમ ખાછ?

દુર્ગા૦—અરે સ્ત્રી લંપટ દીવાના! બે અદબી લબાડ! મારા કોપના ધુંધવતા આવેશને તારા હૃદયભેદક બાણ શબ્દોથી પવન નાખી ભડકો કરે માં. તેં જે આ છાજતી વર્તણુક અત્યાર સુધી ચલાવી તેને માટે જા નીચ હું તને ક્ષમા આપું છું ચાલ્યો જા.

કા૦—એમ એકદમ તજાય મારી રંગીલી રમા! (આમ કહી કાધિ દાસ પોતાનો ખુરસો દુર્ગાની ખુરસી નજીક લાવે છે ને દુર્ગાના ગાલની નજદીક પોતાનો ગાલ કરીને) મારી રસીલી રંભા! એક વખત ચુંબન કરવા દઇ તારા કોપને આંહીજ દફનાવ.

દુર્ગા૦—(લાલ નેત્ર કરી પોકારીને) અરે ઉડતા સાપ! તારી માની કુખમાં તું ગર્ભ રહ્યો ત્યારે પુરે મહીને નીર્વીઘ્ન છુટા છેડા થવાને બદલે અધુરે મહીને કસવાવડ કેમ ન થઇ! અરે કામાંધ ધન્ય છે તારી ફઇને! ચાંડાળ હું ઉપાયહીન અબળાનું કૌમાર્ય વૃત્ત તોડવાની બળાત્કારથી કોશીશ કરતાં મારી અંદરથી નીકળતી જ્વાળા તને ભસ્મ કેમ નથી કરતી.

કા૦—બસ ગાળી પતરાજી કરવી જવા દે તારાં મેંણાંને ગાળ વટીક ધીરજથી અને દ્રઢતાથી મેં અત્યારસુધી મુંગે મોઢે સહન કર્યાં. જેમ જેમ હું તારી સાથ વધારે નરમાશથી વરતતો ગયો તેમ તેમ તું મારી

ભણી સમ્મત થતી ગઇ. છેલી ક્ષણે તું મરજી શરણ થઇશ એમ આશા હતી પણ તેને બદલે મારી માગણીનો અનાદર કરીને મારાપર ભાંડણાનો વરસાદ વરસાવી તેં મને એટલા તો કોપાયમાન કર્યો છે. કે મારા મીજાજની લગામ મારા કબજામાંથી છુટી જવાનું કરે છે કોઇ આવા એકાંત મકાનમાં હું ને તું બેજ હોઇએ તો હું તને ચાંચડની માફક ચોળી નાખવા સમર્થ છઊં તો પછી અબુજ અબળા દરીયાફ કર કે મારા પોતાના મકાનમાં આટલા બધા સહાયકારીઓ સાથે હું કેવા વધારે બળીષ્ટ છું તારી નબળાઈ તરફ મને દયા આવવાથી હું તારી ગાળો હસી કાઢતો હતો તેમ તેમ તું ઓર ચઢતી ગઈ હવે જો વીલંબ કરીશ તો મારૂં ખરૂં સ્વરૂપ પ્રકાશવા મને જરૂર પડશે. તારે નોંધી રાખવું કે તારે ઉકળતે મને પણ હું મારી ધારણા પુર્ણ કરીશ માટે પ્રસન્ન મુખથી પુરાભાવથી અને કળા ચાતુરીથી મારી સંગે ક્રીડા કર.

દુર્ગા૦—અઘોર પાતકી રાક્ષસ! તારૂં જેટલું સામર્થ હોય તેટલું સઘળું મારીપર વાપરવા હું તને પરવાનગી આપુ છઊં. તારાં બધાં સાધનોને કામે લગાડ, તારા સઘળા સહાયકારીઓને તારી મદદે બોલાવ, ને આખરે મારો પ્રાણ લે; પરંતું જ્યાં સુધી આ ખોળીઆમાં જીવાત્મા છે ત્યાં સુધી કોઇનો પણ મારૂં શીળવૃત તોડવા મગદુર નથી. આ શરીરની મને દરકાર નથી. કુતરા, પણ મારા જાનના જોખમ સાથે હું તને વગર ઇજાએ જવા દેનાર નથી ચાલ ઉતર મેદાનમાં ને આ હાથનો રસ ચાખ તારે જાણવું જોઇએ કે જીવવાની આશા ઓશીકે મુકી મરણના રણ ક્ષેત્રમાં ઉતરી પડનાર માણસ ગમે તેવું દુર્બળ અને કૌવતહીન હોય તોપણ ઘણી વખતે મહા સબળ નરની લડથડતી લોથ મેદાનમાં મુક્યાના દાખલા અગણીત છે.

કા૦—જાવાદે તારી સીપાઈ મરદોના ઝપાટા તેં જોયા નથી. ઘડીને છઠે ભાગે પકડી જેવી સહેલાઇથી ઘણુતેરો છોકરાં ભમુરડા ફેરવે છે તેવી સહેલાઇથી તારો ચોટલો ઝાલી ફેરવું. પણ તેટલે દરજ્જે વાત પહોંચે તેની પહેલાં હું ફરી ફરીને કહુંછું કે જક્કી સ્ત્રી શરણ થા.

દુર્ગા૦—મર્યાદહીન મદોન્મત! ફરીથી આવી નીચ દરખાસ્ત

મારી રૂબરૂ કરીશ તો હું તને હાર પુરો કરીશ.

(ફતેઝોવાળી છુટા કેશ કરી લડવાને તૈયાર થાયછે)

કા૦—તું તૈયાર થઇછે અને હું વગર તૈયારીએ છઊં પણ જોઇ લે આ ભાયડાના ઝપાટા પેહેલી ચોટે પકડી લઊં.

દુર્ગા૦—(હિંમતથી) તારો ભાર શું છે નીચ! (કામાંધદાસ રોસમાં આવી દુર્ગાપર દોડેછે ને પહેલે સપાટે પાડી તેની છાતી પર ચડી બેસે છે)

કા૦—લે જો તું મને પુરો કરવા તત્પર થઈ હતી હવે તને પુરી કરતા મને કેટલી વાર લાગે પણ હું દયાળુછું અબળા ઉપર આ હાથ કોઈ દિવસ ઉપાડવાના નથી હજુ પણ તારો જીવ બચાવવા મારો વિચાર છે તું મને આધીન થા એટલે સઘળું પતી રેહે તું જોછ કે હવે તારા ધાર્યા પ્રમાણે કરવામાં તું નીરૂપાયછે તારે માટે ફક્ત બેજ ઇલાજ ખુલા છે અને તે એકે કાંતો મારી ઇચ્છા તૃપ્ત કરવી ને કાંતો મોતને શરણ થવું; પરંતુ અવિચારી અભુજ જો ક્ષણભર એમ ખુલવાની શરમને સારૂ આ દુર્લભ દેહ કુરબાન કરવા પસંદ કરતી હો તો જ મારે એમ કહેવું જોઇએ કે અક્કલનો તારામાં છાંટો નથી.

દુર્ગા૦—(નીચે પડી પડી) સબાશ છે તારી મહત્વતાને; મારો ખરો ઇરાદો તો તમારી મરજી શરણ થવાનો હતો. તમારેજ વીચારવાનું છે કે રસક્રીડાના સુખનો અનુભવ માત્ર તમે એકલાજ લેવાના નથી એ સુખથી જેટલું તમારૂં મન પ્રફુલીત થાય તે કરતાં કાંઈ ઓછે દરજ્જે મારૂં મન પ્રફુલીત થાય નહિ; પરંતુ જીદ કરવાનાં મને કારણ હતાં તે એકે પુરૂષના કાલાવાલાનો તીરસ્કાર કરી જે તેને વધારે રગાવે તે વધારે કુળવાન કેહેવાય. જે તરત શરણ થાય તે હલકા કુળની. એવાજ વીચારથી મેં અત્યાર સુધી તમને ભમાવ્યા. પણ ધન્ય છે તમારી ધીરજને; ને ધન્ય છે તમારા દયાળુ મનને. છેલી ક્ષણ સુધી પણ તમે રાતા તાતા થયા નહિ. છેલી ક્ષણ સુધી પણ તમે સખત ભાષા વાપરી નહિ. તાણ ખેંચ કરવાનું બીજું કારણ એકે અગીઆરથી સોળ વર્ષ સુધી મેં કૌમાર્ય વ્રત લીધુંછે તે વ્રત સમ્પુર્ણ થવામા માત્ર ત્રણજ દિવસનો વીલંબ છે તે પુરા થતા સુધી પર પુરૂષનો હું સ્પર્શ નહિ કરૂં આખું જીવતર હારી બેસું. માટે આપને નમ્રતા પુર્વક અને આજીજી સાથ

વીનંતી કરૂં છું કે ફક્ત ત્રણ દિવસ પછીજ આપે પધારવું. હું પણ સઘળી સામગ્રી ત્યારે તૈયાર રખાવીશ. આપે પણ આપના ઉપલા વીલાસ ભુવનમાં જોઇતી ચીજોનો ખુટો પુરો પડાવવો. દંપતીને રહેવામાટે આ કરતાં વધારે સગવડતાવાળા મકાનો મેં હજુ જોયાં નથી!

કા૦—વૃત ભંગ કરવામાં પાપછે ખરૂં પણ જો તે લાંબી મુદતે પુરૂં થવાનું હોતતો અત્યારે તે તોડતાં હું આંચકો ખાત નહિ. પણ સારાં ભાગ્યે તે પુરૂં થવામાં ત્રણદિવસ બાકી છે તે હમણાં તોડું તો ઇશ્વરનો મારાપર કોપ થાય એટલુંજ નહિ પણ મારી રંગીલી રમા તારૂં પણ મન કચવાય.ત્રણ દિવસે કાંઈ બાટુંનાણું થતું નથી વળી પણ તું મારા કબજામાંછે.

દુર્ગા૦—અરે! એ શું બોલોછો? તમને પણ બહુ સંકલ્પવિકલ્પ થયા કરે છે હું પ્રતિજ્ઞા કરૂંછું કે આપણા નિમિત્ત વખત સુધીમાં હું આ મકાન નહિ છોડું.

કા૦—તમે પ્રતિજ્ઞા કરો કે ન કરો પણ હું કેમ કાચું રાખીશ પાકો જાપતો કરી આહીંથી ખસીશ—સીપાઈ—સીપાઈ.

(પડદા પાછળ શબ્દ થાયછે) હાજર થાઉંછું, મેહેરબાન (આવેછે) શું ફરમાવો છો સાહેબ.

કા૦—આ સ્રીને આપણી ઉપરની મેડીમાં પુરી દાદરે તાળું આપજો એની કુંચી મને પહોંચતી કરી જ્યારે જ્યારે તેની જરૂર પડે ત્યારે ત્યારે મારી પાસેથી મંગાવી લેજો.

સી૦—જેવો આપનો હુકમ.

દુર્ગા—(ગુપ્ત રહીને) આપની જ્યારે હવે મેં લજા છાંડી ત્યારે મારી લાગણીઓ પણ આપનાથી શા કારણ માટે છુપાવવી જોઇએ આપનાથી જુદી પડતાં બહુ મને ખેદ થાય છે પરંતુ જે વૃત મેં લગભગ પાંચ વર્ષ સુધી પાળ્યું તે ત્રણ દિવસની નજીવી મુદત સારૂ શામાટે તોડવું જોઇએ? અને આપ સમજુ હોવાથી તે નહિ ભાગવાનું દુરસ્ત વીચાર્યું તે ઘણા ડહાપણનું કામ કર્યું છે.પણ આપે આંહી દર્શાતુરને દરશન આપી તેના કોડ પુરા કરવાનો વખત કાંઇ મુકરર કર્યો?

કા૦—મારી રંગીલી રમા આજથી ચોથે દિવસે બપોર પછી સાંજના છ બજે હું આંહી આવી અગીઆર બજા સુધી આપણે પરસ્પર સુખનો અનુભવ લઇશું એ ભોગવવા માટે આ મકાન કરતાં વધારે ભવ્ય મકાન અને વધારે સુગુણી, વધારે સુરૂપવાન સ્ત્રી મને હું હજારો વર્ષ સુધી જીવત તોપણ મળવાં મુસ્કેલ હતાં પણ હવે વખત મોડો થતો જાય છે માટે ઘણી નાખુશી સાથ તારાથી હું જુદો પડીશ.
(ઉપરની મેડીપર પુરી તાળું મારે છે કુંચી શોપાઈ પાસેથી પોતે લઇ ચાલતો થાય છે).

પ્રવેશ ૫ મો.

સ્થળ—શયનગૃહ.

મારા સંકષ્ટની હવે અવધી આવી. મારા દુખનો સરવાળો સંપૂર્ણ થયો. મારી જીંદગીના દહાડા પુરા થયા. આ ભ્રષ્ટ અને ફાંસીખોર દુનિઆ છોડી સ્પર્ધા વગરના લોકમાં જવાની હવે હું તૈયારી કરૂં ! હે સર્વજ્ઞ પીતા ઇશ્વર આ છેલી ક્ષણમાં પ્રસન્ન મનથી અને ભાવથી તારા સદા પવીત્ર ચરણમાં મારો આત્મા અર્પણ કરૂં છું. તેને તું કબુલ રાખજે. રાત્રીના અઘોર અંધારાંમાં તેમજ સુર્યના ઝગ ઝગતા પ્રકાશમાં મહા ગુપ્ત જગામાં તેમજ ખુલા ચોકમાં જે જે બનાવો બને છે તેના એક સરખી રીતે જાણનાર જગતના તારનાર પીતા, અજાણ પણાથી અને જાણી જોઇને, નીંદ્રામાં અથવા જાગૃતા અવસ્થામાં, મ જાતે અથવા કોઇની મારફતે જે જે ભુલો જે જે પાપો કીધાં હોય તે માફ કરજે. નીરઅપરાધી બચપણમાં કરેલાં પાપની હું જુમેદાર નથી પરંતુ જ્યારથી પાપ અપાપ, સત્ય અસત્ય ઓળખવા માંડી ત્યારથી કરેલા કૃત્યોમાંથી જે પાપ ભરેલું હોય તે માફ કરજે: કોઇની ઉસ્કેરણીથી, બદ સલાહથી પરાહીત અથવા સ્વહીત બુધીથી કરેલાં પાપ જગત પીતા તું માફ કરજે. પુન્ય જાણી જે કરયું હોય તે કદાચ પાપ હોય તો તે પણ તું માફ કરજે.

વખત તારી બળહારી છે અંતરયામી તારી કૃતી અકળ છે અહા

જોને કઇ જગોપર અને કેવી સ્થીતીમાં હું એક વખત જન્મ પામી હતી અને કઈ જગોપર કેવી સ્થીતીમાં મારૂં મુડદું રઝળવાનું. તોપણ મને સંતોષ છે. એ દુરાચારી અંધ જેણે મારે માથે આટલા બધા રોળ પાડ્યા તેની સમક્ષ મરી જવાથી મારા જીવને અસદગતી થાત તેને બદલે સ્વસ્થ ચીતથી સર્વજ્ઞ ઇશ્વર પાસે પાપની ક્ષમા માગી પ્રાણ તજીશ એ વધારે સુખદાયક છે એ ચંડાળ જેના નામનો ઉચ્ચાર જો આ વખત કરૂં તો નર્કાધીકારી થાઉં તેણે મારા ઉપર જે શતમવાપરવાની કરી છે તેનું પરીણામ જો કે મારૂં મૃત્યુ થાય છે તોપણ તેને બચાવવાને, હે ઇશ્વર, હું તારી પાસે આતુર દીલથી આરાધના કરૂં છું. હે પીતા ! પોતાની પીડામાંથી પરવારી તારી ભકતી કરવાની જો કે મેં તક લીધી નથી તોપણ એટલું તો છાતી ઠોકીને કહુ છું કે બનતાં સુધી અનીતિનાં કૃત્યોથી અલગ રહી છું માટે નરક નિવાસી તો થવાનીજ નથી તોપણ મારાં કૃત્યો દયાથી અને બીન સખતીથી વીચારવા આજીજી કરૂં છું. ભવના ભરદરીયામાં લાખો પુરૂષોનાં વહાણ બીન હરકતે વગર તોફાને એક કીનારેથી બીજે કીનારે મુસાફરી કરે છે પરંતુ હું ભાગ્યહીણ અબળાનું વાહાણ જ્યારથી સફર કરવા નીકળ્યું ત્યારથી કોઈ દિવસ કલ્પેલા નહિ એવા ખરાબા સાથે અથડાયા પછી આખરે ભાંગી જવાની તૈયારીમાં છે. હે લજ્યા, હે શીળવૃત તું પ્રાણથી પ્યારૂં માબાપથી વહાલું દુનીયાં પર સઘળી ચીજો કરતાં દુર્લભ તારા બચાવમાં આ દેહ જાતી કરૂં છું.

હવે ત્યારે વીલંબ કેમ કરૂં છું. અવસાન સામગ્રીમાંથી આંહી મને શું મળવાનું હતું ? તોપણ હાં—આ અધમ પાતકીના હાથનો આ દેહને સ્પર્શ થવાથી તે અપવીત્ર થયેલું છે માટે અસદગતી થવાં મને બીક લાગે છે. તેટલા સારૂ આવતી સવારમાં જ્યારે મને નીચે ઉતારે ત્યારે દેહ શુદ્ધી કરી પાછી આવીને મારો મનોર્થ હું સિદ્ધ કરૂં. અરે આવી મારી અવસ્થા જોઇને વજ્રમય છાતીના માણસનું પણ હૃદય ન ફાટી જાય ? ફાંસીની સીક્ષા સંભળાવ્યા બાદ તે અમલમાં લાવવનો વીલંબ કર્યાની બરોબર આ વીલંબ છે. આંહી પડેલી ચીજોમાંથી કોઈ

મારૂં સાર્થક કરનારી છે? એક વખત મહાવીપત્તીના વખતમાં જે દ્વાત કલમ અને કાગળ મને ઉપયોગનાં થઈ પડ્યાં હતાં તે આંહી મારી શું ગરજ સારવાનાં? પણ હા,—મારી જીંદગી બચાવવાની ઉપાય મને સુજે છે પરંતુ એ તો—પવનમાં મહેલો ચણવા બરોબર છે. તોપણ અજમાયશ કરવા ચુકવું નહિ. વીલંબ કરવાનો નથી (દ્વાત, કલમ, કાગળ લઈ લખવા બેસે છે.)

શેહેર ફોજદાર સાહેબ.

સત્યના હીમાયતી, અસત્યના વૈરી

પારધીની જાળમાં પકડાએલ શીકારને છોડવવાને તારો ન્યાયીક હાથ પ્રસર. સીંહની જાળમાં ફસાએલ હરણને બંધન મુક્ત કરાવવા મારી વારે તું ધસી આવ (પરંતુ શબ્દોની ખામીને લીધે હું લખવામાં ભુલ કરૂં છઉં) હરણને તો માત્ર જીવ ખોવાનીજ ધાસ્તી હોય છે પરંતુ આ તો દેહથી દુર્લભ સર્વથી પ્યારા શીળવૃતનો ભંગ થવાની તૈયારીમાં છે હું ઉપાય હીન અબળાની એવ ખોવારીની અણી ઉપર છે મને છુટકારો આપવા વેળાસર નહિ પોંચાય તો ખચીત માનજો કે આલમની સપાટીપર શેતરંજ ખેલનાર બાજીગરમાંથી મારૂં નામ બાતલ થવાનું. પાંખ નીચે આવી રેહેલ પક્ષુપર પ્રાણ ઘાતક ઘા પડે છે. કાંઈ બાડ બાઉ કુટણાદાસ નામના અધમ પાતકીએ મને ભોળવીને શેહેરની પસ્ચિમ બાજુએ બહારના ભાગમાં મહા ભવ્ય મકાનમાં ઉતારો આપી મારો ભોગ તેના છકેલ કુચ્છંદી મીત્ર કામાંધદાસને આપવાનો પ્રપંચ રચ્યો છે હળાહળ વિશ્વાસ ઘાત! (કુટણાદાસ) તારો છુટકો ક્યાં થવાનો? ત્રાસ દાયક અને કમ કમાટ ઉપજાવનાર બળાત્કાર સંજોગનો ગુન્હો બનવાની તૈયારીમાં છે. સ્વદેશથી, સગાં વહાલાંથી, વિસ્વાસવાળાં માણસોથી જુદી પડેલ હું અનાથ અબળા છઉં. આજીજી અને કાલાંવાલાં કરી એ ઉન્મત અંધને ફરેબમાં નાંખી આજથી ચોથા દિવસની સાંજના છ બજાની મુદત ઠેરવી છે. જો તું હિંદુ હોતો ખાટકી વાડેથી આવી ગાય મુકાવવાની આ સોનાની તક તને પેહેલ વેહેલીજ મળતી હશે તે તું જવા દઈશ નહિ. મુસલમાન હો તો ખુદાની ખાતર મારો છુટકો કર. આજ

કોઇ ભુલી જવાય એવું આ કૃત્ય નથી વર્ષો પર્યંત આની યાદગીરી મનુષ્ય મગજમાંથી જવાની નથી, વર્ષો પર્યંત આ કાળા કુકર્મનો નાટ્ય ભુમીપર ચીતાર આપવામાં આવશે. જેટલી વખત એ વીષય અંધના પાસમાં હું ફસાઇશ તેટલીજ વખત તું મને બંધન મુક્ત કરાવનાર કહેવાશે. જો કે દુનીયાથી હું તજાએલી છું તોપણ ખરી મુક્તી આપનાર હું તને ગણું છઉં. આવા અડાકડીને વખતે ચીઠી લખી છુટકારો મેળવવાની ધારણા કરવી એ ડુબતાં માણસ તણખલાં પકડે તેની બરોબર છે તોપણ આશા અમર છે જ્યારે કંઠ પ્રાણ આવે છે ત્યારે દુરમાં તેમને જીવવાનું ચળકતું કીરણ બતાવે છે. અશક્ય કૃત્યો દૈવી ચમત્કારથી ઘણી વખત શક્ય થઇ પડે છે ઇશ્વિર પ્રેરણાથી નહિ ધારેલા ઉપાયો સુજી આવી આખરે તે સફળ થાય છે. કાગળની સપાટીનો છેડો આવ્યો અને જો તારાથી નહિ પોહોચાય તો મારી જીંદગાનીનો પણ (છેડો આવ્યો સમજજે)—માટે તારી આબાદી તથા સલામતી ઇચ્છી બંધ કરૂં છઉં.

આ કાગળ તો લખીને તૈયાર કર્યો પરંતુ મુશીબત માત્ર તે પહોંચતો કરવાનીછે ઇશ્વિરના ઘરથી મને પાંખો મળી હોત, પવનને મારે માટે હાથ પગવાળો તથા આજ્ઞાંકીત કર્યો હોત અથવા કાંતો બીજાના મનમાં ગમે તેટલે દુરથી પ્રેરણા કરવાની શક્તી આપી હોત તો આ વખત તે મને કેવાં ઉપયોગી થાત. એની સહાયતાથી હું ફોજદાર સાહેબના મકાન પર કુદી જાત અને એ નીચ કુકર્મીને યોગ્ય નશીઅત પહોંચડાવત પરંતુ જો એમ હોત તો આટલે દરજે વાત પહોંચાડવાની મને શું જરૂર હતી? જ્યારથી એનો ઘાતકી ઇરાદો મારા જોવામાં આવ્યો ત્યારથી હું ઉડીને મારે રસ્તે ચાલતી થાત. પરંતુ આ નકામાં તુરંગો છે ગમે તેમ કરી આ સંદેશો પહોંચે તો મારૂં કામ થાય. મારી ત્રણે બાજુએ બગીચો છે માત્ર એકજ બાજુ ખુલીછે પણ એતો એ અંધના એરખાહી નોકરોથી સચવાએલી છે માટે એ બાજુએથી છુટકારાની આશા કરવી ફોકટછે. પરવર દીગારનો ઇરાદો આ કાળાગૃહમાંથી મને મુક્ત કરાવવાનો હશે તો માત્ર તે આ બગીચાની બાજુએથી

થવાનો. (એક અટારીમાં જઈને ઉભો રહેછે) વહેલાં મોડાં આંહી કોઈ નીક-ળવાનું તેને હું ચીઠી પહોંચાડી દેવા પ્રાર્થના કરીશ તેનો કદાચ તે ઉલટો ઉપયોગ કરી કામાંધને વાત ઝાહેર કરશે તોપણ હું કશી દરકાર કરતી નથી આ ચીઠીથી કાંતો છુટકારો મેળવવો અને કાંતો આ કાયા-નો ભોગ આપવો.

(માળી ઉપર દ્રષ્ટી પડતાં તેને બોલાવી હાથની નીશાનીથી આ-ગળ આવવા સુચના આપેછે માળી તેના રૂપથી ચકીત થઈ કાંઈપણ ઉત્તર નહીં આપતાં તેણીનાં મોં સામી દ્રષ્ટી રાખી ઉભો રહેછે પરંતુ દુર્ગા ફરીથી તેને જોરવાળી હાથની નીશાનીથી આગળ આવવા બોહો-શ કરેછે ત્યારે ઉતાવળે કદમે તે અટારી નીચે આવીને ઘણીજ નરમા-શથી નમંન કરેછે.)

માળીઃ—આ દાસને શી આજ્ઞાછે બાઈ સાહેબ ?

દુર્ગા૦—(મનમાં) કપટનો આ સમયછે માટે જો ભોળપણથી આ માણસ પાસે મારી મુશીબતની વાત કહી આપીશ, તેના કરતાં પણ વ-ધારે દુઃખ દાયક સ્થીતીમાંછું એમ જો જાહેર કરીશ અને પછી મારો પેગામ લઈ જવા વીનંતી કરીશ તો મને ધાસ્તી રેહેછે કે વખતે કા-માંધદાસનો વહાલો થવાને મારી સાથે વીશ્વાસ ઘાતકી થાય; પરંતુ જો હું જુદાજ પ્રકારનો પ્રપંચ રચો કામાંધદાસના નામનોજ સંદેશો આપું તો એ વાતની હવા બહાર નહીં ફેલાતાં માત્ર હું અને ફોજદાર સાહે-બજ જાણશું. વળી જે જોખમમાં એ અંધને તથા આ માળીને હું ઉતારવા ચાહુંછું તે વાંધે જ્યારે તે સાંભળશે ત્યારે ત્રાસ થઈ તે પાછો હડવાનો ત્યાર પછી મારાં હજારો કાલાવાલાથી પણ તે સંદેશો પહોંચા-ડવાનો નહિ. (ખુલ્લા રાતે) તું કોણછે, મનુષ્યજન ?

માળીઃ—વાટીકા રક્ષક બાઈ સાહેબ.

દુર્ગા૦—વારૂ જેની મને જરૂર હતી તેજ મળ્યો તારી ગેરહાજ-રીમાં આ ગામના ફોજદાર સાહેબ આ બગીચાની મુલાકાત લેવા આવેલ. વૃક્ષ રચનાથી, કેટલાએક પુષ્પ મંડપોથી, તથા ઠાર ઠાર બગી-ચાની સમાન્તર ગલીઓથી એટલા તો ખુશ થઈ ગયા કે આ બગીચો

ઉછેરનારને પોતાની પાસ હાજર કરવા ઇચ્છા જણાવી. પરંતુ તારો કમ નશીબે તું મળ્યો નહિ ફોજદાર સાહેબ પણ રાજ્યના બગીચામાં આને મળતો કેટલોક સુધારો કરાવવાની ખાયેશ રાખેછે માટે જતી વખતે કામાંધદાસભાઇને તું આવે ત્યારે ચીઠી સાથે મોકલવા ફરમાવતા ગયા છે આ ઉપરથી કામાંધદાસભાઈ આ ચીઠી સાથે ફોજદાર સાહેબને ત્યાં જવાનું તને કહેવાને મને આજ્ઞા કરતા ગયાછે.

માળીઃ—એક શ્વાસે દોડચોજ જવાનો કુલીન બાઈ અખંડ કલ્યાણ અવીચળ રહો ઇશ્વર તમારૂં ભલું કરો.

દુર્ગા૦—વધારે એમ હુકમ કરી ગયાછે કે ફોજદાર વગર બીજા કોઇના હાથમાં આ ચીઠી આપવી નહિ.

માળીઃ—બહુ સારૂં બાઈ સાહેબ.

(દુર્ગા ચીઠા આપેછે માળી લઇ ચાલતો થાયછે.)

દુર્ગા૦—(માળી ગયા પછી.) હવે મને હીંમત આવેછે. શીળવૃત,તારા બચાવ સારૂ જે કુમક મગાવી છે તે સોવસા આવી પહોંચવાની અને આખરે તુ જય પામવાનું બીચારો નીર અપરાધી માળી ત્યાં પહોંચશે કે તરત કાચી કેદમાં દાખલ થવાનો નીચ કુકર્મી કુડણાદાસની પણ એજ વલે થવાની પરંતુ આ બધું એવું તો ગુપ્ત રીતે થવાનું કે તેમના ઘરના માણસને પણ થોડો વખત સુધી તો ખબર નહિ પડે કે તેઓ ક્યાં ગયા.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—દીવાનખાનું.

(દુર્ગા પ્રવેશ કરેછે.)

દુર્ગા૦—મને સ્થળાંતરક ફરમાવ્યું તેનું કારણ એટલુંજ કે આ સઘળી સામગ્રીને તથા સરશામાનને ફેરવીને ઉપરના મકાનમાં ગોઠવવાં પડે તેથી બહુ તકલીફ પહોંચે. આભવ્ય મકાનની તો અવધીછે પરંતુ જે મકાન અગાઉ મારી વીપત્તીને વીસામો આપનાર મારી બળતરાને બુ-

જીવનાર હું ગણતી હતી તે હાલ મારા જીવને બળાપો કરાવનારૂં મને રૂવાડે રૂવાડે અગ્ની ઉત્પન્ન કરનારૂં અને આખર મારા પ્રાણ લેનારૂં થઈ પડયું છે. અહો લક્ષ્મી! તારો શો ચમત્કાર છે! ન્યાય જે પોતાના પંઝામાંથી બીજા કોઈને છોડતો નથી તે તારા સેવક (લક્ષ્મીપતી) ને, વસીલદારને અને સગાં સંબંધીને જોઈને ઘણી વખત પોતાનું મોં સંતાડેછે. અહો લક્ષ્મી! તારો સેવક અક્કલનો દુશ્મન હોય તો પણ દુનીયાને તે નમાવેછે. તારો સેવક વીદ્યાહીણ હોય તોપણ ખુશામતી અને ગરજુડી દુનીઆ તેને વિદ્વાન બનાવેછે. તારો મહીમા હું શું કહું મારા પર સીતમ ગુજારનાર જો કોઈ અપ્રસિદ્ધ માણસનું ફરજંદ હોત તો તેને ક્યારનો પકડી કેદખાનામાં ઠોકી દીધો હોત પરંતુ કામાંધને દુ-ખ મનાવી, તેને પીડા કરી હું આશા રહીત અબળાને ફોજદાર સાહેબ શું કામ છુટકારો આપે? હવે આ જીંદગાનીનો હાથે કરીને અંત આણવા વગર બીજો કશો ઉપાય ખુલો નથી પહેલાં જે પ્રમાણે એક બે વખત કોશીશ કર્યા પછી દેહ વાહાલી લાગવાથી તેમાં પ્રાણાત્માને રહેવા દીધો તેવો આ સમય નથી. પાણાધીક પ્રીયશીળવ્રત—

(સ્ત્રી સ્વરૂપે એક ભરજુવાન પુરૂષ પ્રવેશ કરેછે દુર્ગા ચોંકીને ઉભી થાયછે.)

સ્ત્રી વેષે પુરૂષ૦—ડરશો નહિ સુગુણી સ્ત્રી તમારી સહાયતાની અર્થે સ્વર્ગમાંથી ઉતરેલો હું ફેરીસ્તોછું. તમારા શરીરની ધ્રુજારી ધીમી પાડો, તમારી સુરત ભય મુક્ત કરો, ઉકળેલા તેલની માફક બળતા તમારા મનને મારી હાજરી રૂપી મલમ લગાવી ઠંડક આપો.

દુર્ગા૦—એ તમારાં વચનપર મને ઇતબર બેસતો નથી સબબ ફેરીસ્તા હમેશાં પુરૂષના લેબાષમાં હોય અને તમે તો સ્ત્રી જાતીછો. તમારી કાંતી અલબત આંખને ઝંખવાણી કરી નાખેછે તો પણ તમે ફેરીસ્તા તો નથીજ. તમે સ્વર્ગ નીવાસીછો એ વાત હું કબુલ રાખુછું કારણ કે મૃત્યુ લોકના માનવીમાં હાવી ખુબ સુરતી કવચીતજ જોવામાં આવેછે. તમે ફેરીસ્તા નહિ પણ અપ્સરાછો પણ તમે તો બળતામાં ઘી હોમવા આવ્યા તમે મને નીરઉપયોગી છો તમને જોઈને તો એ મદ છકેલો ઓર બહેકવાનો.

સ્ત્રી વેષે પુરૂષ૦—શાંત થા કુલીન સ્ત્રી ! તારો છુટકારો નજદીક આવ્યોછે.

દુર્ગા૦—કેવી રીતે ? મારા આત્માને આ દેહ તજાવીને ? તોપણ હું ખુશીછું. મારો હાથ મારી કાયા ઉપર ઉપડતો નથી.

સ્ત્રી વેષે પુરૂષ૦—ધૈર્ય પકડ હું કહુંછું કે કામાંધદાસના ઘાતકી પંજામાંથી તને જીવતી છોડાવવા હું આંહી આવ્યોછું.

દુર્ગા૦—(જરા હોંમત લાવીને) આપ શેહેર ફોજદાર સાહેબ તો હોજ નહિ ?

સ્ત્રી વેષે પુરૂષ૦—તમારા વીચારમાં કેમ આવેછે ?

દુર્ગા૦—હું એવી સુભાગી હોઊં એમ હું ધારતી નથી.

સ્ત્રી વેષે પુરૂષ૦—મનને નીવૃતી આપો હું પોતેજ શેહેર ફોજદાર છઊં.

દુર્ગા૦—(હર્ષમાં આવીને.) આજ શો આનંદનો દિવસ, પ્રાણદાતા, હર્ષના આવેશમાં મારે ઓંતેરે કાંઠે આ વખત દીવા થયાછે. આજ મારે શો સોનાનો સુર્ય ઉગ્યો. ધન્ય છે તમારી પરોપકારી બુધીને મારે માટે તમારે વેષ બદલ કરવો પડ્યો. કાંઈ વીઘ્ન આવવાથી જો રોકાઈ ગયા હોત તો આ પ્રાણ ઉગરવાની આશા નહોતી. પરંતુ કીરતારની મરજી, હજુ કોણ જાણે કેટલા ખેલ ખેલાવ્યા પછી, કોણ જાણે કેટલા રોળ પાડ્યા પછી આ જીંદગીનો છેડો આણવાની છે. મરણ મને વારંવાર દુરમાં દર્શન આપેછે પરંતુ નશીબમાં ચોટેલાં દુઃખો મેં હજી પુરાં ભોગવ્યાં નથી એમ ધર્મ રાજને માલુમ પડવાથી ફરી ફરીને તે મૃત્યુ દુતને પાછો બોલાવી લેછે. ધર્મના બેલી, ઇશ્વર આપની સદા ચડતીકળા રાખે, લાંબું આયુષ્ય ભોગવો, ધન્ય ધાન્ય પુત્ર પરીવારે ત્રીલોકીનાથ આપને સદા સુખી રાખે.

ફોજદાર૦—મારી ફરજ અદા કરવા ઉપરાંત મેં કાંઈ વધારે કર્યું નથી, તેમ છતાં પણ મારો ઉપકાર માનવાને આપને પછીથી સંપુર્ણ અવકાશ મળશે. મારે આપને કેટલીક સુચના આપવાનીછે તે સાંભળી લીઓ કામાંધદાસને આંહી આવવાની દેરછે પરંતુ તમારે કેમ વર્તવું તે

બાબતની પ્રથમથી સુચના ન આપી હોય તો તે એકાએક ઓચીંતો આવી જવાથી આપણી મતલબ બર આવે નહિ માટે એકાગ્ર ચીત્તે સાંભળી લીઓ તે જ્યારે નીચે દાખલ થશે ત્યારે પેલા કોચ નીચે અં-ધારામાં હું સંતાઈ બેસીશ. અંધારૂં કરવા માટે આપણે સઘળાં બારીબા-રણાં બંધ રાખવાં. તમારે તેનાથી દુર રહેવું ને જ્યારે તે નજદીક આવી તમારા શરીરને અટકવાનું કરે ત્યારે તમારે તેનો વગર બીકે ખુલ્લો તી-રસ્કાર કરવો ને લાગપડે તો લાત મારવી. આ ઉપરથી તે મદાંધ વધારે છકીને તમારા પર હુમલો કરે તેવી તમારે સહાયતા માટે બુમો પાડવી એટલે હું આ કોચ નીચેથી તથા મારા સીપાઈઓ નીચેથી આવી એ ચંડાળને પકડવાના.

દુર્ગા૦—પરંતુ ફોજદાર સાહેબ તેને લાત મારવાથી હું પોતે તો ગુનાહમાં નહિ સપડાઊં કે ?

ફોજ૦—નહિ નહિ આવા મહાન અપરાધમાં કાયદાએ ખાનગી બચાવના હક આપેલા છે. તમારાપર આવો દુષ્ટ હુમલો થતાં તેમાંથી બચવાને બીજું કોઈ સાધન ન હોય ને તમે તેને ઠાર પુરો કરો તોપણ તમે તકસીર રહીત છો.

દુર્ગા૦—ત્યારે તો ઠીક—હું ધારતી નથી કે હવે આપને કાંઈ વધારે સુચના આપવાની છે. એક બારી ખુલી રાખી બાકીના સઘળાં બારી બારણાં હમણાંજ બંધ કરવામાં આપને કાંઇ હરકત છે ?

ફોજ૦—ના, કાંઈ નહિ (બારી એક ખુલી રાખી બાકીની બંધ કરે છે)

દુર્ગા૦—મારે એક પ્રશ્ન આપને પુછવાનો છે કે મારો સંદેસો લાવનાર માળીની આપે શી વલે કરી !

ફોજ૦—આપની પત્રીકા વાંચીને તરત જુબાની લઇ પોલીસને સ્વાધીન કરી દીધો છે ને તેનાપર એવો તો પકો જાપતો રાખ્યો છે કે તેના પેહેરેગીર વગર બીજા કોઇનું મોઢું જોવા તે ભાગ્યેજ પામે. આમ કરવાની મતલબ એટલીજ કે તેના કેદની કામાંધકે કુટણાદાસને ખ-બર પડે તો શીક્ષાના પંજામાંથી સળકી જવાના તેઓ હજારો ઉપાય લે.

દુર્ગા૦—ધન્ય છે તમારા ડહાપણને, હું ધારતી હતી તેમજ થયું—મારે હું આપને એક બીજો પ્રશ્ન પુછવા માગું છું તે જરા અવિવેક તો છે પરંતુ બધાતનો કંટાળો વાતો કરવાથીજ દુર થાય.

ફોજ૦—જે આપને પુછવું હોય તે પુછો. હું ખુલા દીલથી અને ચાહોતો સત્ય પ્રતીજ્ઞાથી જવાબ આપીશ.

દુર્ગા૦—મારો પ્રશ્ન આટલોજ છે કે જે પ્રાણ રક્ષક પુરૂષની પરોપકારી ખુપીની હું આટલી બધી આભારી થઇ છું તે જાતે કોણ છે? તેની સંસારી સ્થીતી કેવી છે? કુટુંબ કબીલે તે કેવા સુખી છે? તેનું નીવાસ સ્થળ ક્યાં છે? એ જાણવાની હું આપશ કરૂં છું માટે આશા છે કે તે હકીકત કહી આપ મારી જીજ્ઞાસા તૃપ્ત કરશો.

ફોજ૦—આ પ્રશ્નની અંદર કાંઇ પણ તરેહનો અવીવેક હું જોતો નથી, તે દરેકના મનમાનતા ખુલાસા હું આપને આપું. જાતી માટે પુછતા હો તો સૌરાષ્ટ્ર જાતીમાં ઉંચામાં ઉંચા કુળમાં જન્મેલો હું પુરૂષ છું.

દુર્ગા૦—મારા કાનમાં કહો કઇ જાતી. (ગુપ્ત વાર્તા કરે છે)—સમજી ગઇ આપણ બંને એકજ જાતીનાં બીજા પ્રશ્નનો મેહેરબાની કરી ખુલાસો કરો.

ફોજ૦—મારી સંસારી હાલત વીશે આપ પુછતાં હો તો મારા પીતા દરવરસે દસ બાર હજાર રૂપીઆની આમદાની આપતી જાગીરના માલેક છે. તેના બીન તકરારી ફક્ત હુંજ વારસદાર છું. સબબ મારે બીજો કોઇ ભાઇ નથી. મારા પીતાએ પ્રથમ મદ્રેસામાં મને ઉંચી કેળવણી આપી. પછી ન્યાયશાસ્ત્રમાં કુશળ કર્યો છે. દસબાર હજાર રૂપીયાની જેને પેદાશ છે અને પાંચ સાત હજાર રૂપીઆનો વરો છે તેવા ગૃહસ્થને રીઆસત અને હવેલીઓ કેવી હશે તેનો આપેજ વીચાર કરજો. કેળવણી લઇ જાહેર જીંદગીમાં પડ્યાને મને છજ મહીના થયેલા છે. આ નોકરી મારા વિદ્યાનું પ્રથમજ ફળ છે.

દુર્ગા૦—અવીવેક માફ કરજો——અહીં આપને શું કરમાસો મળે છે?

ફો૦—જી, આંહી મને મહીને અઢીસો રૂ૦ આપે છે. આથી મારૂં મન સંતુષ્ટ થયું નથી માટે ન્યાય ખાતાની ઉંચામાં ઉંચી પરીક્ષામાં પસાર થઇ વધારે પગાર મેળવવો એવી મારી ઉમેદ છે. માટે હાલ હું તે બાબતની તૈઆરી કરૂં છું. આપનો ત્રીજો સવાલ હું કુટુંબ કબીલે કેવા સુખી છું તે છે તેનો પ્રતી ઉત્તર હું એટલોજ આપું છું કે હું હજીસુધી અવીવાહીત છું, ત્યારે પછી સંતતી હોયજ શેની?

દુ૦—આશ્ચર્યની વાત. ન પરણવાનું કારણ શું?

ફો૦—સ્વઇચ્છાથી હું કુંવારો રહ્યો છું. મારા પીતાએ તથા સગાં કુટુંબીઓએ સંયુક્તાગ્રહથી મને ઘણોએ સમજાવ્યો પરંતુ જે સ્ત્રીની ઉપરની કાન્તી કરતાં અંદરની કાન્તી વધારે પ્રકાશમાન હોય—મારા કહેવાની મતલબ જેની ખુબ સુરતી કરતાં ગ્નાન ચઢીઆતું હોય તેની સાથ લગ્ન ગાંઠ બાંધવાનો મેં નીશ્ચય કરેલો, જેથી તેમનું બોલવું કાન તળેથી કાઢી નાંખ્યું. અત્યાર સુધી અભ્યાસમાં મચેલો એટલે એ અભ્યાસ વીધ્નકારીની શોધ મેં કરીજ નહિ. ગયા છજ મહીના થયા એ બાબતની હું તજવીજમાં છું; પરંતુ ક્ષમા કરજો આપ સરખી સુગુણી, સુરૂપવાન, મેળવવાના પ્રયત્નમાં હું અત્યાર સુધી નિષ્ફળ થયો છું. સ્ત્રીનાં સુકુળ અને તેની સંપતીની મને દરકાર નથી. તેના સદગુણ એ મારે મન તેનું સુકુળ છે અને તેની વીવીધ વિદ્યા એ મને સંપતી છે; પરંતુ તે મારી ગ્નાતી તો હોવીજ જોઇએ. ચોથો સવાલ હું ક્યાં રહું છું તેનો ખુલાસો તો માહારા પેહેલા જવાબ ઉપરથી આપે જાણી લીધો હશે કે મારા પુર્વજોના વખતથીજ આ ગામ મારૂ વતની છે. આ સવાલના જવાબનો યથાસ્થીત ખુલાસો આપી મારા પર નાખેલી ફરજમાંથી હું મોકળો થાઉછું.

દુ૦—ત્યારે તો આપના ઉપકારનો બદલો વાળવાની મને સોનાની તક છે (મદ મદ કંઠ થઇને) હું અત્યારે વધારે કાંઇ બોલી શક્તી નથી ફક્ત એટલુંજ કે જે કાયાને આફતના આંચકામાંથી આપે બચાવી, જેને આપે જીવતદાન આપ્યું તે હું આપને સ્વાધીન કરૂં છું. અત્યારથી મારૂં સર્વસ્વ આપનુંજ છે. આ દાસીને આપે ચર્ણ સેવામાં રાખી લેવી. મારે આ દુનીઆપર અન્ય પુરૂષો પીતા બંધુ સમાન છે. મને

પ્રાણ દાન આપી આપે પ્રાણનાથ નામ ધારણ કરેલું છે એ નામ ટા- ળવાને આપ ચ્હાતા હો તો આજ્ઞા કરો એટલે હું પ્રાણ ત્યાગ કરૂં.

ફ્રો૦—રઢીઆળી રમા, ઉછાંછળાં થઈ જ્યપલાઈ પડવા જેવું આ કામ નથી. તારા ભવિષ્યના સુખ દુખની મારી સાથે અભંગ ગાંઠ બાં- ધતાં પેહેલાં તારે વીચાર પૂર્વક જોવાનું છે.

દુર્ગા૦—હું પ્રતિજ્ઞા કરી ચુકીધું. મારી બંદુકમાંથી ગોળી છુટી પડી ગઈ છે. મારા મુખમાંથી વચન નીકળી ગયું છે. થુંકેલું હવે પાછું ગળાવાનું નથી. મારે માટે આપ પુછતા હોતો એક શહસ્ત્ર વર્ષ જીવીશ તો પણ આપના કરતાં વધારે કોડીલો વધારે લેરખડો સ્વામી મને ભાગ્યેજ મળવાનો અને તમારી તરફથી જો મારી સુરત ઉપર આ- પને તીરસ્કાર હોય, મારા સદગુણ અને વિદ્યાની આપને પતીત ન હોય તો એ એક જુદી વાત છે પરંતુ હું આપને છોડવાની નથી.

ફ્રો૦—નહિ મારી નવલ ચતુર સુંદરી, અમૃત કોને કડવું લાગે? તારા જેવી વીલક્ષણ ભેટ કબુલ રાખતાં કોનું મન પ્રફુલિત ન થાય? તારા જેવો મુખનો ચંદ્ર અને તારાં જેવાં ગોળ અને પ્રમાણ વાળાં અવયવની સ્ત્રી મને ક્યાં મળવાની હતી? તમારી કાંન્તી હું પ્રત્યક્ષ જોઊંધું તે મનેજ નહિ બલકે ગમે તેવા સખ્ત પરીક્ષકને પણ સંતોષ ઉપજાવનાર છે. સ્વભાવિક રીતે અબળા એવા નબળા મનની હોયછે કે લંપટ પુરૂષની છળભેદ વાળી આજીજી અને કાલાંવાલાંથી તરત તે ફોસલાઈ જાયછે અને કોઇ જરા વધારે દૃઢ મનની હોય તો પુરૂષ તેને ડર બતાવે છે એટલે શરણ થાય છે. પરંતુ ધન્યછે તારી મરદાઈને, ધન્યછે તારી અચળ ટેકને, ધન્યછે તારા સદગુણને, કામાંધદાસના પંજામાં નહિ ફસાતાં બચવાના તેં જે ઉપાય કર્યા તેવા ઉપાયોનું આ- ખ્યાન શાસ્ત્રમાં પણ કોઇકજ ઠેકાણે વાંચવામાં આવે છે. આ તારાં શિળવૃત તથા સદાચરણની કસોટી છે. ને તારી ચીઠીનું લખાણ તથા તારૂં સુભાષીત સંભાષણ એ તારી સદવિદ્યાનો કસ આપે છે. ઈંદ્ર લોકમાં વસનારા પણ આથી શું વધારે સુખની વાંછના કરવાના હતા? આ ક્ષણથી તું મારી થઇ, અલબેલી અરધાંગના, જે પ્રમાણે અન્ય

પુરૂષો તારે ભાઈ બાપ છે, તેજ પ્રમાણે અન્ય સ્ત્રીઓ મારે મા બેન તુલ્ય છે. હું તારી સાથે વચનથી બંધાઉંછું કે આ મામલો ઉકળી ગયા પછી સહ વિધીથી અને બડા ઠાઠમાઠથી આપણે લગ્ન કરીશું. આપણા બેમાંથી જે કોઈ વચનભંગી થાય તો તેને શહસ્ત્ર બ્રહ્મહત્યાનું પાપ લાગે. પરંતુ આ પ્રમાણે તારી સાથે, કરારમાં પેશી એક લાભ જેની દેવતાઓ પણ ઇચ્છા કરે તે હું કુરબાન કરૂંછું. મારી રંગીલી પ્રિયા, તને ફાંસામાં ફસાવનાર ચંડાળને શિક્ષાએ મારા હાથથી પહોંચાડવાને મારૂં મન બહુ તલખે છે. તે હું કરત પરંતુ તે લાભમાંથી આપણી પરસ્પરની પ્રતિજ્ઞાથી હું બાતલ થયો. શબબ ન્યાયશાસ્ત્રની ખુલી કહેવતછે કેઃ—"A man can not sit as a judge in a cause in which his interest is concerned." અર્થાત જે કેસમાં જે માણસનું કાંઈ પણ હિત રહેલું હોય તેનાથી તેનો ન્યાય ચુકવાય નહિ. એ કરાર કદાપ હું આ ફેસલો થતા સુધી ગુપ્ત રાખું. પરંતુ તેમ કરવાથી હું ઇશ્વરનો મોટો અપરાધી ઠરૂં. ન્યાય તખ્ત પર બેસતાં મેં એવી મતલબના આકરા સોગન લીધેલાછે કે શક્તિની ખામીને લીધે અથવા ખોટી હકીકત જાહેર થયાના શબબથી ગેરઇન્સાફી ચુકાદો આપાયનો ફીકર નહિ; પરંતુ ઇરાદા પૂર્વક એક પક્ષકારનું હિત જાળવી રાખવા ખાતર હું જાણતો હોઉં તે ખરી હકીકતને છુપી રાખીને કાયદાની નાશી જવાની બારીઓનો લાભ ખરેખરા ગુન્હેગારને હું કદી નહિ આપું. તારી સાથ સંબંધ જોડતાં પહેલાં જે નિષ્પક્ષપાત આંખથી જોવાનો હતો તેને બદલે હિતવાળા પુરૂષ તરીકે હું તારી સાથે વરતીશ. ન્યાયાસને બેસી તને ઇનસાફ આપવાનું જે મારા મનમાં હતું, તેને બદલે સાક્ષીની પેટીમાં કુદી પડવાની મને જરૂર પડશે. બીજાની જુબાની હું જાતે લેત તેને બદલે મારે જાતે જુબાની આપવી પડશે. મેં પોલીશ ચોકસી કરેલી છે તેથી ન્યાય ચુકવવાનો હક તો મેં ખોયો છે. પરંતુ મારી ખાતરીછે કે કામાંધદાસ મારો મિત્ર હોવાથી મારાથીજ ઇનસાફ લેવાનું કબુલ રાખશે. (પડદા પાછળથી કામાંધદાસને આવકાર આપ્યાના શબ્દો સંભળાય છે. દુર્ગા નેહતી વેરેલી ઉઠી ઉઘાડી બારી બંધ કરી લઈ. માજીસ્ટ્રેટ સાહેબ કોચ નીચે જઈ ઓઢીને સુઈ જાય છે.)

(કામાંધદાસ પ્રવેશ કરેછે)

કા૦—મર્યાદશીળ માનીની, મારી વારંવારની શીખામણે તારી લજ્યા ઉપર કાંઇ પણ અસર કરી લાગતી નથી. પરસ્પર સુરત નીરખીને, માન મર્યાદા તજીને રસ રંગની જેવી લેહેજત આવેછે તેવી, લજ્યા રાખવાથી ને અંધારામાં હરગીઝ આવતી નથી. માટે હે શરમાળ સ્ત્રી, બારી બારણાં ખુલ્લાં કરીદે. નહિતો મારે જાતે તસ્દી લેવી પડશે.

દુર્ગા૦—અરે કુસંગી કપુત! પ્રીયા કેહેતાં તને વાળા કેમ નથી નીકળતા? તારાં અઘોર પાપનો ઘડો છલકાઈ જાયછે. હવે જબાન વશ રાખ.

કા૦—વળી કેમ ફટકયું, ભમીત અબળા. જાણુ કે ફરીથી મને બળાત્કાર વાપરવાની તું ફરજ પાડછ. યાદ કર ચોથા દિવસની વાત. મરજી શરણ થવા જ્યારે તેં ના પાડી ત્યારે તને નીચે ગીરાવી હું કેવો છાતી પર ચઢી બેઠો. તે સમયે તારે કેવાં કાલાંવાલાં કરવાં પડ્યાં. ઢોંગ કરીને તેં ચારદિવસની મેહેતલ માગી લીધી તે મેં કેવી ખુશીથી કબુલ રાખી. અને આ સઘળું તારી મરજી સાચવવાને. પણ તુંતો ત્યારી વધારે વધારે હઠીલી થતી જાછ.

દુ૦—જબાનમાં ખીલો ઠોક, ચંડાળ.

કા૦—હવે ત્યારે બીજા કશાથી તું માનનાર નથી. (ઉઠીને બેઠવા જાયછે)

દુર્ગા૦—દુરરહેજે, કામાંધ, શ્વાન, નહિતો તારૂં આવી બન્યું જાણજે.
(કામાંધ નહિ માનતા આવી બાવભીડવાનું કરેછે. દુર્ગા લાત મારા મોટેથી પોકારેછે)
સહાયકારીઓ! મારી સહાય કરજો. દુષ્ટ મારી લાજ લુટવા પ્રયત્ન કરેછે.

(સીપાઇઓ નીચેથી આવી તથા ફોજદાર કોચ નીચેથી આવી કામાંધદાસને એકદમ પકડે છે. કામાંધદાસ ધ્રુજતો ધ્રુજતો તથા ડચકાં ખાતો વગર ફુજતે શરણ થાય છે.)

ફો૦—હવે ફરી હેરફેર નહિ. કામાંધ પોતેજ ગુન્હો કબુલ થયોછે.

કા૦—હું ક્યાં હનકાર કરૂંછું, મેહેરબાન; પણ મને કુમાર્ગે દોરનાર કુટણાદાસનું કાંઈ નહિ કરો.

ફ્રો૦—એની પણ ઘટતી વલે થશે.

કા૦—(માટેથી રોઈને)—હાય મારા બાપ. અંધીઆનાની શખતી મારાથી કેમ વેઠાશે. સત્યાનાશ જજો કુટણાદાસનું.

સી૦—એ વિચાર આ કાળું કરમ કરતાં પેહેલાં કરવાનો હતો.

ફ્રો૦—શાહાણી સુંદરી, હવે તારી શરમ લેવાની કોશીશ કરનાર મારા સ્વાધીનમાં છે. પ્રસનથા. અને આપણાં આવી પહોંચતાં લગ્નનો વિચાર લાવી તારા હર્ષના ઉભરાને પુરો વેગ આપ. પરંતુ પ્રથમ મારી એક શંકાને ટાળ. આ કામાંધદાસ મારા કરતાં વધારે દોલત ખાવીંદ, વધારે સુકુમાર, વધારે આગ્રહી અને વધારે વિલાસ ચતુરને બાજુપર છોડી, હે ભોળી ભામની, મને પરણવામાં તે શું સાર જોયો?

કુ૦—પ્રિય સ્વામીન, હું સદગુણનીજ ભૂખીછું. આપ સ્વજ્ઞાતીના, જ્ઞાન પ્રકાશીત, એક પત્નીવ્રત વાળા, અને અચળ પ્રેમીને મૂકીને કોણ હૈયાફુટી એ દોલત ખાવીંદ પરંતુ અન્ય જાતીના, સુકુમાર પરંતુ જ્ઞાનઅંધ, આગ્રહી પરંતુ અન્ય સ્ત્રી લુબ્ધ, વિલાસચતુર પરંતુ પ્રેમીને પસંદ કરે?

ફ્રો૦—ચાલો ત્યારે—

(સઘળાં જાયછે)

સમાપ્ત.

જે રાજ પુત્રોએ તથા સદ્‌ગૃસ્થોએ અગાઉથી આ પુસ્તક ખરીદ કરી મદદ આપીછે તેમના નામ નીચે પ્રગટ કરવા કરતાં ઉપકાર માનવાનો સરસ રસ્તો મને સુઝતો નથી.

૩૧ મે. સેઠ સાહેબ ફરદોનજી કુંવરજી.

૬ સ્વઉપયોગ માટે, ૨૫ મીત્રો તરફથી.

૨૫ રા. રા. મણીભાઈ જસભાઈ.

૧૦ લીંબડીના મેહેરબાન ઠાકોરસાહેબ.

૬ રા. જાદવજી મોરારજી.

૫ રા. માણેકલાલ લાધાભાઈ.

૫ રા. હરખજી મહાવજી.

૪ રા. લક્ષ્મીશંકર ગીરધરલાલ.

૪ રા. ઉમયાશંકર ખુશાલ રાય.

૩ રા. પારેખ બાપુભાઈ વિ. માધવજી.

૩ રા. પ્રભાશંકર મહોનજી.

૨ રા. પોપટ વેલજી.

૨ ડાક્ટર લાલજી કલ્યાણજી.

૨ રા. બળવંતરાવ આણંદરાવ.

૨ રા. સારાભાઈ અવલરામ.

૨ રા. સદાશંકર ગોપાળજી.

૨ રા. ગીરજાશંકર મોરારજી.

૨ રા. ભગવાનજી શંકર.

૨ રા. બેહેચરદાસ કુબેરદાસ.

૧ રા. મહાદેવ દેવચંદ.

૧ રા. મોતીચંદ ઓધવજી.

૧ રા. હરીશ્ચંદ્ર શામરાવ.

૧ રા. બાપુરાવ બાબાજી.

૧ રા. નરસીદાસ અમરશી.

૧ રા. ડોન્ડુપંથ મોરેશ્વર.

૧ રા. ખીમચંદ રવજી બેલાની.

૧ રા. નીમચંદ પુરૂષોતમ.

૧ રા. માણેકચંદ ડાહ્યા.

૧ રા. સાકરલાલ અમૃતલાલ.

૧ રા. દુલેરાય હરીપ્રસાદ.

૧ રા. માનશંકર પીતાંબરદાસ.

૧ રા. પ્રતાપરાય વજેશંકર.

૧ રા. પ્રભાશંકર વેણીશંકર.

૧ રા. ચતુર્ભુજ રેવાશંકર.

૧ રા. ઠાકોરલાલ મોહનલાલ.

૧ રા. ભગવાનલાલ ઉત્તમદાસ.

૧ રા. માનશંકર વેણીશંકર(દેસાઇ)

૧ રા. શંકરપ્રસાદ હરીપ્રસાદ.

૧ રા. પ્રભાશંકર વિજયશંકર.

૧ રા. લલુભાઈ સામળદાસ.

૧ રા. વાલજી લક્ષ્મીરામ.

૧ રા. ગોવિંદરાઓ બળવંતરાઓ.

૧ રા. ભગવતરાય માધવરાય.

૧ રા. ચતુર્ભુજ ગૌરીશંકર.

૧ રા. જેલર લાલગીની ઓસમાન.

૧ રા. સાકળચંદ દેવકરણ.

૧ રા. માણેકચંદ તુળશી.

૧ રા. વજેશંકર પ્રભાશંકર.

૧ રા. શંકર નાનજી.

૧ રા. શિવકરામ વિશ્વનાથ.

૧ રા. સુંદરજી હીરજી ભટ.

૧ રા. જીવણલાલ.
૧ રા. કાશીનાથ શંકર.
૧ રા. શામજી જેઠાભાઈ.
૧ રા. લીલાધર મહાવજી.
૧ રા. ગૌરીશંકર હરીભાઈ.
૧ રા. પુરૂષોતમ ગૌરીશંકર.
૧ રા. ઓધવજી પુરૂષોતમ.
૧ રા. માધવરાય (કુંડળા)
૧ રા. છગન નથુરામ.
૧ રા. કસ્તુર માણેકચંદ.
૧ રા. મગનલાલ છગનલાલ.
૧ રા. વીઠલદાસ ઝીણાભાઈ.
૧ રા. મુળજી દેવશંકર.
૧ રા. ગંગારામ લાલજી.
૧ રા. કલ્યાણજી મુળજી.
૧ રા. કકલ કીકા.
૧ રા. ભગવાન શામજી.
૧ રા મોહનલાલ દયાળજી.
૧ રા. ગીરજ્યાશંકર દયારામ.
૧ પરી. પ્રેમચંદ ઝવેર.
૧ ભાઈ છગન જેચંદ.
૧ ભાઈ મહાનજી દેવશંકર.
૧ ભાઈ જીવણ ત્રીકમ.
૧ સૈયદ બડા મીયાં.
૧ હમીરજી જીજીભાઈ.
૧ સા. જીવરાજ નારણ.
૧ રા. કેશવજી ભાઇશંકર.
૧ શેઠ નરોતમ ઓધા.
૧ ગીરધર ધનજી.
૧ મે. પીરા ખાનું.
૧ પ. ગગજી સેલાજી.

૧ રા. નર્મદાશંકર પ્રભુરામ.
૧ રા. ગીરધરલાલ ફુલભરામ.
૧ રા. મોતીલાલ જેશંકર.
૧ રા. કેશવજી દયારામ.
૧ ભગવાનજી જીવાપારેખ.
૧ શેઠ મેહેચર રાઘવજી.
૧ મેહેતા જગજીવન હેમરાજ.
૧ મેહેતા હરગોવિંદ કરશન.
૧ ગાંધી ગીરધર પુંજા.
૧ શા. ધારશી કલ્યાણ.
૧ રાજગરધુના લાધા.
૧ ગાંધી શામજી કેશવજી.
૧ ટપાલજમાદાર લક્ષ્મનદા. બીહારીદા.
૧ રા. પુરૂષોતમ માધવજી.
૧ નીલકંઠ હરીરામ.
૧ ભટ્ટ હરીશંકર માધવજી.
૧ શેઠ જેચંદ જેપાળ.
૧ શેઠ ચતુર્ભુજ કલ્યાણજી.
૧ રા. જીવરાજ કુબેર.
૧ જોશી જેઠા ઝીણા.
૧ ભાઈ ગીરજ્યાશંકર. વહાલજી.
૧ મેહેતા ગોપાળજી ગોવિંદજી.
૧ મીયાં આલમ મલેકમનુ.
૧ જાની વીઠલ લીલાધર.
૧ સા. લક્ષ્મીચંદ કાળા.
૧ રા. દીનાનાથ ત્રીભોવન.
૧ રા. આણંદજી જાગેશ્વર.
૧ પ્રેમજી મુળજી.
૧ સા. દેવચંદ મેહેચર.
૧ સુવાણ મેઘજી કાનજી.